
# ખ્રિસ્તી કુટુંબ



બ્રાઉન

World Christian Books No. 29
Second Series

9BGK2

# THE CHRISTIAN FAMILY

Leslie and Winifred Brown

Gujarati edition translated and printed by permission of
WORLD CHRISTIAN BOOKS

GUJARATI CHRIST'AN FELLOWSHIP
OF ... A
425 CE... AVE.
CHEL.ENHAM, PA 19012-2103

Published by the Rev. S. D. Parmar
for the Literature Committee of the
Gujarat Christian Service Society,
I. P. Mission Compound, Ellis Bridge, Ahmedabad-6.

1973

वर्ल्ड क्रिश्चियन बुक्स नं. २९

सेकन्ड सीरीझ

# ख्रिस्ती कुटुंब

लेस्ली ब्राउन अने
विनिफ्रेड ब्राउन

अनुवादक 'अनामी'

*

ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટીની સાહિત્ય સમિતિ વતી
પ્રસિદ્ધ કરનાર રેવ. એસ. ડી. પરમાર, આઈ. પી. મિશન,
એલીસબ્રીજ, અમદાવાદ-૬.

આવૃત્તિ ૧ લી]  પ્રત ૨૦૦૦  [૧૯૭૩

કિંમત એક રૂપિયો

મુદ્રક : સરસ્વતી એન. સતવારા, શ્રી કોર્પોરેશન,
જમાલપુર, અમદાવાદ.

# પ્રકાશકની નોંધ

પુસ્તકના અનુવાદક "અનામી" છે તેમ છતાં જે વ્યક્તિએ આ કાર્યમાં સેવા આપી છે તેની નોંધ લેવામાં આવે એ યોગ્ય જ છે. સદરહુ પુસ્તકનો અનુવાદ કરનાર વડિલ શ્રી. પી. સી. પેટ્રિક છે. તા. ૧૫–૮–૧૯૭૦ને રોજ તેમણે અનુવાદ પૂરો કર્યો હતો જેની નોંધ પુસ્તકને અંતે તેમણે કરી છે. પૃથ્વી પરની આ તેમની છેલ્લી સેવા હતી કારણ કે તા. ૧૬–૮–૧૯૭૦ને રોજ તેઓ પ્રભુમાં ઊંઘી ગયા. તેમને સોંપાયેલી સેવા પૂરી કરવા તેઓ હંમેશા તત્પર રહેતા હતા અને તેમના આ સેવાકૃત્યની હું કદર કરૂં છું.

અમારી આશા અને પ્રાર્થના છે કે આ પુસ્તક ઘણાં ખ્રિસ્તી કુટુંબોને આશીર્વાદરૂપ નીવડશે.

S. D. P.

# ખ્રિસ્તી કુટુંબ

*

# અનુક્રમણિકા

પૃષ્ઠ

પ્રકાશકની નોંધ

પ્રકરણ :

૧. ખ્રિસ્તી પરિવાર એટલે શું? ... ... ૧

૨. લગ્ન ... ... ૧૬

૩. માબાપ અને બાળકો : આરંભનાં ... ... ૩૪

૪. શાળાવસ્થા અને તરુણાવસ્થા ... ... ૪૮

૫. સંવનન અને લગ્ન ... ... ૬૬

૬. ખ્રિસ્તી ઘર ... ... ૭૬

૭. વિસ્તીર્ણ કુટુંબની દિશામાં ... ... ૮૫

## પ્રકરણ ૧

# ખ્રિસ્તી પરિવાર એટલે શું ?

પિતા, માતા અને તેમનાં બાળકો, જેઓ એક જ રહેઠાણમાં સહજીવન જીવે છે, તેઓનું કુટુંબ–પરિવાર બને છે એવી માન્યતા, સામાન્ય રીતે, પશ્ચિમના દેશોમાં પ્રવર્તે છે. અલબત્ત, એમાં અન્ય લોકોનો પણ સમાવેશ થાય છે—જેવાં કે, દાદા–દાદી, કાકા-કાકી, પિતરાઈ ભાઈબહેનો વગેરે. પણ આ અન્ય વ્યક્તિઓની ગણતરી તો 'સગાંઓ'માં થાય છે, અને કુટુંબીજનોમાં તેમને ગણવામાં આવતાં નથી. સર્વ સમયે નિકટવર્તી જીવન જીવતા સમૂહમાં તેઓ સમાવિષ્ટ થતાં નથી.

"કુટુંબ" શબ્દની વ્યાખ્યા વિષે વિશ્વમાં વસતા ખ્રિસ્તી લોકોમાં પણ ભિન્નતા પ્રવર્તે છે.

દાખલા તરીકે, પશ્ચિમના દેશોમાં, વર્તમાન સમયે, જેટલા લોકો સહજીવન જીવે છે તેના કરતાં ભારતમાં અને આફ્રિકામાં ઘણી મોટી સંખ્યામાં લોકો સહજીવન જીવે છે. જેમની ગણના ઇંગ્લેન્ડમાં પિતરાઈ ભાઈ બહેનોમાં થાય છે તેમને ભારતમાં અને આફ્રિકામાં ભાઈબહેનો ગણવામાં આવે છે, એટલું જ નહિ પણ તેઓ પરસપર એ જ રીતે વર્તન કરે છે. ભારતમાં અને આફ્રિકામાં એક માણસને

શિરે તેનાં પોતાનાં જ બાળકોનું ભરણપોષણ કરવાની જવાબદારી છે એમ નથી, પણ તેની ત્રીજી ચોથી પેઢીનાં પિતરાઈઓના લાલન-પાલનની જવાબદારી પણ તેના જ શિરે રહેલી હોય છે.

આધુનિક અંગ્રેજી ભાષાના શબ્દ 'Family' (કુટુંબ-પરિવાર)નો અર્થ ઘટાવતો કોઈ શબ્દ આફ્રિકન પ્રદેશોની ભાષાઓમાં ઓછામાં ઓછી એકાદ તળપદી બોલીમાં તો નથી જ. કુળ કે જાતિ એ એક વિશાળ કૌટુંબિક એકમ છે. કુળની કોઇ પણ વ્યક્તિ, કુળની અન્ય કોઈ પણ વ્યક્તિ પાસે સેવાની માગણી કરી શકે છે. જો કોઈ પુરુષનો પિતા કે તેની માતા મૃત્યુ પામે તો કુળની અન્ય વ્યક્તિ તુરત જ પેલા પુરુષનો કાયદેસરનો પિતા કે માતા બને છે. જાતિ કે કુળની પ્રત્યેક વ્યક્તિના કલ્યાણ માટે સમગ્ર જાતિ કે કુળ જવાબદાર ગણાય છે.

પશ્ચિમના દેશોમાં પ્રવર્તતો કુટુંબનો નમૂનો તાજેતરમાં જ જોતાં અસ્તિત્વમાં આવ્યો છે. 'Family' (કુટુંબ) શબ્દની વ્યુત્પત્તિ તેનો મૂળ અર્થ 'સમગ્ર પરિવાર' એવો થાય છે: જેમાં નોકરો અને ઘણું કરીને મહેમાનનો પણ સમાવેશ થાય છે. સત્તરમી સદીના મધ્યકાળ સુધી ઉપરોક્ત અર્થમાં જ આ શબ્દ ઇંગ્લેન્ડમાં પ્રચલિત હતો.

'Family' (કુટુંબ) એ શબ્દ માત્ર એક જ વખત અંગ્રેજી નવા કરારમાં વપરાયો છે: "બાપ, જેના નામ પરથી આકાશમાંના તથા પૃથ્વી પરના દરેક કુટુંબને (Family) નામ આપવામાં આવે છે" (એફેસી. ૩ : ૧૪-૧૫). એક જ સામાન્ય પૂર્વજથી ઊતરી આવેલા સર્વને માટે, એટલે કે જાતિના અર્થમાં, આ શબ્દ અહીં વાપરવામાં આવ્યો છે એ સ્પષ્ટ છે. કેટલાક વિદ્વાનો એવું માને છે કે, આ શબ્દ તેના વધુ વિશાળ અર્થમાં, એટલે કે, "દેશજાતિઓ"ના અર્થમાં વાપરવામાં આવ્યો છે.

આપણે, આ પુસ્તિકામાં, કયા કૌટુંબિક નમૂનાની ચર્ચા-વિચારણા કરીશું ? શું આપણે અહીં એમ કહીશું કે અંગ્રેજી કૌટુંબિક રચના એ જ ખરી છે અને તેને લગતી જ વિચારણા કરીશું, કે હિંદી કે આફ્રિકન કૌટુંબિક રચના વિષે પણ વિચારીશું ? સારી યોજના તો કદાચ એ છે કે, આ પ્રશ્નનો ઉકેલ આપણે એક તદ્દન જુદી રીતે જ કરીએ, એવો પ્રશ્ન ઉપસ્થિત કરીને કે, કૌટુંબિક સગાઈ—સગપણ સંબંધી નવો કરાર શું કહે છે ?

આપણને એવું માલૂમ પડે છે કે, પીતરને અને પાઊલને આ વિષે ઘણું કહેવાનું છે. આ વિષે સૌથી અગત્યનું લખાણ એફેસીઓને પાઊલ પ્રેરિતે લખેલા પત્રના પાંચમા અને છઠ્ઠા અધ્યાયોમાં આપણને મળી આવે છે. આપણે આડે અવળે માર્ગે ચઢી ન જઈએ માટે આ ફકરાને ધ્યાનપૂર્વક વાંચવાની જરૂર છે. આપણે સામાન્યતઃ આ રીતે કહીશું : "પતિ અને પત્ની વચ્ચેના સગપણ વિષે આપણે સારી રીતે સમજીએ છીએ; અને તેના પ્રકાશમાં ખ્રિસ્ત અને તેની મંડળી વચ્ચેના સંબંધ વિષે જુદી જુદી બાબતોનું આપણે અનુમાન કરી શકીએ છીએ". પણ પાઊલનું કથન તેથી તદ્દન ઊલટું છે, તે કહે છે: "ખ્રિસ્ત અને મંડળી વચ્ચે કેવો સંબંધ છે તે આપણે જાણીએ છીએ; અને તે ઉપરથી પતિ અને પત્ની વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ તે વિષે આપણે શીખી શકીએ છીએ. દાખલા તરીકે તે એમ જણાવે છે કે જેવી રીતે પતિ એ પત્નીનું શિર છે તેવી જ રીતે ખ્રિસ્ત એ મંડળીનું શિર છે. પરંતુ જ્યારે તે એમ કહે છે કે, ખ્રિસ્ત એ મંડળીનું શિર છે ત્યારે તે શું કહેવા ઇચ્છે છે ? શું તેનો માત્ર એવો અર્થ થાય છે કે તે તેના પર રાજ્ય કરે છે, અથવા મંડળી પર તે સત્તા કે અધિકાર ચલાવે છે ? એવો અર્થ થતો નથી. ખ્રિસ્ત મંડળીનો શિરપતિ છે એટલે તેના માટે તે પોતાનું રોજ રોજ સ્વાર્પણ કરે છે, અને પોતાના અવિચળ પ્રેમ વડે તેની સારસંભાળ

રાખે છે એવો તેનો અર્થ થાય છે. સંત પાઊલ કહે છે કે જો તમે આ વાતોનો વિચાર કરો તો તમને મારું કથન સમજાશે કે પ્રત્યેક પતિએ પોતાની પત્ની પર પ્રીતિ રાખવી જોઈએ."

પાઊલે આ સિદ્ધાંત શોધી કાઢ્યો હતો. ઉત્પત્તિ ૨:૨૪માંનું વિધાન ટાંકતાં પ્રભુ ઈસુએ જે કહ્યું છે તેના અનુસંધાનમાં તે આ પ્રમાણે કહે છે :

> "પણ ઉત્પત્તિના આરંભથી દેવે તેઓને એક પુરુષ તથા એક સ્ત્રી બનાવ્યાં. એ કારણથી માણસ પોતાનાં મા-બાપને મૂકીને પોતાની વહુને વળગી રહેશે; અને તેઓ બન્ને એક દેહ થશે; એ માટે તેઓ ત્યાર પછી બે નથી, પણ એક દેહ છે; તો દેવે જેને જોડયું છે તેને માણસે જુદું ન પાડવું."
> (માર્ક ૧૦: ૬--૯)

તો ચાલો, આપણે સૃષ્ટિના આરંભકાળ સુધી પાછા જઈએ અને પૂછીએ, કે માનવ જાતને પરમેશ્વરે ઉત્પન્ન કરી ત્યારે તેના મનમાં શું હતું? સામાન્ય રીતે આપણે પૃથક પૃથક વ્યક્તિઓ વિષે વિચાર કરીએ છીએ અને કહીએ છીએ કે આ રહ્યો એક પુરુષ અને આ રહી એક સ્ત્રી. પરંતુ એ ચિત્ર બાઇબલ મુજબ આલેખાયેલું નથી. અહીં તો માનવ એકમમાં પુરુષ અને સ્ત્રી સાથે સાથે છે. તેઓ એક બીજાને માટે ઉત્પન્ન કરાયેલાં છે, એ માટે કે, તેઓ દેહમાં એક થાય, અને આત્મામાં પણ એક બને. અને તેમ બને ત્યારે જ આપણે માનવી સ્વભાવની સંપૂર્ણતા નિહાળી શકીએ છીએ. સંત પાઊલના કહેવા મુજબ આવી સંપૂર્ણતા આપણે કોઈ પણ દંપતિમાં જોઈ શકતા નથી. સંપૂર્ણ નમૂના માટે આપણે બીજે સ્થળે દૃષ્ટિપાત કરવો રહ્યો—વસ્તુત: ખ્રિસ્ત અને મંડળી તરફ આપણે મીટ માંડવી જોઇએ. ખ્રિસ્તે, અંત સુધી, પોતાને મંડળી સારૂ અર્પી દીધો; પોતાનું સંપૂર્ણ સ્વાર્પણ કર્યું; મંડળી વાસ્તે તે પૂરી રીતે અર્પાઈ જાય છે.

આ છે પતિનું પત્ની પ્રત્યેનું કર્તવ્ય. પરંતુ ખ્રિસ્તના સ્વાર્પિત પ્રેમના પ્રત્યુત્તરરૂપે મંડળીએ પોતાનો વિનયી પ્રેમ દર્શાવતાં તેની આનંદદાયક સેવામાં પોતાને પૂરી રીતે અર્પી દેવી જોઈએ.

પણ, જેમ આપણે અગાઉ જોઈ ગયા તેમ, પ્રાચીન સમયમાં બાળકો અને નોકરોનો, તેમ જ પતિ અને પત્નીનો કુટુંબમાં સમાવેશ થતો હતો; તેથી ખ્રિસ્તી કુટુંબની ઉપરોક્ત વ્યક્તિઓ માટે પણ પાઊલને એકાદ બે શબ્દો કહેવાના છે. પાઊલના જમાનામાં પિતાને પોતાનાં સંતાનો ઉપર લગભગ અમર્યાદિત અધિકાર હતો; અને સંતાનોનું પિતા પ્રત્યેનું આજ્ઞાંકિતપણું મોટા ભાગે એ અધિકારના ભય પર આધારિત હતું. પણ હવે એ આજ્ઞાંકિતપણું 'પ્રભુમાં' છે– પ્રભુના નામે જે અધિકાર મૃદુતાથી અને ડહાપણપૂર્વક ચલાવવામાં આવે છે તે અધિકારના પાયા પર રહેલું છે. બાળકોનું આજ્ઞાંકિતપણું એ તેમની રાજીખુશીનો પ્રત્યુત્તર છે. સેવા કરવી એ દાસોનો ધર્મ છે, પણ એથી જ તેઓએ સેવાકાર્ય કરવું એમ નથી, પણ જેણે આપણે સારૂ દાસનું સ્વરૂપ ધારણ કર્યું તેને; એટલે પ્રભુને ખાતર તેઓએ સેવા કરવાની છે. માલિકોને એ યાદ રાખવું ઘટે કે ખ્રિસ્તી કુટુંબમાં દાસો એ કેવળ દાસો જ નથી, પણ તેઓ તો ખ્રિસ્તમાં વહાલા ભાઈઓ છે.

ખ્રિસ્તી કૌટુંબિક નમૂનાનું મૂળ સ્વરૂપ આ રહ્યું : પણ 'ખ્રિસ્તી કુટુંબ' એ શબ્દોમાં સમાયેલી તમામ સમજ ઉપરોક્ત શબ્દો આવરી લે છે એવો એનો અર્થ થતો નથી, કારણ કે આદર્શ અર્થમાં તો જગતભરની સમગ્ર ખ્રિસ્તી મંડળી એ એક ખ્રિસ્તી કુટુંબ છે. ખ્રિસ્તી માણસે, પ્રત્યેક સ્થળના તમામ ખ્રિસ્તીઓ પ્રત્યે પોતાની જવાબદારી અદા કરવાની છે, કારણ કે, તેઓ સર્વે એક જ કુટુંબના સભ્યો છે.

પ્રત્યેક કુટુંબ, જે અર્થમાં આપણે એ સંજ્ઞા વાપરીએ છીએ તે પ્રમાણે, પછી ગમે તો તે ખ્રિસ્તી કુટુંબ હોય કે બિનખ્રિસ્તી કુટુંબ હોય, એક પુરુષ અને એક સ્ત્રીના લગ્નથી શરૂ થાય છે. આ પુરુષ અને આ સ્ત્રી પોતાનાં લગ્ન વિષે જે વિચારસરણી ધરાવે છે તેના જ ઉપર મહદ્ અંશે, તેમના કૌટુંબિક જીવનનું સામાન્ય ચારિત્ર, સ્પષ્ટ રીતે, નિર્ધારિત બનશે.

ઉત્પત્તિના પુસ્તકમાં, અને આપણા પ્રભુએ માન્ય કરેલો કૌટુંબિક નમૂનો આ છે: "એ માટે પુરુષ પોતાનાં માબાપને મૂકીને પોતાની સ્ત્રી સાથે જોડાઈ રહેશે, અને તેઓ એક દેહ થશે." આ શબ્દો પ્રાચીન સમયમાં બોલવામાં આવેલા હતા. અહીં એવી ધારણા–આશા રાખવામાં આવતી હતી કે પત્નીએ પોતાનું કુટુંબ છોડવું જોઈએ, અને પોતાના પતિના કુટુંબમાં ભળી જવું જોઈએ, જ્યારે પતિ પોતાના ઘેર જ રહેતો, અને તેના સંબંધો તેના કુટુંબ સાથે બિન-વિક્ષેપ રહેતા. આપણા પ્રભુના કહેવા મુજબ સૌથી અગત્યની બાબત તો એ છે કે કુટુંબો, કુળ કે જાતિ સાથે ઉભયના સંબંધ કરતાં પતિનો પત્ની સાથે અને પત્નીનો પતિ સાથેનો સંબંધ વિશેષ છે.

ખ્રિસ્તી વિચારો અને પ્રાચીન સામાજિક વિચારો વચ્ચે ઘર્ષણનો મુદ્દો આપણે અહીં જોઈ શકીએ છીએ. પોતાની જાતિ કે કુળ સાથેનો પોતાનો સંબંધ, એટલે કે બાપના કુટુંબ સાથેનો પોતનો સંબંધ, આફ્રિકાના ઘણા પ્રદેશોમાં માનવ જીવનનું સૌથી વધુ બળવાન બંધન છે. તેવી જ રીતે, કેટલાક વિસ્તારોમાં, એક સ્ત્રી પોતાની જાતિ કે કુળ સાથે એવી રીતે બંધાયેલી છે કે તે કદી પણ તેના પતિની જાતિની કે કુળની સભ્ય બની શકતી નથી, અને એક દૃષ્ટિએ તો તેના પતિના ઘરમાં તે હંમેશ માટે એક માત્ર મુલાકાતી જ છે. આ બંધન તો લગ્ન–બંધન કરતાં પણ વિશેષ બળવાન છે. આફ્રિકન લોકોને, ખ્રિસ્તી આફ્રિકન લોકોને પણ, એમ લાગે છે કે સગપણની આ પ્રાચીન

પદ્ધતિમાં અનેકવિધ લાભો રહેલા છે. આ પદ્ધતિ અનુસાર ટોળી કે જાતિના પ્રત્યેક સભ્યને શિરે તેના વિશાળ કુટુંબની જવાબદારીઓ રહેતી અને પોતાની મદદ અને ટેકા માટે તે પોતાના વિશાળ કુટુંબ ઉપર આધાર રાખી શકતો.

પ્રાચીન વિશાળ કુટુંબની ભાવનાનો વિદ્ધંસ કરી, માત્ર પતિ અને પત્નીનું બનેલું, એક નાનું મર્યાદિત કુટુંબ બનાવવા અર્વાચીન વિશ્વમાંની પ્રત્યેક ચીજ વલણ રાખે છે. જે નવાં નવાં શહેરો વિશ્વ-ભરમાં હસ્તીમાં આવતાં જાય છે તેમાં વસતા લોકો પૌરાણિક રીત-રિવાજો સાથે કોઈ નિસ્બત રાખતા નથી, કારણ કે તેઓમાંના ઘણા લોકો પૌરાણિક રીતરિવાજો અને પ્રાચીન વફાદારીઓથી મુક્ત બનેલા હોય છે. આવાં આધુનિક શહેરોમાં વસતા પડોશીઓ એક બીજાનાં નામ સુદ્ધાં જાણતા હોતા નથી. આવા લોકો પોતાના ઘરમાં જ વસતા નાના જૂથ પ્રત્યે જ પ્રેમ અને વફાદારી મર્યાદિત બનાવે છે, અન્ય કોઈ પ્રત્યેની જવાબદારીઓ વિષે તેઓ નિષ્ક્રિય રહે છે.

ભૂતકાળનો આફ્રિકન સમાજ અનેક પત્નીવ્રત પર રચાયેલો હતો. એક પતિ અનેક પત્નીઓ રાખતો, અને આ પત્નીઓનાં બાળકો સાથે સાથે જ ઉછરતાં. અનેક પત્નીવ્રતને બદલે એક પત્નીવ્રત હાલમાં સર્વત્ર ફેલાતું જાય છે. પૌરાણિક અનેક પત્નીવ્રત સમાજમાં વસનાર તમામ વ્યક્તિઓમાં એકબીજા પ્રત્યે, વફાદારીની સમજ રહેલી હતી. જૂના સમાજની જગાએ અસ્તિત્વમાં આવતાં નાનાં કુટુંબોનો બનેલો નવો સમાજ ખૂબ સ્વાર્થી બની શકે; અને એ રીતે "ખ્રિસ્તના મનથી" દૂર પણ જઈ શકે. એક પત્નીવ્રતવાળા લગ્નને જ ખ્રિસ્તી લગ્ન કહી શકાય, પણ એક પત્નીવ્રત પાળવાથી જ કુટુંબ ખ્રિસ્તી કુટુંબ બની જતું નથી. અહીં આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, એવાં ક્યાં ચિહ્નો છે જે એક ખ્રિસ્તી કુટુંબને અન્ય બિનખ્રિસ્તી કુટુંબોથી નોખું પાડે છે?

જે કુટુંબમાં માતાપિતા ઈસુખ્રિસ્તમાં પ્રગટ થયેલા પરમેશ્વરને માને છે, અને કુટુંબની તમામ વ્યક્તિઓને ખ્રિસ્તના રાજ્યની આણ તળે લાવવા હેતુપૂર્વક પ્રયત્ન કરે છે તેવા કુટુંબને આપણે ખ્રિસ્તી કુટુંબ કહીએ છીએ. કોઈ કુટુંબે આ કાર્યમાં સંપૂર્ણ ફતેહ કદીયે મેળવી નથી. એક કુટુંબને ખ્રિસ્તી કુટુંબ કહેવાથી આપણે તેની પ્રશંસા કરતા નથી, પણ તેમ કરવાથી તેને માર્ગદર્શન અને ટેકો આપનાર અને લક્ષ્ય હાંસલ કરવા તેને પ્રયત્નશીલ રાખનાર શ્રદ્ધાનું જ આપણે વર્ણન કરીએ છીએ.

એફેસીઓને લખેલા પત્રના પાંચમા અધ્યાયમાં પાઊલ જણાવે છે તેવું પતિ–પત્ની વચ્ચેનું સગપણ, વિશ્વાસયુક્ત જીવનની બહાર હસ્તી ધરાવે એવી કોઈ શક્યતા નથી. આવું જીવન ત્યારે જ શક્ય બને છે જ્યારે પતિ અને પત્ની એકબીજાનાં બને છે, કારણ કે તેઓ બંને ખ્રિસ્તનાં હોય છે. સમગ્ર માનવજાતને માટે પરમેશ્વરે ઠરાવેલા નિયમ મુજબ પતિ અને પત્ની એક બીજા સાથે એક વિશિષ્ટ પ્રકારના સંબંધમાં છે. વધુમાં, તેઓ બન્ને પરસપર ઊંડી શ્રદ્ધા અને સમજ ધરાવે છે જે તેના શિષ્યો માટે ખ્રિસ્તનાં કૃપાદાનો છે. ખ્રિસ્તમાં તેમની એકતા તેમના નૈસર્ગિક સ્નેહને બળવાન બનાવે છે અને એક બીજા પ્રત્યેની પરાવલંબનને ઊંડું બનાવે છે.

ખ્રિસ્તી કુટુંબનું બીજું લક્ષણ એ છે કે, કુટુંબના સભ્યો એક બીજાને ક્ષમા આપે છે, કારણ કે તેઓ જાણે છે કે, તેમને પોતાને પણ ક્ષમા પ્રાપ્ત થયેલી છે. ખ્રિસ્તી કુટુંબ જ એક એવું સ્થળ છે—અન્ય કોઈ પણ સ્થળ કે જગા કરતાં—જ્યાં સૌ કોઈનો અંગિકાર થાય છે, પછી તેઓ ગમે તેવા હોય તોપણ તેઓ પર પ્રીતિ રાખવામાં આવે છે, અને તેમની ક્ષતીઓ માફ કરવામાં આવે છે. કુટુંબમાં સૌ કોઈ આપણને સારી રીતે ઓળખે છે, તેથી આપણે છીએ તેથી કાંઈક જુદા પ્રકારના છીએ એવો ઢોંગ આચરવાની જરૂર નથી. જો એક

કુટુંબ સાચે જ ખ્રિસ્તી કુટુંબ હશે તો તેમાં સ્વીકારાઈ જવા માટે આપણે કોઈ શ્રમ ઉઠાવવાનો રહેતો નથી, કુટુંબમાં આપણો સ્વીકાર થઈ જાય છે; અને વાતનો આરંભ અને અંત તે જ સમયે આવી જાય છે. અલબત્ત, આપણા ચારિત્રની અલ્પ–ખુશકારક બાજુ વિષે કુટુંબની પ્રત્યેક વ્યક્તિ વાકેફ તો હોય છે. આવી બાબતો માબાપને ઉદાસ બનાવે, અથવા તેમને ગુસ્સે પણ કરે. કોઈક વખત તેઓ અધીર બને, પણ તેઓ જાણે છે કે, તેમનાં બાળકો એ પરમેશ્વરનાં કૃપાદાન છે, અને તેથી તેઓ તેમના ઉપર પ્રેમ રાખવાનું જારી રાખે છે.

ખ્રિસ્તી માબાપોએ આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે, પ્રત્યેક બાળક માટે પરમેશ્વર પાસે યોજના છે, અને તેથી પોતાની વિચાર–સરણી મુજબ પોતાનાં બાળકોનો વિકાસ કરવા તેઓએ કદી પણ પ્રયત્ન કરવો જોઇએ નહિ. ખ્રિસ્તી કુટુંબમાં આથી નિકટવર્તી સંગત અને વફાદારી પ્રવર્તશે એટલું જ નહિ, પણ દરેક વ્યક્તિને મર્યાદિત સ્વાતંત્ર્ય પ્રાપ્ત થશે. જ્યારે આપણે ઈસુ ખ્રિસ્તમાં પરમેશ્વરની પ્રીતિ અને ક્ષમા સ્વીકારીએ છીએ ત્યારે ઉપરોકત વૃત્તિમાં આપણને તુરત જ પ્રાપ્ત થાય છે. આપણી પ્રત્યેના પરમેશ્વરના વલણનું પ્રતિબિંબ, આપણી મારફતે, તે લોકો ઉપર પડે છે જેમની સાથે આપણે કાયમી સંસર્ગમાં આવવાનું હોય છે.

આપણા અનુભવમાંનાં કેટલાંક દૃષ્ટાંતો ઉપરોકત મુદ્દાઓનું સ્પષ્ટીકરણ કરશે.

હિંદી ખ્રિસ્તી મહિલાઓના એક સમૂહને આ પ્રશ્ન એક વખત પૂછવામાં આવ્યો : ખ્રિસ્તની હાજરીથી ઘરમાં કેવો તફાવત, ફેર, પડે છે? તુરત જ જવાબ મળ્યો : તે શાંતિ લાવે છે. આવો જ જવાબ એક આફ્રિકન ગ્રામ્ય મંડળીમાંથી પણ મળ્યો. આફ્રિકામાં વસતા ખ્રિસ્તીઓ જાણે છે કે, આ શાંતિ માત્ર ક્ષમા

આપવાથી જ પ્રાપ્ત થાય છે. જો આપણને ખાતરી થઈ છે કે, પરમેશ્વરે આપણને ખ્રિસ્ત ઈસુમાં ક્ષમા આપી છે તો આપણે પણ અન્ય પ્રત્યેના અણગમાને તિલાંજલિ આપવાનું શીખીએ છીએ, અને અન્યોઅન્ય ક્ષમા આપીએ છીએ—તેમ કર્યા પછી જ શાંતિ દિલમાં પ્રવેશે છે.

ખ્રિસ્તી આત્મા, ઘણી વાર, પોતાનું દર્શન આપણને બાહ્ય અને ભૌતિક પદાર્થોમાં પણ કરાવે છે. એક મિશનેરી, હિંદમાં, ધર્મસેવકની દીક્ષાના ઉમેદવારોની પત્નીઓના એક સમૂહને શિક્ષણ આપતા હતા. આ સમૂહમાં એક એવી સ્ત્રી હતી જે મુશ્કેલીથી લખી, વાંચી શકતી હતી. આ સ્ત્રી વર્ગમાં હંમેશ મોડી આવતી. બાળકોની તંદુરસ્તી, તેમની માવજત અને તેમના ખોરાકને લગતા જરૂરી એવા આપવામાં આવતા શિક્ષણનો અમલ કરવા તે કદીયે પ્રયત્ન કરતી નહતી. તેનું ઘર ગંદું રહેતું. તે આળસુ હતી, અને અસ્વચ્છ રહેતી. એક દિવસે શાસ્ત્રાભ્યાસ દરમ્યાન, ઓચિંતી રીતે, વર્ગમાં અપાતા શિક્ષણનો હેતુ તેને સમજાયો. તે દિવસે વર્ગમાં પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ વિષે અભ્યાસ ચાલતો હતો. આ સમયે તેના ધ્યાનમાં આવ્યું કે તેના પોતાના જેવી એક ગ્રામીણ કન્યાને, મરિયમને, ઈશ્વરપુત્રના ઉછેરનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. તેનાં પોતાનાં બાળકો પરમેશ્વરનાં બાળકો તરીકે ઉછરે એવી પરમેશ્વરની ઈચ્છા હતી તેનું તેને ભાન થયું. ત્યાર બાદ અલ્પ સમયમાં જ તેના ઘરનું વાતાવરણ બદલાઈ ગયું. પોતાના પતિ સાથે તે હવે વારંવાર ઝઘડો કરતી નહિ; તેનું ઘર સ્વચ્છ રાખવાને, અને તેનાં બાળકોને સુઘડ અને વ્યવસ્થિત રાખવાને તે પ્રયત્ન કરવા લાગી. વર્ગમાં જે શિક્ષણ આપવામાં આવતું તે ગંભીર સ્વીકારી લઈ તેને અમલી બનાવવા શક્ય હોય તેટલો પ્રયાસ કરવા તે તૈયાર બની.

યુગાન્ડાની એક પ્રાદેશિક વિદ્યાપીઠના શિક્ષકો અને વિદ્યાર્થીઓ એક વખત બહિમા લોકના—ઢોર ઉછેરનાર એક ભટકતી જાતિના—જીવનરાહ વિષે ઊંડો અભ્યાસ કરતા હતા. આ અભ્યાસીઓએ જ્યારે આ બહિમા લોકના એક વસવાટની મુલાકાત લીધી અને એક ઝૂંપડામાં દાખલ થયા ત્યારે ત્યાં તેમને હસતા ચહેરાવાળાં સ્ત્રીપુરુષોનો અને આનંદી બાળકોનો ભેટો થયો. આ ઝૂંપડામાંની પ્રત્યેક ચીજ તદ્દન સ્વચ્છ માલૂમ પડી, જ્યારે પડોશમાંના કેટલાક વસવાટો ગંદા અને ગમગીન જણાયા. ત્યાંના લોક આશા-હિન અને નિરાશ દેખાયા. આવા તફાવતથી અભ્યાસીઓને આશ્ચર્ય થયું, અને તફાવતનું કારણ શોધવા તેઓએ પ્રયત્ન કર્યો. જેવા જવાબની તેઓ અપેક્ષા રાખતા હતા તેઓ જવાબ તેઓને મળ્યો નહિ. ખ્રિસ્તી ધર્મ જાગૃતિની પ્રવૃતિ, જે કેટલાંક વર્ષોથી ઇસ્ટ-આફ્રિકામાં આગેકૂચ કરી રહી હતી, તે સ્વયંભૂરીતે બહિમા લોકમાં પ્રસરી હતી, અને જે કુટુંબની પ્રથમ મુલાકાત થઈ હતી તે, બિનખ્રિસ્તી પાડોશીઓ મધ્યે વસતું, ખ્રિસ્તી કુટુંબ હતું, આ તો એક મૂલ્યવાન સાક્ષી છે, કારણ કે આ સાક્ષી મિશનેરીઓ તરફથી આપવામાં આવેલી નથી, પણ જેઓએ ખ્રિસ્તનું કામ નજરો-નજર નિહાળ્યું છે—આ કામની શોધ કરવા તેઓ ગયા ન હતા—તેઓની આ કબૂલાતરૂપી સાક્ષી છે.

આ ઉદાહરણો એક અગત્યનો સિદ્ધાંત સ્પષ્ટ કરે છે. અલ્પ વિકસિત દેશોમાં સુવાર્તા, ઘણી વાર, મોટી આર્થિક ઉન્નતિ લાવે છે, પણ સામાન્ય રીતે આર્થિક ઉન્નતિ અગાઉ આત્મિક ઉન્નતિનું આગમન થાય છે. ખ્રિસ્તમાં પ્રાપ્ત થતા નવજીવન વિષે, અમુક હદ સુધીની, આત્મિક સભાનતા લોકને પ્રથમ થવી જોઇએ. ત્યાર બાદ લોકને માલૂમ પડે છે કે, આ નવજીવન તેમના દૈહિક જીવનમાં પણ ફેરફાર કરી શકે છે, અને તેમ બન્યા પછી જ જરૂરી એવા ફેરફારો કરવા માટે તેમને પૂરતી ઇચ્છાશક્તિ પ્રાપ્ત થાય છે.

આફ્રિકાના એક ગામની ખ્રિસ્તી મહિલાઓએ ઉપરોક્ત બાબત, થોડા જ સમય અગાઉ, વ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરી હતી. 'મધર્સ યુનિયન' (માતૃસંઘ)ના વાર્ષિક અધિવેશનની ઉજવણી વખતે તેઓએ એક નાટક તૈયાર કર્યું હતું. પ્રથમ દશ્યમાં એક ગંદું, ગરીબ અને અવ્યવસ્થિત ઘર—જેનું છાપરૂં પણ ચૂતું હતું—રજૂ કરવામાં આવ્યું હતું. આ ઘરમાં પતિ પોતાની પત્ની સાથે ઝઘડતો રજૂ કરાયો હતો. સરકારે નીમેલો સેનિટરી ઇન્સ્પેક્ટર આ ઘરની મુલાકાતે આવે છે, અને ઘરની દુર્દશા બાબત ઘરમાં રહેનારાઓની સખત ઝાટકણી કાઢે છે, પરંતુ આ ઠપકા કે ઉપદેશની અસર ઘરનાં માણસો ઉપર થતી જણાઈ નહિ, અને ઘરની પરિસ્થિતિ, રાબેતા મુજબની, ચાલુ રહી. પછી એક બીજા મુલાકાતી આવે છે. આ તો એક ધર્મ-સેવક હતા. આ મુલાકાતી તો ખ્રિસ્તના આત્માને ઘરમાં લઈ આવે છે, અને ઘરનાં માણસોનું બદલાણ થાય છે. હંમેશની માફક પતિ પોતાની પત્નીની કસૂર શોધી કાઢતો નથી, પણ ઘરનાં કામકાજમાં તે પોતાની પત્નીને મદદ કરવા લાગે છે. ઘરનું સ્વરૂપ બદલાઈ જાય છે. કજિયાને બદલે ઘરમાં શાંતિ પ્રવર્તે છે. અંતિમ દશ્યમાં સેનિટરી ઇન્સ્પેક્ટરનું પુનઃ આગમન થાય છે, અને ઘરની પરિસ્થિતિ જોઇ તેને આશ્ચર્ય થાય છે, જે ફેરફાર કરાવવા તે પોતે અશક્તિમાન હતો તે ફેરફાર કઈ શક્તિએ પેદા કર્યો?

હોંગકોંગમાં એક ચીની યુગલને પૂછવામાં આવ્યું કે ખ્રિસ્તી કુટુંબોના જીવનમાં અને તેમનાં બિન-ખ્રિસ્તી કુટુંબોના જીવનમાં તેઓ કયો તફાવત કે ભેદ જોઈ શકે છે? તેમણે જવાબ આપ્યો કે બાહ્ય ચીજોમાં તફાવત ઘણો નજીવો છે, પણ માહજોન્ગમાં જુગાર રમવામાં અન્ય કુટુંબો કરતાં ખ્રિસ્તી કુટુંબો ઓછો સમય ગાળે છે! આ સમાજમાં અનેક પત્નીવ્રતની અગાઉ છૂટ હતી; પણ આ રિવાજ બિનખ્રિસ્તીઓમાં પણ મૃતઃપ્રાય બનતો જતો

હતો; જીવનની આધુનિક પરિસ્થિતિના દબાણનું આ પરિણામ હતું. પણ આ સમાજ તો સ્થાયી સમાજ હતો; છૂટાછેડા અસામાન્ય હતા, અને લગ્નભંગના કિસ્સા તો નહિવત હતા. આમ હોવા છતાં લોકના જીવનમાં કોઈ હેતુ કે ધ્યેય જેવું ઝાઝું દીસતું ન હતું; અને જીવનમાં કોઈ ખાસ હેતુના અભાવે લોક જુગાર રમવામાં પોતાનો ઘણો સમય ગાળતા. જ્યારે ખ્રિસ્તીઓનું આગમન થાય છે ત્યારે તે માનવી જીવનમાં સાચા ઉદ્દેશની બક્ષિસ લઇને આવે છે, અને માહજોન્ગ કરતાં અન્ય અને વિશેષ અગત્યની બાબતો ખ્રિસ્તી કુટુંબો સમક્ષ ઉપસ્થિત થાય છે.

કૌટુંબિક તેમ જ અંગત જીવનને સુવ્યવસ્થિત રાખવાના કાર્યમાં પોતાની શ્રદ્ધા પર આધાર રાખવાથી કેવી કરૂણ નિષ્ફળતા આવી મળે છે એ વાત ઘણા ખ્રિસ્તીઓ જાણે છે. સદીઓથી ચાલતી આવેલી ખ્રિસ્તી પરંપરાગતવાળા ખ્રિસ્તીઓ પૈકી આપણામાંના કેટલાકને આ કાર્ય મુશ્કેલ જણાય છે. જે વિસ્તારોમાં લોકો તાજેતરમાં ખ્રિસ્તીઓ બન્યા હોય તેમને આ બાબત વિશેષ કઠીન લાગે છે. પ્રાચીન સમયમાં પ્રત્યેક બાબત રીતરિવાજથી નક્કી કરવામાં આવતી હતી. અર્વાચીન જમાનામાં, ઘણા પ્રદેશોમાં લોકોએ પુરાણા રીતરિવાજો અને શિસ્તને પડતા મૂક્યાં છે, પણ ખ્રિસ્તના માર્ગ વિષે તેમને પૂરી સમજ પડી નથી. ઘણી વાર ખ્રિસ્તી આગેવાનોનાં ઘરોમાં આ બાબત ખૂબ કષ્ટપ્રદ બને છે. ખ્રિસ્તના માર્ગની સચ્ચાઈ વિષે તેઓને ખાતરી થયેલી હોય છે, પણ તેવી જ ખાતરી તેમનાં સંતાનોને થયેલી હોતી નથી, તેમ જ જાતિ કે કુળના પુરાણા શિસ્તના બંધનથી તેઓ હવે બંધાયેલા પણ હોતા નથી. આ કારણને લીધે, ઘણી વાર માબાપો અને તેમનાં બાળકો વચ્ચે કડવાશ ઉત્પન્ન થાય છે—બાળકો, જાણે કે બળવો કરે છે, અને તેમનો ન્યાય કરતાં માબાપો દોષદર્શી બને છે. એક આફ્રિકન

ખ્રિસ્તી પિતા સાથેની વાતચીત દરમ્યાન આ વાત પ્રગટ થઈ. ૬થી ૧૦ વર્ષની વયનાં આ પિતાનાં બાળકો નિશાળમાંથી ભૂંડી અને અનૈતિક આદતો ગ્રહણ કરતાં હતાં. તેણે કહ્યું : "તો શું અમારે અમારાં બાળકો પ્રત્યે તિરસ્કાર દર્શાવવો?" એક અગત્યનો પ્રશ્ન! ખ્રિસ્તી જવાબ સ્પષ્ટ છે. સિધ્ધાંતનું સર્વોચ્ચ ધોરણ જાળવી રાખવું શક્ય છે, ખરાબને ખરાબ ગણવા, પણ તેવાઓ ઉપર પ્રીતિ રાખવી અને ક્ષમા બક્ષવી, જેવા છે તેવા તેમનો સ્વીકાર કરવો અને જે પરિસ્થિતિમાં છે તેમાંથી તેઓ નોખા થવા માટે પ્રયત્નો કરે છે તેમને મદદરૂપ બનવું.

જે સિદ્ધાંતોની રૂપરેખા દોરવા અમે પ્રયત્ન કર્યો છે તેવા સિદ્ધાંતોનો અમલ જે કુટુંબોમાં થાય છે તેવા જ કુટુંબનાં માણસોમાં જે કાંઈ (સારાપણું) છે તે સાચે જ ઊગી નીકળે છે અને તેનો વિકાસ થાય છે. ભીતિ અને ચિંતા એ બે વિકાસના મહાન શત્રુઓ છે. શું મારા ઉપર ખરેખર પ્રીતિ રાખવામાં આવે? જો હું તેમની નીતિના ધોરણને પહોંચી ના શકું તોપણ શું તેઓ મારા પર પ્રેમ રાખવાનું જારી રાખશે? જો કોઈ બાળક આવા પ્રશ્નો પોતાને પૂછે તો તે જરૂર ચિંતાતુર બને અને તેને ડર લાગે જ. સૌથી ઉત્તમ વાત તો એ છે કે, બાળકે આવા પ્રશ્નો કદીયે પૂછવા ન જોઇએ, અને જો તે આવા પ્રશ્નો પૂછે તો તે તમામ પ્રશ્નોના જવાબો ભારપૂર્વક 'હા' માં જ મળે તેવું વાતાવરણ કુટુંબમાં હોવું જરૂરી છે.

વિશ્વના તમામ પ્રદેશોમાં સમજાય તેવી રીતે એક નાના ખ્રિસ્તી કુટુંબ વિષે લખાણ લખવું એ મુશ્કેલ કામ છે. કેટલાક સિદ્ધાંતો વિષે વિશ્વના તમામ ખ્રિસ્તીઓ સહમત થશે, પણ જુદા જુદા પ્રદેશોમાં ભિન્ન ભિન્ન રીતે આ સિધ્ધાંત અમલી બને છે. જ્યારે આપણે હિંદ વિષે વિચાર કરતા હોઈએ છીએ ત્યારે અમુક બાબતોનો આપણે સહેજે સ્વીકાર કરી લઈએ છીએ, પણ જ્યારે આફ્રિકા

વિષે વિચારતા હોઈએ ત્યારે ઉપરોક્ત બાબતો પરત્વે આપણે કાળજી-પૂર્વક લક્ષ આપવું પડે છે. એક સ્ત્રીને એક જ પતિ હોય એવો એક દેશમાં સદીઓ જૂનો નિયમ હોય છે, જ્યારે અન્ય દેશના ભૂત-કાળમાં અનેક પત્નીવ્રત દેખાય છે, એક પત્ની સાથે વફાદારીભર્યું જીવન જીવવું એ એક ખ્રિસ્તી પતિ માટે પણ ઘણું કપરું થઈ પડે છે.

આવા તમામ પ્રશ્નોની ચર્ચા-વિચારણા આ પુસ્તિકામાં કરવાનું અમારે માટે અશક્ય છે. કુટુંબના તમામ સગાઈ-સગપણના સંબંધોમાં જે કેટલાક માર્ગે ખ્રિસ્ત પ્રવેશ કરી શકે અને તેમનું બદલાણ કરી શકે તેનાં દૃષ્ટાંતો, અમારા મર્યાદિત અનુભવના અજવાળામાં, રજૂ કરવા અમે પ્રયત્ન કરીશું. જુદી જુદી પરિસ્થિતિમાંના ખ્રિસ્તી-ઓને પ્રશ્નો પૂછવાની શરૂઆત કરવાના, ચર્ચા-વિચારણા કરવાના, અને જે ખાસ પરિસ્થિતિમાં તેઓ મુકાયા હોય તેને અનુલક્ષીને તે પ્રશ્નોના સાચા પ્રત્યુત્તરોની શોધ કરવાના, કાર્યમાં જો આ પુસ્તિકા મદદરૂપ નીવડશે તો તે ઉપયોગી થઈ પડશે.

## પ્રકરણ ૨

# લગ્ન

લગ્નની શોધ ખ્રિસ્તીઓએ કરી નથી. લગ્નનો રિવાજ તો માનવજીવનના આરંભકાળથી હસ્તીમાં છે. જેમાં એક પુરુષ અને એક સ્ત્રીનું કાયમી જોડાણ સમાયેલું છે તેવું 'કુદરતી' લગ્ન ખ્રિસ્તી મંડળીઓએ સ્વીકાર્યું છે. જ્યારે હિન્દુઓ કે બુદ્ધિષ્ટો ખ્રિસ્તીઓ બને છે ત્યારે તેમનું લગ્ન ફરીથી કરવામાં આવતું નથી. તેઓ ખ્રિસ્તીઓ બન્યા તે અગાઉ હસ્તી ધરાવતા તેમના લગ્ન ઉપર પરમેશ્વરનો આશીર્વાદ ઊતરે તે માટે પ્રભુમંદિરમાં પ્રાર્થના કરવામાં આવે છે. પણ આપણે એ જરૂર માનીએ છીએ કે, આવા કુદરતી લગ્નમાં ખ્રિસ્ત તરફથી કંઈક ઉમેરવામાં આવે છે.

એ લગ્નવાદી ખ્રિસ્તીઓ તેમના લગ્ન માટે પ્રભુમંદિરમાં ઉપસ્થિત થાય છે ત્યારે માનવી સાક્ષીઓની હાજરીમાં તેઓ એક ગંભીર કોલકરાર કરે છે, પણ એટલેથી જ વાત પૂરી થતી નથી. પરમેશ્વરની હજૂરમાં અને 'પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે' તેઓ વચનોની આપલે કરે છે. પરમેશ્વર પોતે આ બનાવમાં ભાગ લે છે; તે જ બન્નેને જોડે છે એ માટે કે તેઓ એક દેહરૂપ બને.

કેટલાક દેશોમાં લગ્નવાદીઓને એકબીજાની પસંદગી કરવાનો સંપૂર્ણ હક હોય છે. પણ ભારતમાં આજે પણ, અને વળી ખ્રિસ્તીઓમાં પણ, સામાન્ય રીતે માબાપો જ બધી ગોઠવણ કરે છે. દક્ષિણ ભારતની પ્રાચીન 'સિરીઅન' મંડળીઓ મધ્યે અમે ઘણાં વર્ષ ગાળ્યાં છે જ્યાં યુવાનોને પસંદગીની બાબતમાં અલ્પ છૂટ આપવામાં આવે છે, અને અમે એ અનુભવ્યું છે કે ત્યાં લગ્નો, મહદ અંશે સ્થિર અને સુખી નીવડયાં છે. જ્યારે સિરીઅનોને પૂછવામાં આવે છે કે આવું કેવી રીતે બનવા પામે છે ત્યારે તેઓ પ્રત્યુત્તર આપે છે કે, તેમના દષ્ટિબિંદુ મુજબ લગ્નક્રિયા એ એક એવો બનાવ છે કે જેમાં પરમેશ્વર પોતે પતિ અને પત્નીને એક બનાવે છે; તેથી તેમની લાગણીઓ કે સંમતિના પાયા ઉપર નહિ પણ પરમેશ્વરના કૃત્ય ઉપર જ તેમના લગ્નનો પાયો નાખવામાં આવે છે.

જુદી જુદી બક્ષિસો અને તાલંત ધરાવનાર બે ભિન્ન વ્યક્તિઓનું ઐક્ય, એ લગ્ન સંબંધીનો ખ્રિસ્તી વિચાર છે, અને તે તેમને એક નવી વ્યક્તિ બનાવે છે. ખ્રિસ્તી આદર્શમાં, સ્પષ્ટપણે પતિ અને પત્ની વચ્ચેની સાચી સમાનતા સમાયેલી હોય છે, અને જે આઝાદી ખ્રિસ્ત બક્ષે છે તે સિવાય કોઈ પણ પુરુષ અથવા સ્ત્રી પોતપોતાનો ભાગ યોગ્ય રીતે ભજવી શકતાં નથી. પરમેશ્વરથી વિમુખ એવી માનવની પાપમય અવસ્થામાં પુરુષો કરતાં સ્ત્રીઓ ઊતરતી છે અને તેથી તેઓ તાબેદાર છે એવું મનાવા લાગ્યું; ખ્રિસ્તમાં કોઈ ઊંચું નથી કે કોઈ નીચું નથી. ઊંચ-નીચના વિચારો નષ્ટ કરવામાં આવ્યા છે.

ખ્રિસ્તી મંડળીઓમાં પણ આ એક નવીન વિચાર છે, અને આ વિચારસરણીમાં જેનો સમાવેશ થાય તેવાં તમામ સૂચનોની કાર્યવાહી પૂર્ણ થતાં લાંબો સમય લાગે છે. સ્ત્રીઓ ઉપર લાદવામાં આવેલી મર્યાદાઓમાંથી તેમને મુક્ત કરવા માટેનું આંદોલન

ઘણા દેશોમાં ચાલે છે. વર્તમાન ઇતિહાસમાંની સૌથી અગત્યની બિનાઓ પૈકી આ એક બિના છે. આ બધાં આંદોલનો ખ્રિસ્તી આંદોલનો નથી; પણ તેઓ પૈકી ઘણાંની પાછળ રહેલાં સત્યો ખ્રિસ્તે પ્રગટ કર્યાં છે. આ સત્યો સમજવાની પ્રગતિ, તમામ દેશોમાં, મંદગતિએ ચાલે છે; પણ એવું જણાય છે કે, વિશ્વના ઘણા પ્રદેશોમાં, વર્તમાન સમયમાં, આ દિશામાં સારી એવી પ્રગતિ થવા પામી છે.

ભારતમાં, લગભગ પ્રત્યેક સ્થળે અત્યાર સુધી, પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ અલગ ભોજન લેવાનો રિવાજ હતો, પુરુષો પ્રથમ ભોજન કરતા અને સ્ત્રીઓ પાછળથી ભોજન લેતી હતી. પોતાની આજુબાજુ બધે જ પ્રવર્તતા આ સામાજિક રિવાજનું અનુકરણ ખ્રિસ્તીઓએ પણ કુદરતી રીતે, કર્યું, પરંતુ હાલ કેટલાંક ખ્રિસ્તી કુટુંબોએ એ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, કે આ પ્રાચીન રિવાજનું અનુકરણ ખ્રિસ્તીઓએ કરવું યોગ્ય છે કે કેમ? ઘણાં ખ્રિસ્તી કુટુંબોમાં સમગ્ર કુટુંબ એકી સાથે ભોજન લે છે એવું આપણે હાલમાં જોઈએ છીએ.

એક આફ્રિકન જાતિની સ્ત્રીઓએ, થોડા જ સમય પૂર્વે, તે પ્રદેશના રાજ્યપાલને તેમની ફરિયાદોની એક યાદી સુપરત કરી. અરજીમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, "અમારા પુરુષો અમને બકરીઓ જેવી ગણે છે." આ અરજીમાં સહીઓ કરનાર સ્ત્રીઓ ખ્રિસ્તી હતી, અને તેઓ 'મધર્સ યુનિયન' (માતૃસંઘ)ની સભ્યો હતી. તેમને હવે સમજાવા લાગ્યું છે કે, એક પુરુષ અને એક 'બકરી'નું લગ્ન એ ખરૂં ખ્રિસ્તી લગ્ન નથી.

આઝાદી તો સાચે જ એક ઉત્તમોત્તમ ચીજ છે, પણ ખ્રિસ્તી આઝાદી અને સ્વાર્થી આઝાદીમાં ઘણો મોટો તફાવત રહેલો છે. ખ્રિસ્તી આઝાદીમાં અન્યના હકો સૌ પ્રથમ સ્થાન ધરાવે છે, જ્યારે પોતીકા

હકોની જ હિમાયત કરનાર એ સ્વાર્થી આઝાદી છે. પરમેશ્વરની નજરે પુરુષો અને સ્ત્રીઓ સમાન છે અને આવી સમાનતા એ એક ખ્રિસ્તી સિદ્ધાંત છે, પણ આ સિદ્ધાંતના સમર્થન ઉપર ખ્રિસ્તી શ્રદ્ધાએ અંકુશ રાખવો જોઈએ. ખ્રિસ્તી લગ્નમાં બન્ને લગ્નવાદીઓ જાણે છે કે પ્રથમ તેઓ બંને ખ્રિસ્તના સેવકો છે અને તેથી તેઓ એકબીજાના સંબંધમાં મુક્ત હોઇ શકે છે. પછી પોતાના પતિ પર આધાર રાખવો અને અંતિમ નિર્ણયો લેવાનું કામ તેના પર છોડવું એ એક સ્ત્રીને માટે સ્વાભાવિક બને છે. પણ ખ્રિસ્તી પતિ પત્ની પ્રત્યેની પોતાની જવાબદારી વિષે પ્રથમ વિચાર કરશે. પત્ની ઉપર તેના પોતાના કેટલા હકો છે તે વિષે તે વિચાર કરશે નહિ, પણ તમામ નિર્ણયો લેતાં અગાઉ તે પોતાની પત્નીની સલાહ લેશે.

જો સ્ત્રીઓને એકાએક આઝાદી આપવામાં આવે, અને આઝાદીનો ઉપભોગ કરવાના કાર્ય માટે માર્ગદર્શન મેળવવા તેમની સમક્ષ સ્પષ્ટ કે દૃઢ માન્યતા ના હોય તો, જવાબદારીના ભાન વગર તેઓ આઝાદીનો ઉપભોગ કરશે, અને એ રીતે સમાજમાં નવીન સમસ્યાઓ પેદા કરશે. આ સમસ્યા એશિયા કે આફ્રિકા પૂરતી મર્યાદિત નથી. છૂટાછેડાઓની વધતી જતી સંખ્યા એ યુરોપ અને અમેરિકાના ગંભીર પ્રશ્નો પૈકી એક છે. અગાઉના કરતાં ફારગતી વધુ સામાન્ય કેમ બનવા પામી છે? પુરાણા જમાનામાં પુરુષો અને સ્ત્રીઓ માટે એક જ પ્રકારની આચારસંહિતાઓ ન હતી. પ્રાચીન સમયમાં જો એક સ્ત્રી તેના પતિ પ્રત્યે બેવફા બનતી તો આ બેવફાદારીને એક ભયાનક ગુના તરીકે ગણવામાં આવતો હતો, પણ જો એક પતિ બેવફા બનતો તો તે વિષે કોઈ ઝાઝું વિચારતું પણ નહિ. હાલ વિશાળતર ક્ષેત્રે એવું સ્વીકારવામાં આવે છે કે, પુરુષ તરફથી આચરવામાં આવતી પ્રત્યેક જાતની અનૈતિકતા, સ્ત્રી તરફથી આચરવામાં આવતી દરેક જાતની અનૈતિકતા જેટલી જ ખરાબ છે. પરિણામે,

જે અન્યાય સ્ત્રીઓ ભૂતકાળમાં સહન કરી લેતી તે સહન કરવા તેઓ હવે તૈયાર નથી. છૂટાછેડા કે ફારગતી એ આ સમસ્યાનો સાચો ઉકેલ નથી. આ સમસ્યા તો એવી છે કે જેનો સામનો સર્વત્ર કરવો પડે છે. લગ્નમાં પતિ અને પત્ની 'એક-દેહ' બને છે એવી બાઇબલ-ઉક્તિનો અમે કેટલીક વાર ઉપયોગ કર્યો છે. કુદરતી રીતે શારીરિક સંબંધ સાથે આ શબ્દ પ્રયોગ સંયોજીત થયેલો છે, જેમાં લગ્નનું નિર્દેશન અને પૂર્ણતા દર્શાવવામાં આવ્યાં છે. બાહ્ય કૃત્ય, એક બીજા પ્રત્યેના પ્રેમનું સીધું વહન અને વૃદ્ધિ દર્શાવે છે. એક પુરુષ અને તેની પત્ની વચ્ચે પ્રેમદર્શનિક ઘણાં અન્ય સાધનો છે, પણ આ છે અન્ય રૂપકો અને ભાવાર્થોની પરાકાષ્ટા અને સંપૂર્ણતા. એ જ કારણે શારીરિક-સંબંધ વિષે ખ્રિસ્તી નિયમ સ્પષ્ટ અને ચોક્કસ છે. બે વ્યક્તિઓ, જેઓ હંમેશ માટે એક બીજાનાં બન્યાં છે તેમનાં સહ-જીવનનો આ એક કુદરતી ભાગ છે. અન્ય બે વ્યક્તિઓને, કોઇ પણ સંજોગોમાં આવું જીવન જીવવાની છૂટ નથી.

શારીરિક સંબંધ સાથે સંલગ્ન એવી પ્રત્યેક ચીજને અળગી પાડી, માત્ર કૃત્ય વિષે જ વિચાર કરવાથી ઘણું નુકસાન થયું છે. પરિણીત સુખી જીવન જીવનાર ખ્રિસ્તી જાણે છે કે, એક મૂલ્યવાન અને અનેક-વિધ જીવન જીવવાની ભાગીદારીના તમામ બાબતોમાં તેનો વિકાસ થયો છે. આ પૈકી એક બાબત લગ્નની શારીરિક બાજુ છે, અને તે અગત્યની છે. પણ તેની અગત્ય એટલા જ સારૂ છે કે, તે અન્ય ઘણી બાબતોની નિશાનીરૂપ છે. ક્ષણિક અને પળમાં ટળી જનાર આનંદ-પ્રમોદ માટે જ જો લોકો શારીરિક સંબંધ માણે તો, જેને પોતે પિછાણે છે તેની સરખામણીમાં, આ તો એક ઊતરતી કક્ષાની અને રસહીન ચીજ છે એવું એક ખ્રિસ્તીને લાગ્યા વગર રહેશે જ નહિ.

પુરુષ અને સ્ત્રી વચ્ચેનો શારીરિક સંબંધ માત્ર આનંદ-પ્રમોદનો એક ભાગ છે એ હકીકતથી એક ખ્રિસ્તી માણસને શરમ લાગવી

જોઇએ એવું કહેવાનો અમારો ઇરાદો નથી. એક ભાગીદારે બીજા ભાગીદારને બની શકે તેટલો આનંદ પમાડવો જોઇએ એ વાત તદ્દન ઉચિત છે. કેટલીક વખત લોકો એવું ધારે છે કે, પુરુષનો આનંદ એ જ અગત્યની બાબત છે—સ્ત્રી તો પુરુષના સુખના સિદ્ધિકરણનું માત્ર એક સાધન જ છે. કેટલાક આફ્રિકન લોકોમાં, હજુ સુધી, સુન્નતનો રિવાજ બહોળા પ્રમાણમાં પ્રવર્તે છે, અને આ રિવાજ, કદાચ, ઉપરોક્ત વલણની રજૂઆત કરે છે. ખ્રિસ્તી દૃષ્ટિએ આ વલણ ટકી શકે નહિ—લગ્ન એ તો વ્યાપાર છે જેમાં બે વ્યક્તિઓ સરખી રીતે સંકળાએલી છે.

પ્રેમ–કળા વિષે તાજેતરમાં ઘણાં પુસ્તકો લખવામાં આવ્યાં છે–કેટલાંક સારાં અને ઉપયોગી છે. તેમ છતાં, જો તે પુસ્તકો અને લેખો એવી અસર ઉત્પન્ન કરે કે લગ્નમાં અન્ય વસ્તુ કરતાં સંપૂર્ણ સમાનતાભર્યો શારીરિક સંબંધ જ અગત્યની ચીજ છે તો તેથી સમસ્યાઓની એક નવીન હારમાળા પેદા થશે.

સાચો પ્રેમ અન્ય પ્રત્યે હંમેશા આદરભાવ પ્રદર્શિત કરે છે. સાચો સ્નેહ શિસ્તની જરૂરિયાતને શિરોમાન્ય રાખે છે. આદરભાવ અને શિસ્ત પ્રત્યે વિષયવાસના બે ધ્યાન રહે છે–શારીરિક ઇચ્છાના બળ સિવાય વિષયવાસના અન્ય કોઈ ચીજને લેખવતી નથી. પુરુષો અને સ્ત્રીઓની લગ્નબહારની ઇચ્છા માટે, સામાન્ય રીતે, 'વિષય-વાસના' એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. લગ્નમાં (સંબંધમાં) પણ તે ભાગ ભજવી શકે છે અને તે જાણવું અતિ અગત્યનું છે. તમામ માનવી પ્રેમ, જેમાં પતિ અને પત્ની વચ્ચેના પ્રેમનો પણ સમાવેશ થાય છે, દૈવી પ્રેમ સાથે સંબંધ ધરાવે છે, પણ આવા પ્રેમમાં સ્વાર્થીપણાને કે અસંયમને કોઈ સ્થાન જ નથી. જો તેમને લગ્ન (સંબંધ)માં પ્રવેશ મળે તો ભલેને લગ્નને પ્રતિષ્ઠાનો બાહ્ય દેખાવ પ્રાપ્ત થાય તોપણ તેથી હકીકત બદલાઇ જતી

નથી કે અમુક સંજોગોમાં 'વિષયવાસના' શબ્દ વપરાવો જોઈએ અને 'પ્રેમ' નહિ.

લગ્નની શારીરિક બાજુ બંને ભાગીદારોએ સમજવી જોઈએ. બંને જણે, શારીરિક સંબંધ અંગે, પરસ્પર સંતોષ પમાડવા, પોત પોતાનો હિસ્સો આપવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. પણ આપણે એ હકીકતનો સામનો તો કરવો જ રહ્યો કે કેટલાંક લગ્નોમાં, અમુક કારણોસર અથવા દૈહિક સ્વભાવને લગતી સમસ્યાને લીધે–જેનો ઉકેલ સહેલ નથી–શારીરિક સંબંધો પૂરી રીતે કદી પણ સંતોષી શકાતા નથી. આ પરિસ્થિતિનો સામનો કરવાનું કાર્ય આસાન નથી; પણ તેનો સામનો કરવા સન્માર્ગો તેમ જ ઉન્માર્ગો પણ છે. શારીરિક મુશ્કેલીનું રૂપાંતર ત્રાસ અને તંગ મનોદશામાં સહેલાઈથી થઈ શકે. એક ભાગીદારને અથવા બંનેને એવી લાગણી થાય કે "મળે છે તેથી વિપુલ પ્રમાણમાં મને આનંદ મળવો જોઈએ" અને આથી આપી શકાય તે કરતાં વધુ સંતોષ માટેની માગણી રજૂ કરવામાં આવે છે. આમ બનતાં નિરાશા અને ક્રોધ આવી મળે છે. મુશ્કેલીનો સામનો કરવાનો આ ઉન્માર્ગ છે. સન્માર્ગ તો એ છે કે આવી પરિસ્થિતિમાં પરમેશ્વરને હાંક મારવી અને તેની સહાય માગવી. આ માટે કોઈ નિયમ આપી શકાય નહિ. કેટલાક કિસ્સાઓમાં અસંતોષી ભાગીદાર માટે એ શક્ય છે કે તે ખુલ્લી રીતે અને નિખાલસતાપૂર્વક બીજાને પોતાની મુશ્કેલી જણાવે. પછી તેઓ બન્ને આ બાબત પરમેશ્વર સમક્ષ લઈ જાય, અને તેને વિનંતી કરે કે, જો તેની ઇચ્છા હોય તો અડચણ કે વિઘ્ન જે કાંઈ છે તે દૂર કરવામાં આવે; અથવા જો દૂર થઈ ના શકે તેમ હોય તો ઉપરોક્ત અડચણ દાંપત્ય જીવનના સામાન્ય સુખની આડે આવે નહિ તે માટે તેની (પરમેશ્વરની) કૃપા આપવામા આવે. પોતાથી પૂરો સંતોષ પ્રાપ્ત થતો નથી એવું જણાતાં, કેટલીક વખત, એક ભાગીદારની લાગણી ઘણી દુભાય છે.

પ્રેમ ફરવાવે છે કે આવા કેસોમાં મૌન જાળવવું જોઈએ; એક ભાગીદારે પોતે એકલાએ જ પરમેશ્વર પાસે પોતાની મુશ્કેલી રજૂ કરવી જોઈએ, અને તેની મદદ વડે જ શાંતિનો માર્ગ શોધવો જોઇએ.

સુખી દાંપત્ય જીવન જીવતા ખ્રિસ્તીઓને જો વિરુદ્ધ જાતિની પ્રત્યે આકર્ષણ ઉત્પન્ન થાય તો શું કરવું? આ આકર્ષણ કેટલીક વખત બળવત્તર બને છે. આવી પરિસ્થિતિમાં શું થઈ શકે? અહીં પણ બે માર્ગ છે; સન્માર્ગ અને ઉન્માર્ગ. દાખલા તરીકે, અન્ય સ્ત્રી પ્રત્યે આકર્ષાયેલા એક ખ્રિસ્તી પુરુષને પોતાની સ્ત્રી સાથે જીવન પર્યંત વિશ્વાસુ રહેવાની આપેલી પ્રતિજ્ઞા પ્રત્યેની વફાદારી તેને સ્થિર ઊભો રાખશે. જે પ્રતિજ્ઞાઓ તેણે પરમેશ્વર સમક્ષ લીધી છે તે તેને સંપૂર્ણ રીતે બંધનકર્તા છે. જો તેની પત્ની પેલી સ્ત્રી એક બીજાને મિત્રો તરીકે સ્વીકારે તો પછી મૈત્રી સંબંધ સ્પષ્ટ, સહિસલામત અને મૂલ્યવાન બને. આવા બનાવમાં શારીરિક પ્રેમનું ચિહ્ન બાતલ રાખવું જોઈએ. ગેરકાયદે ઇચ્છા સહેલાઈથી ઉદ્દીપ્ત કરી શકાય, અને જ્યારે તેને સંતોષી શકાય નહિ ત્યારે તે સંતાપ પેદા કરશે અને એકલતાની લાગણી વધારશે.

પણ જો બીજો ભાગીદાર પૂર્વોક્ત આકર્ષણ પ્રત્યે નારાજી દર્શાવે, તો આવા કેસોમાં વફાદારીને કારણે મિત્રાચારી પડતી મૂકવામાં આવે એ જ ઇષ્ટ છે. સાચે જ, અન્ય કોઈ માર્ગ નથી. બન્ને ભાગીદારો આવી મિત્રાચારીમાં ભાગ ન લે તો માત્ર એકની સાથે મૈત્રી સંબંધ બાંધી શકાય નહિ.

ઘણી મોટી સંખ્યાનાં લગ્નોમાં, કુદરતી રીતે, શારીરિક આકર્ષણ જ અગત્યનો ભાવ ભજવે છે. પરંતુ, શારીરિક આકર્ષણ એ લગ્નનો, ખરેખર, એક અચોક્કસ પાયો છે. શારીરિક સંબંધની વિહ્વળતા ઓસરી જતાં સમય લાગતો નથી. લોકો જ્યારે તંદુરસ્ત અને તાજામાજા હોય છે ત્યારે જેટલાં આકર્ષક લાગે છે તેટલાં આકર્ષક

તેઓ માંદા અથવા થાકેલા હોય છે ત્યારે લાગતાં નથી. શારીરિક આકર્ષણે જ જે લગ્નમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય તેવા લગ્નમાં જ્યારે શારીરિક આકર્ષણ કરમાઈ જાય છે ત્યારે કશું જ બાકી રહેતું નથી.

બે વ્યક્તિઓની કાયમી ભાગીદારી એટલે લગ્ન, અને શારીરિક આકર્ષણ સિવાય બીજી ઘણી બાબતો તેમાં સમાયેલી છે. જીવનભર એક બીજા પ્રત્યની જવાબદારી કોઈ બે જણ સ્વીકારે તે અગાઉ તેઓએ ખાતરી કરી લેવી જોઈએ કે, બન્ને વચ્ચે એક સરખાં હિત, રસ અને કાર્યોની સમાનતા રહેલાં છે કે કેમ, એ માટે કે, સમયના વહેણ સાથે તેમનાં સામાન્ય હિત, રસ અને કાર્યોનો વિકાસ સાધી શકાય. અન્ય સર્વ બાબતો કરતાં સૌથી અગત્યની બાબત છે: તેમનો સામાન્ય વિશ્વાસ. બન્ને ભાગીદારો એવી કોઈક ચીજમાં માન્યતા ધરાવે છે જે તેમનાં જીવનોની બહારની બાબત છે, તે તેઓથી પર છે, પણ જે માટે જ તેઓ જીવન જીવે છે. સામાન્ય રીતે વિચારીએ તો તે આ હોય શકે : કોઈ મહાન હેતુ કે સેવાકાર્યની સિદ્ધિ જે માટે તેઓ પોતાની સેવા, તાલંત, શકિત અને સંપત્તિનું સ્વાર્પણ કરવાનું યોગ્ય માને છે. પણ જેણે પોતાને ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ કર્યો છે તે પરમેશ્વર પરની શ્રદ્ધામાં સહભાગીદાર બનવું એ ઉપરોકત હેતુ કે સેવાકાર્ય કરતાં ઉત્તમોત્તમ છે.

ખ્રિસ્તમાં શ્રદ્ધા રાખનાર યુવક–યુવતિનું મિલન કયાં થાય? ઘણી મંડળીઓમાં હાલ એવી કલબો છે જ્યાં તેઓ એક બીજાને મળે છે. ઘણા દેશોમાં ખ્રિસ્તી વિદ્યાર્થી સંઘો છે. જેમાં પુરુષો અને સ્ત્રીઓ સહ–સભ્યો છે. જ્યારે આવા સંઘો કે કલબોની વાત કેટલાક લોકો સાંભળે છે ત્યારે તેઓ હસે છે, અને કહે છે કે, આવી સંસ્થાઓ તો ખરેખર લગ્નો માટેની—'એજન્સીઓ જ' છે. આવી સંસ્થાઓને લગ્નોની ગોઠવણ કરવાના કાર્ય સિવાય, બીજી ઘણી

સારી બાબતોની પણ, વ્યવસ્થા કરવાની હોય છે. યુવાન પુરુષો અને સ્ત્રીઓ માટે મિલન-સ્થાનો પૂરાં પાડવાની સેવા આવી સંસ્થાઓ, અલબત્ત, કરે જ છે. આવા સંજોગોમાં થયેલી ઓળખથી પરસ્પર આદરભાવ અને પ્રશંસા વૃદ્ધિ પામે છે અને તેમાંથી સ્ફુરતા પ્રેમનું વહન લગ્નમાં પરિણમે તો શું આ એક સારી બાબત નથી?

ઘણાં લગ્નોના પ્રારંભે લાગણીમયતા અને આવેગશીલતા ઘણાં મજબૂત દેખાય છે, પણ અલ્પ સમયમાં જ તે ઘટતાં જાય છે, અને ત્યાર પછી તો કસોટીકાળ આવી લાગે છે. આવા સમયે (લગ્નના) ભાગીદારોને એવા પ્રશ્નો પૂછવાનું મન થઈ આવે છે કે, શું તેઓ ખરેખર પરસ્પર અનુરૂપ છે કે કેમ? લગ્ન કરવામાં શું તેઓએ ભૂલ તો કરી નથી ને? આવી પરિસ્થિતિમાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જ્યારે તેઓએ લગ્ન કર્યું ત્યારે તેઓ કોણની ઇચ્છા પરિપૂર્ણ કરતાં હતાં? શું તેઓએ પરમેશ્વરની સલાહ ખરેખર માગી હતી? શું તેઓને એમ લાગ્યું હતું કે, લગ્નક્રિયામાં પરમેશ્વર તેઓ બન્નેને એકરૂપ કરતો હતો? જો પ્રત્યુત્તર હકારમાં છે તો તેઓ વચ્ચે આ એક મજબૂત કડી છે. જે લોકો અર્પિત ખ્રિસ્તીઓ નથી તેઓ આવા પ્રશ્નો પૂછશે નહિ. કેટલાક, અલબત્ત, એવા છે કે જેઓ લગ્ન કર્યા પછી જ 'વિશ્વાસી' (વિશ્વાસ રાખનાર) બને છે. ભૂતકાળમાં ડોકિયું કરતાં તેમને પણ, તેમના જીવનમાં માર્ગદર્શન પમાડતા પરમેશ્વરના અનંતભૂજનાં દર્શન થાય છે.

જ્યારે બન્ને ભાગીદારોને એવું લાગે છે કે, પરમેશ્વરે તેમને જોડયાં છે ત્યારે પણ બધું સહેલાઇથી બરોબર ચાલશે એવું માની લેવું નહિ. લગ્ન થયું ત્યાં સુધી, અમુક અંશે, પ્રત્યેક (ભાગીદારે) સ્વતંત્ર વ્યક્તિગત જીવન ગુજાર્યું હોય છે. પણ લગ્ન થતાં આ આઝાદી, મોટી યા નાની, જે રીતે ભોગવાતી હતી તે જ રીતે, વધુ વખત ભોગવી શકાશે નહિ. જો તમારૂં લગ્ન થયું છે તો હવે

તમે પોતે પોતાની જાતને પ્રસન્ન કરી શકો નહિ; તમે કોઈ અન્ય સાથે બંધાયેલા છો. જીવનનો જૂનો મુક્ત માર્ગ બદલતાં મોટા ભાગના લોકોને કેટલોક સમય લાગે છે, અને ઘણા થોડા જ એ માર્ગનું સંપૂર્ણ સ્વાર્પણ કરવા શક્તિમાન બને છે. પણ બદલો મહાન છે, જો કે પ્રાપ્તિ અપૂર્ણ છે. લગ્ન કરવામાં આ હેતુ કે ધ્યેય હોવું જોઈએ કે આપણા પોતાના જ વિચારોનો અમલ કરવાના અને આપણી જાતને જ ખુશ કરવાના તમામ પ્રયત્નો જતા કરવા અને તેને બદલે ભાગીદારને ખુશ કરવો અને તેની અથવા તેણીની ઇચ્છાઓ સાથે સહમત થવું. જેઓ આ મુજબ વર્તે છે તેઓને જીવનમાં એક નવો સંતોષ પ્રાપ્ત થાય છે, જીવન જેવી રીતે જીવવું જોઈએ તેવી રીતે તેમનું જીવન જીવાય છે એવુ નવું ભાન તેમને થાય છે.

હવે આ બધું સહેલું નથી. એકનો બીજા પ્રત્યેનો આવો સંપૂર્ણ આધાર ક્વચિત જ સમજાય છે. એમાંથી એક અતિ નમ્ર હોય અને તેથી બીજાને કુટુંબમાં સર્વોચ્ચ થવાની તક મળી આવે છે, કદાચ તે વિષે સભાન ન હોવાં છતાં પોતાની ઇચ્છા અન્ય ઉપર લાદવાની લાગણી આપણ સર્વમાં હોય છે, અન્યની જરૂરિયાતો તેના હકો વિષે હંમેશાં વિચાર કરવાનું કામ આપણામાંથી કોઇને માટે પણ સહેલ નથી. આ સમસ્યાનો સાચો ઉકેલ ત્યારે જ જડે છે જ્યારે લગ્નમાં એક ત્રીજો ભાગીદાર, પ્રભુ પોતે થાય છે. તેમ બન્યું હોય છે ત્યારે પતિ કે પત્ની ઘરમાં રાજ કરવા પ્રયત્ન કરશે નહિ; પ્રભુ પોતે તેમના ઘરમાં રાજ ચલાવે એ માટે બન્ને સહમત થશે. આ રીતે, પતિ અને પત્નીની ઇચ્છાઓ, ક્રમશઃ એકમેકની નજીક ખેંચાઈ આવશે, કારણ કે પ્રત્યેક જણ ખ્રિસ્તની ઇચ્છા શોધી તે પ્રમાણે વર્તવા પ્રામાણિક પ્રયત્ન કરશે.

આ પ્રમાણે બનવા પામે તોપણ પતિ અને પત્ની વચ્ચે કજિયા તો થાય છે જ, અને કજિયા થતા નથી એવો ઢોંગ કરવો એ અવ્યવહાર્ય છે. કજિયો થવાનું તાત્કાલિક પ્રયોજન કોઈ એક અતિ અલ્પ બાબત હોય છે; પણ તેનું વાસ્તવિક પ્રયોજન તો દીર્ઘ સમયથી ચાલી આવતી કોઇક બીજી જ બાબત હોય છે. ખરું કારણ તો કદાચ કોઈક તંગ માનસસ્થિતિ છે જે ખુલ્લી પડી નથી, અને જેનું નિરાકરણ કરવામાં આવ્યું નથી. ભાગીદારો પૈકી એકાદને માઠું લાગ્યું છે, બન્નેમાંથી કોઈ એકે ઘવાયેલી લાગણીઓનું દમન કરવા પ્રયત્ન કર્યો છે, અને દેખીતી રીતે જીત મેળવી છે. પણ જો સંતોષ કે દુઃખનો નિકાલ યોગ્ય રીતે થયો નથી તો અંતરમાં કાંઇક ઉકળતું રહેવાનું, અને અંતે તે ઉકળાઈને બહાર આવશે અને પરિણામે થાય છે મઝાનો પુરાણો કજિયો !

જ્યારે આ પ્રમાણે બને છે ત્યારે ખ્રિસ્તીઓ પણ એક બીજા તરફ જોઇને કહે છે, "આપણે શા માટે પરણ્યાં ? આ બાબતને સીધી કરવાના પ્રયત્નથી શું સારું પરિણામ આવવાનું છે ?" પણ આ રીતે કદી પણ વર્તન કરવું નહિ. પહેલી બાબત તો એ છે કે પ્રમાણિક-પણે પ્રશ્ન પૂછવો, "આપણે શા માટે કજિયો કર્યો ?" બંને બાજુએ કાંઈક ખોટું હોવા સિવાય ઘણા જ ઓછા ઝઘડા બનવા પામે છે. પોતે છે તેવા જ પોતાને જોવા, જે ખોટું કરવામાં આવ્યું છે તેનો સામનો કરવા, અને એક બીજાને ક્ષમા આપવા જો તેઓ તૈયાર હોય તો જ સરળ માર્ગ શોધી શકાય છે. ખરું જોતાં, કજિયો એક એવો પ્રસંગ બની શકે જે વખતે લગ્ન-જીવનમાં એક નવીન શરૂઆત થાય, અને તે એક પાયા પર રચિત હોય જે સહેલાઇથી હલી જાય નહિ, કારણ કે પતિ-પત્ની એક બીજાને વધુ સારી રીતે સમજે છે, અને એકમેક ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

જ્યારે શ્રદ્ધા અને પરસ્પરના આધારની સાચી સગાઈ અસ્તિત્વમાં આવે છે ત્યારે સર્વ બાબતોમાં હિત, ફાજલ–સમયનો વ્યવસાય અને નાણાંમાં સહભાગીદારીનાં દર્શન થાય છે. લગ્ન–જીવનમાં નાણાં મોટા સંતાપ કે સંકટનું મૂળ બને છે. જ્યારે લોક 'પ્રેમમાં' હોય છે, ત્યારે નાણાં એક એવી ગૌણ પાર્થિવ ચીજ દેખાય છે કે, જે વિષે ઝાઝી વિચારણા કરવામાં આવતી નથી. પણ પ્રસંગ મળતાં, વયમાં મોટા એવા કોઇ સમજુ મિત્ર પૂછે છે, "હવે તમે પરણ્યાં તો ખરાં, પણ નાણાંનું વિભાજન કેવી રીતે કરવાનાં છો; અને હિસાબ–કિતાબ કોણ રાખશે ?" જો અહીં કાંઇક ગેરસમજ થશે તો તેના પ્રત્યાઘાતો બધે જ પડશે અને પરમેશ્વર પ્રત્યેના સાચા બદલાણની અસર નાણાં તથા હિસાબ–કિતાબ જેવી જડ ચીજો ઉપર પણ પડે છે.

આ વાત અમને પૂર્વ આફ્રિકામાં વારંવાર કહેવામાં આવી છે કે, જ્યારે એક માણસનું બદલાણ ખરેખર થાય છે ત્યારે તે બદલાણની સૌ પ્રથમ નિશાની એ છે કે, નાણાં સબંધી તે તેની સ્ત્રી ઉપર વિશ્વાસ રાખે છે, અને નાણાંનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિષે તે તેની સ્ત્રી સાથે ચર્ચા-વિચારણા કરે છે. સંભવિત છે કે, આ અગાઉ તમામ નાણાં તે પોતાની જ પાસે રાખતો, તમામ ખરીદી પોતે જ કરતો, અને કદાચ, પત્નીનાં કપડાં પણ પોતે જ ખરીદતો. પશ્ચિમ આફ્રિકામાં સ્ત્રીઓ મોટા વેપાર ખેડે છે, તેઓ જ ઘરમાં મુખ્ય રળનાર હોય છે. અમે આશા રાખીએ છીએ કે, આવી જ અસર બદલાણની પાછળ પાછળ સામી દિશામાંથી પણ આવશે.

એક માણસ અને તેની પત્ની પરસ્પર જે બંધનમાં બંધાય છે–આથી વિશેષ મોટું બંધન કોઈ નથી–તે તો, અલબત્ત, તેમનાં બાળકો છે જેઓને ઇશ્વરે તેમના લગ્નમાં ફળરૂપે બક્ષ્યાં છે. ઇશ્વર–નિર્મિત ખ્રિસ્તી લગ્નના હેતુઓમાં જે હેતુને, ખ્રિસ્તી મંડળીઓમાં સૈકાં થયાં, પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે તે હેતુ તો એ છે કે,

બાળકને જન્મ આપવો અને તેને કેળવણી આપવી. એક દંપતિ, જે એક બીજા પર પ્રેમ રાખે છે તે તેમના બાળકની દેખભાળ રાખવાના કાર્ય દ્વારા પરસ્પર ઘણાં નિકટવર્તી બને છે. બાળકો પ્રત્યે પોતાની સ્ત્રીનું ધૈર્ય, અને તેમની રાખવામાં આવતી સાર-સંભાળ જોઈને એક માણસને નવાઈ લાગે છે; પત્ની પ્રત્યેની તેની પ્રશંસા વધુ ગહન અને સબળ બને છે. પત્ની પતિના આનંદ અને પ્રશંસાનો પ્રત્યુત્તર વાળે છે. બાળક માટે દંપતિનો ગર્વ અને હર્ષ દ્વારા, તેમ જ બાળકના વિકાસના પ્રત્યેક સોપાન વડે, ઈશ્વર તેમની વચ્ચે ઐક્યરૂપી સાંકળની એક નવીન કડીનું ઘડતર કરે છે.

પરંતુ, નવી સમસ્યા વિના આગળ પડતું કોઈ પગલું લઈ શકાતું નથી, નવીન કસોટીઓ સિવાય નવો હર્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. પત્નીને તેની સગર્ભા અવસ્થામાં મુશ્કેલીઓ હોય છે, તેવી જ રીતે પતિને પણ હોય છે. આ આખા સમય દરમ્યાન નહિ તોપણ આ સમયના અમુક ભાગ દરમ્યાન પતિ અને પત્ની વચ્ચે સમાગમ થાય તે ઇચ્છવાજોગ નથી; કેટલાંક સ્થળોએ તો તેવું વર્તન કરવા સામે સખત મનાઈ ફરમાવવામાં આવે છે, અને તે મનાઈ હુકમનું કડક પાલન કરવું પડે છે. આથી, કુદરતી રીતે, પતિ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. આફ્રિકાના કેટલાક પ્રદેશોમાં આવા સમયે અન્યત્ર રાહત મેળવવા માટે પતિને છૂટ છે એવું માની લેવામાં આવે છે. એક સારા સાર્વજનિક અભિપ્રાયથી આપણ સહુને લાભ પ્રાપ્ત થાય છે અને ખરાબ સાર્વજનિક અભિપ્રાયથી આપણે દુર્બળ બનીએ છીએ. જ્યાં સાર્વજનિક અભિપ્રાય એવો છે કે, આવા સમયે, એક માણસ અવિશ્વાસુ નીવડે તો કાંઈ વાંધો નહિ. પરંતુ આવા સમયે ખ્રિસ્તી–ધોરણનું પાલન કરવાની ઇચ્છા રાખનાર માટે ખાસ મુશ્કેલી ઉપસ્થિત થાય છે. આ પ્રકારનો નિગ્રહ કે સંયમ કેટલાક માણસો માટે એક ભારે કસોટીરૂપ બની રહે છે; પણ નિષ્ફળતા સિવાય જે વ્યક્તિ આવી કસોટીમાંથી

અણીશુદ્ધ બહાર નીકળી આવે છે તે ચારિત્ર અને શ્રદ્ધામાં સુદૃઢ બને છે. એક ખ્રિસ્તી પતિ પોતાની મુશ્કેલીઓ વિષે પોતાની પત્ની સાથે ચર્ચાવિચારણા કરે, અને બન્ને સાથે મળીને કસોટી–કાળની મુશ્કેલીમાંથી પતિ સુખરૂપ પસાર થઈ જાય માટે મદદ માટે ઈશ્વરની વિનંતી કરે તો, પતિને ખૂબ જ સહાય મળશે.

જ્યારે પ્રથમ બાળકનો જન્મ થાય છે, ત્યારે નવી ખેંચતાણ ઉપસ્થિત થવા પામે છે. અત્યાર સુધી પતિ તેની પત્નીનો સ્નેહ અને બરદાસ્ત, લગભગ પૂર્ણ રીતે, મેળવતો હતો. હવે તેમાં હિસ્સા પડે છે. જો પત્ની પોતાના સ્નેહ અને બરદાસ્તનો મોટો હિસ્સો બાળકને અર્પે છે તો પતિને લાગે છે કે પત્ની તેના પ્રત્યે બેધ્યાન બનેલી છે અને બાળકને તે એક વિઘ્નકર્તા માનવા લાગે છે. એક ખ્રિસ્તી કુટુંબમાં આ પ્રકારની મુશ્કેલી ઉપસ્થિત થવાનો સંભવ અલ્પ હોય છે. પત્ની એમ ગણશે નહિ કે નાનું બાળક તેની એકલીનું જ છે; બાળકને લગતી તમામ બાબતોની ચર્ચા-વિચારણા તે પોતાના પતિ સાથે કરશે; શરૂઆતના દિવસોમાં તો આ બાબતોમાં પતિને કાંઈ વધુ પડતો ફાળો આપવાનો હોતો નથી; પણ પોતાથી બનતું તે કરશે જ! બાળકમાં બન્નેનું એકત્રિત હિત સમાયેલું છે અને તે એઓની જવાબદારી છે એવું પોતાના પતિને સમજાવવા પત્ની શરૂઆતથી જ પ્રયત્નશીલ રહેશે. જો કે બાળકના ઉછેર માટે લાંબો સમય ગાળવો પડશે, અને ઘણી વિચારણા કરવી પડશે એવું જાણવા છતાં પત્ની પોતાના પતિના કામકાજમાં પોતાનો રસ જાળવી રાખવા યત્ન કરશે. સુયોગ્ય રીતે ઉત્તેજિત થયેલો પતિ બાળકની દેખભાળના, અને તેના વિકાસના કાર્યમાં પોતાની પત્નીને મદદ કરતાં ગર્વ અનુભવશે.

પ્રત્યેક દંપતિને સંતાનનો લાભ પ્રાપ્ત થતો નથી. બાળકો માટે તીવ્ર ઇચ્છા હોવા છતાં જ્યારે બાળકો જન્મતાં નથી, ત્યારે

દંપતિ ભારે નિરાશા અનુભવે છે. પતિ કરતાં પત્ની માટે આ પરિસ્થિતિ, કદાચ, ખૂબ જ મુશ્કેલી ભરી બને છે. પણ ગર્ભધારણ માટે મહિનાઓ સુધી રાહ જોવા છતાં તેમ બનતું નથી ત્યારે પતિ અને પત્ની બેઉની નિરાશા વધુ ઘેરી બને છે. અમે એવા ઘણા કેસો જોયા છે કે, વહેલે યા મોડે, એક અગર બન્ને બાજુએ, અવિશ્વાસુપણું પરિણમે છે; અને કેટલાક સમાજમાં આ પરિસ્થિતિ લગભગ કુદરતી છે એમ ગણવામાં આવે છે. પણ યુરોપિયન, એસિયન અને આફ્રિકન ખ્રિસ્તીઓમાં અમે એવા સમાન કેસો જોયા છે કે, જે ચીજ મેળવવા આકાંક્ષા રાખી હતી તે ન મળવા છતાં, નિરાશા અને તંગપરિસ્થિતિ પર તેઓએ વિજયવંત ફતેહ મેળવી છે, અને પતિ–પત્નીના પરસ્પરનાં સ્નેહ અને દરકારમાં વૃદ્ધિ થવા પામી છે.

ઘણાં ખ્રિસ્તી અને બિન–ખ્રિસ્તી દંપતિઓ બાળકોને દત્તક લઈને, તેમના પર પ્રેમ દર્શાવીને, અને જે સલામતી તેમને પ્રાપ્ય ન હતી તે બક્ષીને, ઉપરોકત મુશ્કેલીનો સામનો કરે છે. બાળકને દત્તક લેવું એ જ દત્તક લેનાર દંપતિનું પ્રથમ ચિંતવન હોવું જોઈએ, અને નહિ કે બાળક માટે માબાપ બનવાની જરૂરિયાત. એક ખ્રિસ્તી દંપતિ જેમને પોતાનાં તેમ જ દત્તક લીધેલાં બાળકો છે, તેઓનો ઈશ્વરી દાન તરીકે સહર્ષ સ્વીકાર કરી તેઓ (બન્ને પ્રકારનાં બાળકો) પ્રત્યેના પોતાના સ્નેહમાં કોઈ તફાવત રાખતાં નથી, પછી ગમે તો તેઓ દત્તક લીધેલાં હોય કે 'જન્મેલાં' હોય.

"આપણે કેટલાં બાળકો જોઈએ"? આ સમસ્યાનો કોઈ ઉલ્લેખ કર્યા સિવાય ખ્રિસ્તી લગ્ન (અંગે) નું પ્રકરણ પૂર્ણ કરી શકાય નહિ. આ વિષય એવો છે કે દૈનિક છાપાઓમાં તેમ જ વાતચીતમાં જાથુ રીતે ચર્ચાયા જ કરે છે. આ વિષે ખ્રિસ્તીઓ શું વિચારે છે તેવો પ્રશ્ન ખ્રિસ્તીઓએ પોતે પોતાને જ પૂછવો જોઈએ. યોગ્ય દેખભાળ રાખી શકાય તે કરતાં વધુ બાળકો

જ્યારે એક કુટુંબમાં હોય છે, ત્યારે મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે. વર્તમાન સમયમાં ગર્ભાધાન–નિરોધનાં કૃત્રિમ સાધનોની શોધ કરવામાં આવી છે.

હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે: "આવાં સાધનોનો ઉપયોગ કરી ગર્ભાધાન અટકાવવું એ શું ખ્રિસ્તીઓ માટે યોગ્ય છે?" રોમન કૅથોલિક મંડળી કહે છે, 'ના.' તે મંડળી શીખવે છે કે સંયમ દ્વારા અથવા 'સલામત સમય' દરમ્યાન સમાગમ વડે જ સંતતિ–નિયમન કરવું જોઈએ. આવા મત સાથે સહમત થતા ઘણા બિન–રોમન ખ્રિસ્તીઓ પણ છે. તેમ છતાં વિકાસ પામતો એક ખ્રિસ્તી અભિપ્રાય એવો છે કે, અમુક સંજોગોમાં સંતતિ–નિયમનનાં કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરવાની છૂટ છે. દાખલા તરીકે, જે મંડળીમાં અમે સેવા કરતાં હતાં ત્યાં એક હિંદી મહિલા હતી જેને પાંચ વર્ષની વયની અંદરનાં ચાર બાળકો હતાં, અને જ્યારે પાંચમું બાળક અવતર્યું ત્યારે ત્રીજું અને ચોથું બાળક ભૂખમરાથી મૃત્યુ પામ્યાં. ઘણાં બાળકો હોવાને કારણે માતા તેઓની સંભાળ લેવા અશક્ત હતી. આ તો એક અંતિમ કેસ છે. પરંતુ એવા પણ કેસો છે જેમાં, સમગ્ર કુટુંબના કલ્યાણાર્થે, માબાપ બાળકોના જન્મ વચ્ચે 'સમયનું અંતર'–એ બાળકોના જન્મ વચ્ચે એક વર્ષ કરતાં લાબું અંતર–રાખવા ઇચ્છા રાખે છે.

સ્ત્રીઓને ઘણાં બાળકો હોય, જેઓ સંભાળ રાખવાનાં સાધનોના અભાવે મૃત્યુ પામે, અથવા દરકાર વિહોણાં ઉછરે એવી ઈશ્વરની ઇચ્છા હોય એમ અમે માનતાં નથી. તેવી જ રીતે સ્ત્રીઓ બાળકોને જન્મ ન આપે એ માટે તેઓ આરામમય અને મોજશોખી જીવન જીવે, એવી ઈશ્વરની ઇચ્છા છે એવું પણ, અમે માનતાં નથી.

આ સમસ્યા વિશ્વના ઘણા વિભાગોમાં તાજેતરમાં ઉપસ્થિત થઈ છે. અમે માનીએ છીએ કે, ઇશ્વરે આપણને પ્રાકૃતિક પ્રેરણા સહિતનાં શરીરો આપ્યાં છે, અને આ ( શરીરો ) ને અંકુશમાં રાખવાનાં છે તેમ જ તેના મહિમાર્થે વાપરવાનાં છે. અમે માનીએ છીએ કે, જ્યારે ખ્રિસ્તીઓ આ સમસ્યાઓનો અભ્યાસ સાથે બેસીને કરે છે ત્યારે, જેમને આવી બદલાયેલી પરિસ્થિતિમાં જીવન જીવવાનું છે તેમને માટે તેની કેવી ઇચ્છા છે તેની નવી સમજ ઇશ્વિર તેમને આપે છે.

## પ્રકરણ ૩

# માબાપ અને બાળકો : આરંભનાં વર્ષો

ઇશ્વરે આપણ સહુને કુટુંબોમાં જન્માવ્યાં છે તેમાં એક ઇરાદો રહેલો છે. આપણા જીવનના પ્રારંભિક કાળે જે ચીજની આપણને સૌ કરતાં સવિશેષ જરૂરીઆત છે તે તો સલામતી કે નિર્ભયતા છે, આપણે સુરક્ષિત છીએ તેવી લાગણી. પ્રેમ સિવાય આવી લાગણી કે ભાવ ઉત્પન્ન થતાં નથી. ઇશ્વર એ પ્રેમી પિતા છે, અને તેનો આશય એ છે કે, તેનાં તમામ બાળકોને, તેમના જીવનના પ્રથમ દિવસે જ, પ્રેમનો અનુભવ થવો જોઈએ. માતાના દૂધ વડે બાળકોનાં શરીરોનું પોષણ થાય છે. શારીરિક વિકાસ માટે ઇશ્વરે આ અજાયબ પ્રબંધ કરેલો છે. બાળકોના આત્માઓનું પોષણ માબાપના પ્રેમ વડે થાય છે. આ એક સમત્વ અદ્ભુત વ્યવસ્થા ઇશ્વરે અન્ય વિકાસાર્થે કરેલી છે.

જ્યારે તેમનું પ્રથમ બાળક જન્મે છે ત્યારે સામાન્ય કક્ષાનાં તમામ માબાપ આનંદ અને આશ્ચર્ય અનુભવે છે, અને પ્રત્યેક ચીજ માટે તેમના પર આધાર રાખતું એક નાનું નિઃસહાય બાળક તેમના કુટુંબમાં પ્રવેશ પામે છે. ખ્રિસ્તી માબાપ માટે તો આ આનંદ અને આશ્ચર્ય વિશિષ્ટ પ્રકારનો હોય છે, કારણ કે, તેઓ જાણે છે કે, આ બાળક તો તેમને ઇશ્વર તરફથી મળેલું કૃપાદાન છે. ઇશ્વર પોતે, એક સમયે, માનવ-જીવનમાં એક બાળકરૂપે પ્રવેશ્યા તેનું સંસ્મરણ

તેમને થાય છે. નિઃસહાય અને અનેક વાર સંતાપ આપતાં બાળકો પ્રત્યે પોતાના પ્રેમના અનુભવ દ્વારા, તેનાં (ઇશ્વરનાં) તમામ બાળકો પ્રત્યે ઇશ્વરના પ્રેમની ગહન સમજ ખ્રિસ્તી માબાપને પ્રાપ્ત થશે. તેવી જ રીતે, તેઓ માટેના ઇશ્વિરી ધૈર્યધારી પ્રેમના અનુભવ મારફતે માબાપે પોતાનાં બાળકો પર કેવો પ્રેમ રાખવો જોઇએ તે તેઓ સમજતાં થશે.

વિકાસ પામવો (કે મોટા થવું) એ બાળક માટે એક મુસાફરી–પોતાનાં માબાપ ઉપરની પૂરી પરાધીનતામાંથી નીકળીને, તેઓથી સંપૂર્ણ રીતે આઝાદ બનવું–સમાન છે. જ્યારે એક બાળક જન્મે છે ત્યારે તે નિઃસહાય અને સર્વથા મોટેરાંઓ પર અતિશય આધારિત જીવન જીવે છે, ખાસ કરીને તેનાં માબાપ ઉપર. જ્યારે બાળક મોટું થાય છે. ત્યારે તે જે કરવા ઇચ્છા રાખે છે તે કરવા શક્તિમાન બનવા માંડે છે, તેની આસપાસની દુનિયામાંની ચીજો ઉપર અંકુશ મેળવવા, તે શું કરશે, કયાં જશે અને શું માનશે તે વિષે પોતે પોતાને માટે નિર્ણય લેવા લાગે છે. બાળકોને ઉછેરતાં જે કર્તવ્ય માબાપે કરવાનું છે તે આ છે: સારૂં શું છે તે બાળકોને જણાવવું, જે સારૂં છે તે ઉપર પ્રીતિ રાખતાં શીખવવું એ માટે કે તેઓ ડહાપણથી નિર્ણય લેતાં શીખે અને જે સારૂં છે તે ઉપર ચિત્ત લગાડે. ખ્રિસ્તી માબાપ ઇચ્છા રાખશે કે, તેમનાં બાળકો ઇશ્વરને ઓળખે, અને તેના પર પ્રેમ રાખે એ સારૂ કે, જ્યારે તેઓને પોતાના નિર્ણયો કરવાનો સમય આવી લાગે ત્યારે તેઓ ઇશ્વિરી પ્રેમના પ્રત્યુત્તરમાં મુક્ત રીતે પોતાનું સ્વાર્પણ કરવા તત્પર બને અને તેના અંકુશ તળે પોતાને લાવે.

પોતાના જીવનના પ્રારંભિક દિવસોમાં એક બાળક, સીધી રીતે, ઇશ્વરના પ્રેમ વિષે કાંઈ શીખતું નથી; એ કાંઈ તે જાણે છે તે તો માબાપનો પ્રેમ, અને તે પ્રેમ દ્વારા જ ઇશ્વિરી પ્રેમનો અનુભવ કરે અને તે પ્રેમ કેવો છે તે સમજવા લાગે છે.

જો કોઈ એક બાળક પ્રેમ દ્વારા પોતાને સંપૂર્ણ સલામત માને તો તેની આસપાસની દુનિયાની શોધખોળ કરવા તે સત્વર તત્પર બને છે, અને તેની સાથે વહેવાર કરવા નવી ચતુરાઈ કે હોશિયારી પ્રાપ્ત કરે છે—ચીજો કે વસ્તુઓ પકડવાની, અને તેમને ફેંકી દેવાની, મિનારા બાંધવાની અને તેમને પાડી નાખવાની, બોલતાં શીખવાની અને ચાલતાં શીખવાની. જો કોઈ એક બાળક પર પ્રીતિ રાખવામાં આવતી નથી તો તે સર્વદા બીતું રહે છે, પ્રવૃત્તિમય દુનિયા શોધવાના કાર્યમાં તેની પ્રગતિ મંદ રહે છે. એક સામાન્ય બાળક પોતાની તમામ શોધખોળને લીધે આનંદિત બનશે કારણ કે, તેની સાથે તેનાં માબાપ ખુશી થાય છે, અને જે નવીન પગલું તે ભરે છે તે તેઓ સગર્વ નિહાળે છે. બાળકનો થતો વિકાસ જ્યારે આપણી નજરે ચઢે છે, ત્યારે આપણે જાણીએ છીએ કે, એક નવા માનવ–આત્માનું સર્જન કરતાં ઇશ્વરને આપણે સાચે જ નિહાળીએ છીએ. તેના કાર્ય માટે ઈશ્વર ત્રણ નિયુક્તિઓ વાપરે છે—પ્રેમનું વાતાવરણ, જેમાં બાળક આબાદ બની શકે, રમવાની અને પોતાના પ્રયત્નો દ્વારા કાંઈક મેળવવાની બાળકની પ્રાકૃતિક પ્રેરણા; પોતાની પ્રાપ્તિના આનંદમાં, માબાપ સાથે બાળકની ભાગીદારી.

બાળક ચાલતાં શીખે છે, અને પોતાની પાસે પાછા આવવા તેની માતા તેને બોલાવે છે ત્યારે આનંદિત હાસ્ય સાથે તે દોડી જાય છે. બાળકને પાછું લાવવા તેની માતા તેની પાછળ હસતી હસતી દોડે છે. આઝાદી તરફની બાળકની યાત્રામાં આ એક આગળ પડતું આગેકદમ છે. તેણે શોધી કાઢયું છે કે તે તેની માતા પાસેથી દૂર જઈ શકે છે, જોકે તે માત્ર એકાદ પગ માટે હોય!

તેમણે મેળવેલી સિદ્ધિમાં, આ વયનાં બાળકો ખુશી થાય છે. નિરાશાની પળો પણ તેમને આવી મળે છે. કેટલીક વખત તેઓ એવી વસ્તુઓ કરવા પ્રયત્ન કરે છે, જે કરવા તેઓ હજુ શક્તિમાન

બન્યાં નથી; કેટલીક વખત તેઓ શું કહેવા ઇચ્છે છે તે સમજાવવા શબ્દો શોધી શકતા નથી. તેવા સમયે સંભવ છે કે તેઓ ગુસ્સા સહિત બૂમો પાડે. માબાપે ધીરજ ધરવી પડે, બૂમ ન પાડવા માટે તેમણે બાળકને શીખવવું જોઈએ. આ શીખવવા માટે બૂમો પ્રત્યે તેમણે બેધ્યાન બની બાળકને કહેવું જોઈએ કે, જો તે શાંત રહેશે તો જ તેઓ તેને મદદ કરશે. કેટલીક વખત એકાદ ટપલી પણ અસરકારક નીવડે. કેટલીક વખત બૂમો માટે વાજબી કારણ પણ હોય શકે, અને જો તેમ હોય તો, તે દૂર કરવું જોઈએ. પ્રેમ અને શાંતિની જરૂર છે, અને માબાપને એ યાદ કરવું ઘટે કે, ઘણાં છોકરાં જ્યારે તેઓ મોટાં થાય છે ત્યારે, બૂમો પાડવાની ટેવ ભૂલી જાય છે.

શરૂઆતના દિવસોમાં છોકરાં ખરા અને ખોટા વચ્ચેનો ભેદ જાણતાં હોતાં નથી, પણ તેમનાં માબાપ શાથી રાજી થાય છે અથવા નારાજ થાય છે તેટલું જ તેઓ જાણે છે. પણ છોકરાને તેમની સ્વેચ્છા હોય છે, અને કેટલીક વખત તેઓ પોતાની ઇચ્છા, માબાપની ઇચ્છા વિરૂદ્ધ ઠોકી બેસાડવા કોશિશ કરે છે. તેમનાં માબાપના પ્રેમની અત્યંત જરૂરિયાત અને મનફાવ્યું કરાવવા તેમની ઇચ્છા વચ્ચે તેઓ દ્વિધામાં આવી પડે છે. ઘરમાં વ્યવસ્થા અને શિસ્ત હોવાં જોઈએ. શક્ય તેટલા ઓછા નિયમો હોવા જોઈએ પણ તે નિયમો પળાવવા જોઈએ. તેમનાં માબાપની દૃઢ શિસ્ત દ્વારા જ છોકરાં ખરા અને ખોટા વચ્ચેનો ભેદ સમજતાં થશે. જ્યારે તે નઠારૂં બને છે અને નઠારા બનવા માટે તેને શિક્ષા કરવામાં આવે છે ત્યારે પણ તેના ઉપર પ્રેમ રાખવામાં આવે છે. આ વાત બાળકને સ્પષ્ટ રીતે સમજાવવી જોઈએ. એકાદ પળ માટે તે તેની માતાથી નારાજ થાય અને કદાચ તેની માતાને ધિક્કારે, તોપણ બાળક પ્રત્યેનો માતાનો પ્રેમ નાશ પામતો નથી. જો આ રીતે માબાપ છોકરાં પ્રત્યે વર્તન કરે તો ઈશ્વરનો પ્રેમ કેવો છે તેનું તેઓ બાળક સમક્ષ સ્પષ્ટીકરણ કરે છે.

નાનાં અને નબળાં રહેવું બાળકોને ગમતું નથી. મોટા થવું અને મજબૂત બનવું તેમને ગમે છે. આ લાગણી રમતગમતની દુનિયામાં, કુદરતી રીતે, બહાર આવે છે, જ્યાં ઘણા મોટા ભાગે છોકરાં તેમની પોતાની દુનિયાનું સર્જન કરે છે. જ્યારે એક નાનું બાળક સોટી વડે પતરું વગાડે છે ત્યારે તે ખુશી થાય છે, કેમ કે તે મોટો અવાજ કરી શકે છે. માતાના અંકુશ તળે હંમેશાં રહેતી એક નાની બાળા કંટાળી જાય છે, આમાં ફેરફાર થાય તે માટે તે એવી પરિસ્થિતિએ પહોંચવા ઇચ્છા રાખે છે કે, જ્યારે તે પોતે પોતાની આસપાસના બીજા લોકોને હુકમ કરી શકે. રમતગમતની દુનિયામાં બાળક આમ કરી શકે છે. પોતાની ઢીંગલીની તે બળવાન માતા બને છે, અને હુકમો છોડે છે, અને ઢીંગલીને અંકુશમાં રાખે છે; કદાચ ઢીંગલીને તે ધોલધાપટ પણ કરશે!

બાળકો ઇચ્છા રાખે છે કે, તેઓ બળવાન અને મહત્ત્વનાં બને. બળવાન અને મહત્ત્વનું બનવું એટલે શું? પ્રારંભિક વર્ષો દરમિયાન પોતાનાં છોકરાંને જો માબાપ મૂલ્યાંકનનું સાચું જ્ઞાન આપે જેથી જે સાચે જ અગત્યનું છે તેનું માપ માપી શકાય તો આ તેમની, છોકરાં પ્રત્યેની, સર્વોત્તમ સેવા છે. પાંચ વર્ષની એક નાની બાળા નાહવાના ટબમાં બેસીને પાણી હલાવતાં હલાવતાં પોતે કેવી મહાન વ્યક્તિ બનશે તે વિષે સ્વગત વાત કરતી અને વિચાર કરતી બેઠી હતી. પ્રથમ તો એક મચ્છી બની, પછી એક મગરમચ્છ બની, પછી બની મગરમચ્છનો રાજા. ત્યાર બાદ તે એક પરી બની, પછી પરીઓની રાણી બની અને છેવટે બની ઇંગ્લેન્ડની રાણી. આખરે તેણે વધુ મહાન વ્યક્તિ વિષે વિચાર કર્યો. "હું ઈસુ છું" ત્યાર પછી તેને ભાન થયું કે તે વિચારવમળમાં ખૂબ આગળ વધી ગઈ હતી. તેને યાદ આવ્યું કે આગલી રાતે જ તેની માતાએ ઈસુ કેવી રીતે દાસ બન્યા તે વિષે તેણે તેને વાંચી સંભળાવ્યું હતું. તેથી તેણે એક ભજન ગાયું જે તેણે પોતે બનાવ્યું—રાજાઓના રાજા ઈસુની ખૂશમિજાજી દાસી બનવા હું ઇચ્છા રાખું છું."

ખ્રિસ્તી કુટુંબમાં, ખ્રિસ્તી શિક્ષણ આપવાનું કાર્ય ઘણી કુમળી વયે-બાળકો બોલતાં શીખે અને કહેલું સમજતાં થાય તેટલી વયે- શરૂ કરી શકાય. ઈશ્વર વિષેના ગૂઢ વિચારો-તે સર્વત્ર છે અને સર્વવ્યાપી છે—બાળકો સહેલાઈથી ગ્રાહ્ય કરી શકે નહિ. પણ બાળકો સમજતાં થાય કે તુરત જ તેમને ઈસુની વાતો કહેવાની શરૂઆત કરી શકાય, તેના પ્રેમ વિષે તેઓ શીખી શકે, અને એ રીતે ઈશ્વરનો પ્રેમ કેવા પ્રકારનો છે તે તેઓ સમજી શકે. પોતાનાં બાળકોને માતાઓ ઈસુ પાસે લઈ આવી એ એક અતિ પ્રિય વાર્તા છે; નાનાં બાળકો પણ શીખી શકે કે, ઈસુ બાળકોને ચાહે છે અને બદલામાં તેઓ પણ તેને ચાહતાં શીખી શકે.

અમારી નાની દીકરીને નાતાલની વાર્તાઓ ખૂબ ગમતી અને ખાસ કરીને નાના બાળ ઈસુની મુલાકાતે આવેલા માગી લોકોની વાર્તા. એક દિવસે જ્યારે તે બે વર્ષની હતી ત્યારે અમે તેને બાગમાં રમતી જોઈ. તેની પાસે કેટલીક રૂપેરી ચીજો હતી જે તે ઘરમાંથી લઈ આવી હતી. અમે જ્યારે તેને કહ્યું કે આ ચીજો ઘરમાંથી લઈ આવી માટે તે નઠારી છોડી છે, ત્યારે તે ખૂબ ગુસ્સે થઈ ગઈ. તેણે એક જગા બતાવી અને કહ્યું કે ત્યાં બાળ ઈસુ છે અને તેની પાસેની ચીજો તો બક્ષીસો હતી (સોનું, બોળ અને લોબાન) જે તે તેને આપવા લઈ આવી હતી.

બાળક બોલતાં શીખે કે તુરત જ તે પ્રાર્થના કરવાનો આરંભ કરી શકે. જે સારી ચીજો આજે મળી તે માટે પહેલી પ્રાર્થના આટલી જ હોય એ સંભવિત છે: 'મહેરબાની.' બાળક, માબાપ અને અન્ય કુટુંબીજનો પર ઈશ્વરનો આશીર્વાદ આવો એવી બીજી પ્રાર્થના હોય. તેમ છતાં, દિવસ દરમિયાન કોઈક વખતે માબાપે, બાળકો સાથે—ભેગાં થઈને પ્રાર્થના કરવી જોઈએ એ અગત્યની વાત છે. આવી પ્રાર્થના સાદી અને સરળ હોવી જોઈએ એટલા સારૂ કે બાળકો

રાજીખુશીથી તે પ્રાર્થનામાં ભાગ લે. પિતાએ આવી પ્રાર્થનામાં ભાગ લેવો જોઈએ એ માટે બાળકોને એવું ન લાગે કે પ્રાર્થના તો માત્ર સ્ત્રીઓ અને બાળકો જ કરે.

બાળક ત્રણ વર્ષનું થાય છે ત્યારે તે દરેક બાબત વિષે પ્રશ્નો પૂછે છે, અને પ્રત્યેક વસ્તુ કે ચીજનું મૂળ શોધી કાઢવા પ્રયત્ન કરે છે. ઘણા પ્રશ્નોનો એક જ જવાબ આપી શકાય : "ઈશ્વરે તે બનાવ્યું." જ્યારે આવો જવાબ આપવામાં આવે છે ત્યારે તમામ જરૂરિયાતો પૂરી પાડનાર, અને દરેક જણની સંભાળ રાખનાર ઈશ્વર છે એવું કુદરતી રીતે, બાળક વિચારતું થાય છે. તેની બધી ગરજો પૂરી પાડનાર અને સારૂં શું છે તે વિષેનો નિર્ણય તેના માટે કરનાર માબાપ જેવો ઈશ્વર છે એવું બાળક માનવા લાગે છે. ઈશ્વરે આ જવાબદારી ખ્રિસ્તી માબાપને શિરે મૂકેલી છે—તેમના પ્રેમ દ્વારા ઈશ્વર કેવો છે તે વિષે તેમનાં બાળકોના મનમાં પ્રથમ વિચાર મૂકવાની.

માબાપ તેમનાથી બની શકે તેટલું બધું જ કરે તોપણ ઈશ્વર જે સૌનો પિતા છે તેનો પ્રેમ પૂર્ણ રીતે બાળકોને બતાવવામાં તેઓ અપૂર્ણ માલૂમ પડે છે. નાનાં બાળકો શરૂઆતમાં એવું વિચારે છે અથવા માને છે કે, તેમનાં માબાપ સંપૂર્ણ છે. એવો દિવસ, વહેલો કે મોડો આવવાનો છે જ જ્યારે બાળકને માલૂમ પડે છે કે ઈશ્વર—જેવાં તેનાં માબાપે તેને ઉતારી પાડયું છે. થાકેલી એક માતા પોતાના બાળક પર નજીવા કારણસર ગુસ્સે થઈ જાય છે. જ્યારે આવું બને ત્યારે માતાની પ્રથમ ફરજ એ છે કે, ઈશ્વરનો પ્રેમ કેવો છે તે પોતે પોતાના બાળકને જણાવવાના કાર્યમાં તે નિષ્ફળ નીવડી છે તે માટે તેની ઈશ્વર પાસે ક્ષમા માગે. તેણે બાળકની પણ માફી માગવી જોઈએ. જો તે તેમ કરે તો બાળક બે ઘણી અગત્યની બાબતો શીખી શકશે. પહેલી વાત, ઈશ્વર કોઈએક છે જે તેનાં માબાપ કરતાં સવિશેષ સારો અને વધુ શકિતશાળી છે. બીજી વાત પણ તે શીખશે કે જ્યારે

તે ખોટું કરે ત્યારે તેણે પણ ઈશ્વરની, તેમ જ જેઓના હક્કમાં તેણે કાંઈ ખોટું કર્યું છે તેઓની, ક્ષમા યાચવી જોઈએ.

કેટલાંક માબાપ હમેશાં પોતાનાં બાળકોને હુકમો જ આપ્યા કરે છે. બીજાં કેટલાંક, ઠપકો આપતાં રહે છે, અને જે પ્રમાણે કરવાનું તેમને કહેવામાં આવ્યું હોય તે પ્રમાણે ચોક્કસાઈથી ન કરવા બદ્દલ તેમની કસૂર કાઢતાં હોય છે. આ મુજબનું વર્તન કરવાથી બાળકો બીકણ અને ડરપોક બને છે. પણ એ બનવાજોગ છે કે, સમય જતાં માબાપે ઠરાવેલા નિયમો સામે તેઓ બળવો પોકારે છે અને જો તેમણે જાણ્યે અજાણ્યે એવું માન્યું હોય કે, ઈશ્વર તેમનાં માબાપ જેવો છે તો તેઓ ઈશ્વર સામે પણ બળવો ઉઠાવે એ સંભવિત છે.

બીજાં કેટલાંક માબાપ પોતાનાં બાળકોને બગાડે છે. જે કરવાનું કહેવામાં આવ્યું છે તે જ બાળકોએ કરવું જોઈએ એવો આગ્રહ તેઓ રાખતાં નથી, અને જ્યારે બાળકો ખોટું કરે છે ત્યારે તેમને સુધારવા માટે પણ તેઓ કાંઈ કરતાં નથી. જીવનની શરૂઆત કરવાની આ એક ઘણી અશુભ તૈયારી છે. બાળકોને શિસ્તની જરૂર છે; અને માબાપે શિસ્તનું પાલન દૃઢપણે કરાવવું જોઈએ, ધૈર્યવાન અને માયાળુ બનીને, ગુસ્સે થઈને નહિ. તેઓનું જીવન સુસંગતતાવાળું હોવું જોઈએ. બાળકે જાણવું જોઈએ કે, જો તે નઠારૂં બનશે તો તેનાં માબાપ એક દિવસ તેની તરફ જોઈને હાસ્ય કરશે નહિ, પણ જો તેવી જ રીતે બીજે દિવસે પણ વર્તશે તો તેને માર પડશે. તેનું કહેવું શું છે તે જણાવવાની બાળકને છૂટ હોવી જોઈએ, પણ તેણે આ પણ શીખવું જોઈએ કે, તેનું વચન તેને પોતાને કે અન્ય લોકને હાનિકર્તા નથી. રેતીમાં કિલ્લા બાંધવા માટે બાળકને ઉત્તેજન આપી શકાય; પણ, જો તે પોતાના ભાઈની આંખમાં રેતી નાખવા માંડે તો તેને શિક્ષા કરવી જોઈએ. અમુક સમયે પોતાની

ઇચ્છા વિરુદ્ધ જઈને પણ જો બાળક પોતાનાં માબાપ પર શ્રદ્ધા રાખતાં શીખ્યું હશે તો જતે દિવસે, જ્યારે જીવન સખ્ત કે મુશ્કેલ જણાય અને પોતાને જરૂરી લાગતાં તમામ વાનાં જો ઈશ્વર તેને પ્રાપ્ત કરવા ન દે તોપણ, તે ઇશ્વર પર શ્રદ્ધા રાખવા શક્તિશાળી બનશે.

શિસ્તની બાબતોમાં માતા અને પિતા બન્ને સહમત થવાં જોઈએ. જો તેમાં કોઈ મતભેદ પડે તો ખાનગી રીતે, અને બાળકની હાજરીમાં નહિ, તે વિષે વાતચીત કરી લેવી જોઈએ.

અમારી દીકરી જ્યારે પાંચ કે છ વર્ષની હતી ત્યારે એક દિવસે તેણે તેની માતાને કહ્યું : “તમે મને ગમતાં નથી, હું, પિતાજી પર પ્રેમ રાખું છું.” માતાએ જવાબ આપ્યો, “હું પણ પિતાજી પર પ્રેમ રાખું છું. આપણે બેઉ તેમને ચાહીએ છીએ તે કેવું શોભીતું છે!” થોડા દિવસો પછી તેણે તેની માતાને કહ્યું, “મા, હું તમને ચાહું છું, મને પિતાજી ગમતા નથી.” તેની માતાએ તાત્કાલિક અટકળ કરી લીધી કે, તેના પિતાએ જે કરવા તેને ના પાડી હશે તે તેને કરવા દેવામાં આવે તેવી તેની ઇચ્છા હતી અને તેથી માતાએ આ ટીકા પર કાંઈ ધ્યાન આપ્યું નહિ. બાળકે ઉતાવળે આ શીખી લીધું કે, તે તેનાં માબાપને જુદાં પાડી શકશે નહિ, અને એકને બીજાની વિરુદ્ધ કરીને તે કાંઈ હાંસલ કરી શકશે નહિ.

બાળકો તેમનાં માબાપ ઉપર હંમેશાં એક સરખી રીતે પ્રેમ કરતાં નથી. બાળકો જ્યારે નાનાં હોય છે ત્યારે કુદરતી રીતે તેમનો સોબતી અને દોસ્ત તેમ જ વિશ્વાસુ મિત્ર તેમની માતા હોય છે. પિતાઓ જો ફરિયાદ કરે કે, તેમનાં બાળકો તેમના ઉપર પ્રીતિ રાખતાં નથી તો તેની પરિસ્થિતિ માટે મોટા ભાગે તેઓ જ દોષિત હોય છે. તેમની ઇચ્છા જો એવી હોય કે, તેમનાં બાળકો તેમના પર પ્રેમ રાખે તો તેમણે બાળકોનો સહવાસ કેળવવા, તેમના હિતમાં સહભાગી બનવા અને તેમની વાતચીત સાંભળવા સમય ફાજલ પાડવા

પ્રયત્નશીલ રહેવું જોઇએ. કોઈપણ સંજોગોમાં પતિઓએ તેમની પત્નીઓ પ્રત્યે ઇર્ષાળુ થવું જોઇએ નહિ. જો એક પતિ તેની પત્ની પર ખરેખર પ્રીતિ રાખે છે, તો પત્ની પોતાનાં બાળકોનો સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે તે જાણીને તેણે ઉપકારવશ થવું ઘટે અને તેટલા માટે જ તેણે પત્ની ઉપર વિશેષ પ્રીતિ કરવી જોઈએ.

સમય વીતતાં, પસંદગીથી, જુદી પરિસ્થિતિ પણ ઉત્પન્ન થાય. ઘણી વખત ઉંમરલાયક દીકરીઓ પોતાના પિતાને ઉત્તમ મિત્ર અને સલાહકારક ગણે છે. વિકાસ પામતા દીકરાઓ, જ્યારે તેમના પિતાઓ સામે બળવો પોકારવાની પરિસ્થિતિમાંથી પસાર થતા હોય છે, ત્યારે મદદ અને વાત્સલ્ય માટે તેઓ પોતાની માતા તરફ મીટ માંડે છે. કૌટુંબિક વાતાવરણમાં આવા ફેરફારોને લીધે, સમજદાર માબાપ વ્યાકુળ થશે નહિ; અને પોતાનાં બાળકો સાથે ધીરજથી અને વિનોદ સહિત ચર્ચા–ચિંત્વન કરશે અને ખચીત તેઓ એકબીજાં પ્રત્યે ઈર્ષાળુ બનશે નહિ.

પોતાનાં બધાં જ બાળકોને એકસરખી રીતે ચાહવાં એ માબાપ માટે મુશ્કેલ છે; પણ તેમણે બાળકો સાથે એકસરખો વર્તાવ કરવો જોઈએ. અનુભવ દર્શાવે છે કે, આવું વર્તન પૂરતું થઈ પડવા સંભવ નથી. સાધનસંપન્ન ઘરમાં ઉછરેલી એક કન્યા, જેની ઉંમર ૧૧ વર્ષની હતી, અને જેને જોઈતી તમામ વસ્તુઓ ઉપલબ્ધ હતી, તે ચોરી કરવા લાગી. આ કન્યા આકર્ષક ન હતી, પણ તે ક્રોધી અને કઠિન સ્વભાવવાળી હતી. તેને એક ખુશમિજાજી અને મળતાવડા સ્વભાવવાળો નાનો ભાઈ હતો જે તેના કરતાં ૭ કે ૮ વર્ષ નાનો હતો. આવા આનંદી દીકરા પર, તેમની કડકમિજાજી દીકરી કરતાં વધુ પ્યાર ન કરવો એ તેનાં માબાપ માટે તદ્દન અશક્ય જ હતું.

હવે, અહીં, આપણી સમક્ષ ખરેખર એક મુશ્કેલ પરિસ્થિતિ ખડી થઈ છે. આકર્ષક બાળકો પ્રત્યે આપણે જેટલી પ્રીતિ રાખીએ

છીએ તેટલી જ પ્રીતિ અનાકર્ષક બાળકો ઉપર આપણે કેવી રીતે દર્શાવી શકીએ? આમ કરવું એ કઠિન છે. પરંતુ આપણે ખ્રિસ્તી કુટુંબ વિષે અહીં વાત કરીએ છીએ અને ખ્રિસ્તી કુટુંબમાં આપણે ચમત્કારોની પણ અપેક્ષા રાખી શકીએ. જો માબાપને માલૂમ પડે કે, અન્ય બાળકો કરતાં એક અમુક બાળક ઉપર તેઓ ઓછી પ્રીતિ રાખે છે, તો આપણાં હૃદયોમાં ઈશ્વરનો પ્રેમ રેલાવનાર પવિત્ર આત્માની મદદ તેઓએ માગવી અને જ્યાં પ્રેમની ઓછપ છે ત્યાં તે પ્રમને વહેતો બનાવશે.

ઘરમાં શું બને છે તે વિષે તેમ જ માબાપની માનસિક પરિસ્થિતિ વિષે બાળકો ઘણાં લાગણી–પ્રધાન હોય છે. અદૃષ્ટ અને અનામી ચિંતા બાબતમાં તેઓ લાગણીવશ બને છે અને તેથી તેમને દુઃખ થાય છે.

એક વખત અમારા બાળકને ખાંસી થઈ આવી. દાક્તરે કહ્યું કે ખાંસી માટે કોઈ શારીરિક કારણ નથી. બાળક તો ઢીલુંપોચું બન્યું ન હતું પણ માતાનો ઉશ્કેરાટ વધી ગયો હતો! ચિંતાએ પકડ જમાવી હતી–ઘરકામના બોજાની અને નાણાંની ચિંતા–નિશાળની 'ફી' બાબત સરકારી ગ્રાન્ટ (મદદ) મળશે કે કેમ વગેરે. માતાની ચિંતાનો બોજ બાળકને શિરે આવી ગયો જેને પરિણામે ખાંસી થઈ આવી હતી. માતાની સારવાર માટે એક જ ઇલાજ હતો કે તેણે પોતાની સર્વ ચિંતાઓ ઈશ્વરના હાથમાં મૂકવી અને ત્યાં જ રહેવા દેવી.

બાળપણથી જ બાળકને મૃત્યુ વિષે ભાન થાય છે. એકાદ પ્રેમીજનનું અવસાન તેની નજરે ચઢે તે અગાઉ માબાપે બાળકને એ સમજાવવું જોઈએ કે, મૃત્યુ માનવ જીવનનો અંત નથી, પણ આપણે જ્યારે મરણ પામીશું ત્યારે ઈશ્વરની પાસે જઈશું અને તેની સાથે સદાકાળ સુખી થઈશું. સંભવિત છે કે બાળક આ

બાબત વિષે પૂછે, અને જ્યાં સુધી બાળકને સંતોષ થાય નહિ ત્યાં સુધી, તેના પ્રશ્નનો જવાબ પ્રેમથી અને ધીરજસહિત તેને આપવો જોઈએ. માબાપ જે કહે છે તે તેઓ પોતે ખરેખર માને છે એવી બાળકને ખાતરી થાય નહિ ત્યાં સુધી બાળકને કદી પણ સંતોષ થશે નહિ.

પોતાનાં માબાપ પર બાળક શ્રદ્ધા રાખવા શક્તિમાન બને, અને તેઓ હંમેશાં સાચું જ બોલે છે એવી પ્રતીતિ બાળકને થાય એ અતિ અગત્યની બાબતો છે.

કેટલાક લોકો પોતાનાં બાળકો સારાં બને માટે ધમકીઓનો ઉપયોગ કરે છે. આફ્રિકામાં અને હિંદમાં તેઓ એમ કહે છે કે નઠારા બાળકને ગોરો માનવી ઉપાડી જશે; ઇંગ્લેન્ડમાં એવું કહેવાય છે કે કાળો માનવી કે પોલિસ લઈ જશે. ખ્રિસ્તી કુટુંબમાં આવી ધમકીઓને સ્થાન હોતું નથી. ઘણી ઉતાવળે બાળકને ખબર પડી જશે કે માબાપ જૂઠું બોલે છે. બાળકને જ્યારે માલૂમ પડે છે કે, માબાપ જે કહે છે તે માની શકાય તેવું નથી, ત્યારે જે બીજી વાતો તેઓ કહે છે તે પણ તેણે શા માટે માનવી જોઈએ ? સંભવિત છે કે તે એવું પણ માની લે કે, તેને સારૂં બનાવવા માબાપે ઈશ્વરની બનાવટ કરી છે.

પોતાનાં માબાપ સાથે મિત્રો તરીકે વાતચીત કરી શકે છે એવું છોકરાંને લાગતું જોઇએ. અલબત્ત, છોકરાં, ઘણી વખત એવો પ્રશ્ન પૂછે છે કે, જેમનો ઉત્તર આપવો અત્યંત કઠિન હોય છે. તેમ છતાં, આ પણ ખૂબ અગત્યનું છે કે, માબાપે હરગીઝ જૂઠું બોલવું ન જોઇએ. બાળક પૂછે છે, 'ઈશ્વરે મગરમચ્છ શા માટે બનાવ્યો ?' (અથવા માખ કે મચ્છર). માબાપ માટે સૌથી ડહાપણભર્યું એ જ છે કે, તેઓ આટલો જ ઉત્તર આપે, 'મને ખબર નથી.' આથી વિવેકભરી રીતે બાળકને માલૂમ પડશે કે, એવી ઘણી બાબતો છે જેની ખબર માબાપ સુદ્ધાંને હોતી નથી.

પણ બાળક જો પૂછે કે, 'નાનાં બાળકો ક્યાંથી આવે છે?' તો કોઇપણ પ્રકારનો સત્ય ઉત્તર આપવાની જરૂર છે. જવાબ આપવા માટે સમય અનુકૂળ ના હોય, અને જો માબાપ કહે કે, 'આજ રાત્રે હું તેને તે વિષે કહીશ' તો તેથી કાંઈ નુકસાન થવાનું નથી. પ્રથમ વખત જ્યારે આ પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે જરૂરી માહિતી-દર્શક ટૂંકો અને સરળ ઉત્તર આપવો આવશ્યક છે. પણ જેવી રીતે સર્વસામાન્ય પ્રશ્નોના ઉત્તર આપવામાં આવે છે તેવી જ રીતે, નિખાલસપણે અને શાંતચિત્તે, આ પ્રશ્નનો જવાબ આપવો જોઈએ. ઈશ્વરે આપણાં શરીરો કેવી રીતે બનાવ્યાં છે તે વિષે ખ્રિસ્તી માબાપ ટૂંકમાં કાંઈક સમજાવશે, અને એવી અસર ઉપજાવશે કે, આ બધું નવાઈ પમાડે તેવું અને સુંદર છે. જો એવી અસર ઉપજાવવામાં આવે કે, કેટલાક વિષયો એવા છે કે, જે વિષે માબાપને વાત કરવી ગમતી નથી તો બાળક તેવા પ્રશ્ન પૂછવાનું બંધ કરશે, પણ સંભવિત છે કે, પાછળથી, તે વિષેની માહિતી અન્ય સ્થળોએથી મેળવવા બાળક પ્રયત્ન કરશે, જે માબાપને રૂચિકર લાગશે નહિ.

જાતીય વિષય પરત્વે બાઇબલ ઘણું જ નિખાલસ છે, અને શકય તેટલી કુદરતી રીતે તે તે વિષયને છેડે છે. તમામ ખ્રિસ્તીઓ માટે આ એક આદર્શ છે, અને ખાસ કરીને ખ્રિસ્તી માબાપને માટે. આવાં માબાપની ઇચ્છા હશે કે તેમનાં સંતાનોને એવું લાગવું જોઈએ કે, આવી તમામ બાબતો અંગે પોતાની સાથે વાતચીત કરવા તેમને છૂટ છે, પણ એ યાદ રાખવું ઘટે કે અમુક બાબતો ખાનગી હોય છે જે વિષેની વાતચીત કુટુંબના સભ્યો વચ્ચે જ થવી જોઈએ અને અન્ય સાથે નહિ.

જ્યારે બાળકોની ઉંમર નિશાળે મોકલવા જેટલી ના હોય ત્યારે આવાં નાનાં બાળકોની માતાએ નોકરી કરવા જવું જોઇએ? સામાન્ય સમાજોમાં બધી જ સ્ત્રીઓને કામ કરવા (ઘરબહાર) જવું

પડે છે; બાળકોની સંભાળ માટે બહોળા કુટુંબમાં, ઘણું કરીને, દાદીમા અગર કુટુંબનો કોઈ એક સભ્ય ઘરમાં હાજર હોય છે. નાના કુટુંબ સમૂહમાં આ પ્રશ્ન ઘણો ગૂંચવણભર્યો બને છે. કેટલીક માતાઓ નિખાલસપણે કહે છે, કામ કરવા તેમણે (ઘર) બહાર જવું જ પડે છે—જે નાણાં કમાય છે તેની કુટુંબને જરૂર છે. બીજી કેટલીક માતાઓ કહે છે આખો દિવસ તેમનાં નાનાં બાળકો સાથે જ રહેવા કરતાં દિવસનો અમુક ભાગ (ઘર) બહાર જવાથી તેમને આરામ અને રાહત પ્રાપ્ત થાય છે. આ માટે કોઈ નિયમો ઘડી શકાય નહિ. પ્રત્યેક કેસમાં પ્રશ્ન પૂછવો જોઈએ કે, "બાળકો માટે સૌથી ઉત્તમ શું છે?" જીવનનાં પ્રારંભિક વર્ષો દરમિયાન બાળક અને તેની માતા વચ્ચે શ્રદ્ધા અને ભરોસાનું ચણતર ચણાવું જોઈએ. જે સમયે બાળકની માતા કામ કરવા (ઘર) બહાર જાય છે તે જ વખતે જો તેના નાના બાળકને તેની ખાસ જરૂર હોય તો શ્રદ્ધા અને ભરોસાનો વિકાસ રૂંધાઈ જશે. આ બાબત એવી છે કે જેના વિષે ઈશ્વર પાસેથી, પ્રાર્થના દ્વારા, માર્ગદર્શન મેળવવું અત્યંત જરૂરી છે. નાણાં કરતાં પ્રેમ વધુ મહત્ત્વપૂર્ણ બાબત છે. બાળકો નિશાળે જતાં થાય તે અગાઉના સમય દરમિયાન જેની તેમને ખૂબ જ જરૂર છે તેવાં વાનાં તેમને આપી શકાય માટે નાણાંની ખોટ સહન કરવી એ તેમને માટે ઇષ્ટ છે એવું સંદર્શન માબાપને થાય એ સંભવિત છે.

## પ્રકરણ ૪

# શાળાવસ્થા અને તરુણાવસ્થા

અત્યાર સુધી આપણે ઘરમાં રહેતાં નાનાં બાળકો વિષે વિચાર કર્યો છે. બાળક જ્યારે પ્રથમ વખત નિશાળે જાય છે ત્યારે તે તેના જીવનમાં એ આ એક મોટું પગલું માંડે છે. તે એક નવી દુનિયામાં પ્રવેશે છે જ્યાં માબાપની હકૂમત ચાલતી નથી, અને ત્યાં તેને સંખ્યાબંધ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

માબાપ અને બાળકો વચ્ચે આ સમયે મુશ્કેલીઓ ઊભી થવા માંડે છે. જ્યાં કેળવણી ક્ષેત્રે ત્વરિત ગતિએ ફેરફારો થાય છે તેવા દેશોમાં આ સમસ્યાઓ, ખાસ કરીને, ઘેરી બને છે. માબાપ કદાચ નિરક્ષર હોય; બાળક ઝડપથી લખતાં, વાંચતાં શીખે છે ને તે એવી ઘણી ચીજો શીખે છે કે જે વિષે તેનાં માબાપ કાંઈ જાણતાં હોતાં નથી, અને બાળક સહેલાઈથી એવું માનતું થાય છે કે તે તેનાં માબાપ કરતાં ચડિયાતું છે. અને તેમ છતાં, આ આશ્ચર્યકારક દુનિયામાં બાળક પોતાનાં માબાપને સહભાગી બનાવવા ઇચ્છે છે, અને જો તેઓ તેમાં રસ બતાવતાં નથી, અથવા હવે પછી ઉપસ્થિત થતી સમસ્યાઓના ઉકેલ બાબત સૂઝ–સમજનાં ચિહ્નો દર્શાવતાં નથી તો તે (બાળક) મુઝાઈ જાય છે. માબાપને આવા અનુભવો કદી થયા ના હોય તોપણ એ વાત અગત્યની છે કે, તેમણે સમય ફાજલ

પાડીને બાળકોની વાત સાંભળવી જોઈએ, અને શું ચાલી રહ્યું છે તે સમજવું જોઈએ. જો માબાપ તેમ કરતાં નથી તો બાળક ઘર અને નિશાળને બે જુદી દુનિયા—એકબીજાથી નિરાળી—માની લેશે એ સંભવિત છે. જો તેમ બને તો નિઃશંક ઘરની અસર શાળા લગી પહોંચશે નહિ, અને બાળકના મનમાં રહેલા આ બે વિભાગો તેના જીવનના અને ચારિત્રના વિકાસમાં હાનિકારક અસર ઉપજાવશે, જો માબાપ તસ્દી લઈને શિક્ષકો સાથે પરિચય કેળવશે તો તેથી બન્ને દુનિયાની વચ્ચેના અંતર ઉપર પૂલ બાંધવાના કાર્યમાં મદદ મળશે.

બાળક જ્યારે નિશાળે જાય છે ત્યારે તે ઘણી ખરાબ ચીજોના સંસર્ગમાં આવે છે—જેના વિષે ઘરમાં તેણે કાંઇ પણ જાણ્યું કે સાંભળ્યું ન હતું. આવા સમયે શું બને છે? સંભાળપૂર્વક ઉછેરવામાં આવેલા બાળકના પ્રત્યાઘાત, દેખીતી રીતે, બે પરસ્પર વિરોધી દિશામાં પડે એ સંભવિત છે. બાળક ગુપ્ત રીતે આંચકો અનુભવે છે, પણ તે જ સમયે નઠારું વર્તન કરનારાઓની તારીફ પણ તે કરે છે. બાળક જે શીખી લાવ્યું છે તેની અજમાયશ, ઘેર આવીને, તેનાં માબાપની સમક્ષ કરશે એ જોવા સારૂ કે શું બને છે.

પાંચ વર્ષની એક બાળા એક ખરાબ ગીત શીખીને નિશાળેથી ઘેર આવી, અને પોતાની માતા સાંભળે તેવી રીતે, તેણે પેલું ગીત જાણીજોઈને, ગાયું. માતાએ શું કર્યું? માતાએ જાણ્યું કે જો તે ગુસ્સે થશે તો આવાં ગીત તેના સાંભળતાં તેની દીકરી કદી ગાશે નહિ. પણ અન્ય બાળકોને તો તેવાં ગીત સંભળાવતી રહેશે. આથી માતા શાંત અને સ્વસ્થ રહી અને પોતાની દીકરીને આટલું જ કહ્યું, "હું જાણું છું કે 'ગમન' તો એક નાનો, મૂર્ખ છોકરો છે, પણ હું તો માનતી હતી કે તું અક્કલમંદ છે." છોકરાંને ઘણી વખત એવું લાગે છે કે ભૂંડા શબ્દો બોલવા તે શોભિતું અને યૌવનપ છે; પણ

છોકરાંઓને સમજાવવું જોઈએ કે ભૂંડી ચીજો **મૂર્ખાઈભરી** અને **બાલીશ** છે. એક હિંદી મિત્રે પોતાનાં બાળકોને જાતીય શિક્ષણ ખુલ્લી રીતે આપ્યું હતું. જ્યારે અન્ય છોકરાઓએ આ બાળકોને નિશાળમાં ગંદી વાતો કહેવા પ્રયત્ન કર્યો ત્યારે તેમની મૂર્ખાઈ પ્રત્યે આશ્ચર્ય વ્યક્ત કરતાં તેમણે કહ્યું, "કેવા મૂર્ખ છે આ છોકરાઓ, જાતીય-શિક્ષણ તો અમને ક્યારનું યે મળ્યું છે.

નિશાળે જતાં છોકરાંઓના સંસર્ગમાં આવતી તમામ ભૂંડાઈ સામે રક્ષણ આપવાનું શક્ય હોતું નથી, તેમ જ જે કાંઈ બનવા પામે તે માટે અગાઉથી તેમને તૈયાર કરવાં એ પણ હંમેશાં શક્ય નથી. છોકરૂં નિશાળે જાય તે પૂર્વે પેદા કરવામાં આવેલા આઝાદી અને શ્રદ્ધાના વાતાવરણ ઉપર તે બધું નિર્ભર છે. કેટલીક બાબતો, અને ખાસ કરીને, જાતીય ક્ષેત્રની બાબતો વિષે કદી પણ એક હરફ પણ ઉચ્ચારવો નહિ તેવી અસર તળે આવેલ છોકરૂં અરુચિકર (ગમે નહિ તેવી) બનતી બાબતો વિષે પોતાનાં માબાપને કશું જ કહી શકશે નહિ, અને તે પોતે એકલું જ દુઃખ સહન કરશે. પરંતુ જો શ્રદ્ધા અને ભરોસાની આબોહવા હશે તો જે તમામ અનુભવો અને સમસ્યાઓનો તેને સામનો કરવાનો છે તે અંગે તે પોતાનાં માબાપ સાથે વાતચીત કરી શકશે, અને તેની સાથે પ્રેમપૂર્વક અને નિખાલસ-પણે વાતચીત કરીને માબાપ તેને મદદરૂપ થવા શક્તિમાન બનશે.

જો છોકરાંઓને છાત્રાલયમાં જવાનું હોય તો કૌટુંબિક સગાઈ સંબંધોમાં એક વધુ મોટી કટોકટી સર્જાશે. જ્યારે આ પ્રમાણે બને છે ત્યારે સંતાનો પ્રત્યેની માબાપની જવાબદારી તેમને શિરેથી એક આખી ટર્મ પૂરતી ઊતરી ગઈ એવું કેટલાંક માબાપને લાગે છે. આ એક મોટી ભૂલ છે. માબાપ પોતાનાં સંતાનો સાથે વધુ નિકટના સંબંધમાં રહે એ અતિ અગત્યનું છે. પ્રત્યેક માબાપે પોતાના સંતાનને અઠવાડિયામાં એક પત્ર લખવો જ જોઈએ. આ પત્રોમાં

માત્ર સારી શિખામણો અને ઉપદેશનો જ સમાવેશ થવો જોઈએ નહિ, પણ જેમાં તેમને રસ હોય તેવી ઘરમાં બનતી તમામ બાબતો વિષે માહિતી આપતા પત્રો તેમના પર લખવા જોઈએ; અને આવા પત્રો દ્વારા તેમને માલૂમ પડવું જોઈએ કે, નિશાળમાં બનતા તમામ બનાવોમાં માબાપ રસ ધરાવે છે. જો માબાપ નિરક્ષર હોય તો પત્ર લખી આપે તેવા કોઈને તેમણે શોધી કાઢવો જોઈએ.

જ્યારે છોકરાં છાત્રાલયમાં રહીને વિદ્યાભ્યાસ કરતાં હોય ત્યારે રજાના દિવસો તેમના જીવનમાં અગત્યનો ભાવ ભજવે છે. રજાના સમય દરમ્યાન માબાપ માટે પોતાના સમયમાંથી ફુરસદ મેળવી, અન્ય ફરજોમાંથી મુક્ત થઈ આ સમય તેમનાં સંતાનોના સહવાસમાં ગાળે એ ઇચ્છવા જોગ છે. આવા સમયે ખાસ કરીને માતા અને પુત્રી વચ્ચે, પિતા અને પુત્ર વચ્ચે ગાઢ આપ્ત સંબંધો બંધાવા જોઈએ.

બહોળા કુટુંબની એક પુત્રી છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી હતી. રજાના દિવસો દરમ્યાન પિતા, કુટુંબના અન્ય સભ્યો સાથે, બહારગામ વસતાં સગાંવહાલાંની મુલાકાતે ઊપડી ગયા. માતા અને પુત્રી એકલાં જ રહ્યાં. ઘરકામ પતાવ્યા પછી માતા અને પુત્રી સાથે બેસીને કપડાં સીવતાં અને વાતચીત કરતાં. આમ બનતાં, શાળામાંના પોતાના સર્વાંગ જીવન વિષે લાંબી વાતચીત કરવાની તક પુત્રીને સાંપડી. જો તેનાં ભાઈબહેનો ઘરમાં તેની સાથે જ હોત તો માતા સાથે તે આવી રીતે કદી પણ વાત કરી શકત નહિ. આ એકલતાના કારણે જ બન્નેની વચ્ચે સંપૂર્ણ ભરોસાનો સંબંધ પુનઃ સ્થપાઈ શક્યો.

પરસ્પરનો આવો વિશ્વાસ જળવાઈ રહે એ માબાપ અને સંતાનો બન્ને માટે એક આશ્ચર્યપૂર્ણ બિના છે, પણ એ યાદ રાખવું જોઈએ કે, આવા સંબંધ માટે માબાપે અતિ આગ્રહ રાખવો નહિ,

તેમની અંગત બાબતો વિષે વાતચીત કરવા પોતાનાં સંતાનોને ફરજ પાડવી નહિ. છોકરાં એકબીજાથી ઘણી રીતે નોખાં પડે છે. ઘણાં છોકરાં સહેલાઈથી તેમની તમામ બાબતો વિષે માબાપ સાથે વાતચીત કરી શકે છે, જ્યારે કેટલાંક માટે આ મુશ્કેલ કામ છે.

છેક બચપણથી ખાનગી વિચારો ધરાવવાનો અને તેઓ વિષે અન્ય કોઈપણ સાથે વાત ન કરવાનો હક્ક છોકરાંઓને છે. સૌથી મોટી વાત તો એ છે કે માબાપે સારા સાંભળનારા બનવું જોઈએ. સંતાનોને એવી ખાતરી થવી જોઈએ કે તેઓ જે કહે છે તે પ્રત્યે માબાપ સહાનુભૂતિ અને સન્માન દર્શાવશે. તેમનાં સંતાનો તેમની સાથે વાતચીત કરે એવી પરિસ્થિતિ ઉપસ્થિત કરવાનું કામ માબાપનું છે. આવી તકનો લાભ સંતાનો ઉઠાવે કે ના ઉઠાવે એ તેમની ઇચ્છાની વાત હોવી જોઈએ.

અન્ય બાબતો કરતાં, ઈશ્વર અને ઈસુ ખ્રિસ્ત પર તેમની શ્રદ્ધા વિષે, માબાપ પોતાનાં સંતાનો સાથે વાતચીત કરવા ઇચ્છા રાખે,એ સ્વાભાવિક છે. જીવનના અનુભવ પરથી, અથવા પ્રાર્થના કરવાના સમયે, તેમના દિલમાં શ્રદ્ધા વિષે પ્રશ્નો ઉપસ્થિત થાય એ ચોક્કસ છે. છોકરાં પ્રાકૃતિક પ્રાણીઓ છે. આપણે જાણીએ છીએ કે જ્યારે આપણાં સંતાનો અમુક મનોવૃત્તિમાં હોય છે ત્યારે તેઓ પ્રશ્નો પૂછે છે, તે સિવાય નહિ. શ્રદ્ધા અંગેના તમામ પ્રશ્નો જો ખુલ્લી રીતે ચર્ચાય તો ઘણું સારું, પણ જ્યાં આ શકય નથી ત્યાં ધર્મમાં શું અત્યાવશ્યક છે અને શું અનાવશ્યક છે તે બે વચ્ચેનો ભેદ બાળક ઝડપથી શીખી જાય છે. જો તેમણે બચપણમાં મહત્ત્વની બાબતો ગ્રાહ્ય કરી હોય તો જે તેઓ ઘેર શીખ્યાં છે તે વિષે પાછળથી જ્યારે વિકાસ પામતાં સંતાનો કુદરતી રીતે, પ્રશ્ન ઉઠાવે ત્યારે આ ગ્રહણશક્તિ તેમને ભારે મદદકર્તા થઈ પડે તેવો સંભવ છે.

એક ગંભીર ભૂલ જે માબાપ કરે છે તે એ છે કે તેમનાં સંતાનો પાસેથી તેઓ ઘણી મોટી અપેક્ષા રાખે છે. પોતાનાં સંતાનો હોશિયાર થાય એવી માબાપની આશા કુદરતી છે. અન્ય માબાપનાં સંતાનોની માફક જો પોતાનાં સંતાન ઝડપથી લખતાં-વાંચતાં શીખે નહિ તો માબાપ મગજની સમતુલા ગુમાવી બેસે છે. કેટલાંક માબાપ પરીક્ષાની સફળતા ઉપર જ વધુ પડતું વજન મૂકે છે. કેટલાંક એવું ઇચ્છે છે કે અન્ય તમામ છોકરાં કરતાં તેમનાં સંતાનો વધારે સારું અને સુઘડ વર્તન બતાવનારાં બને, અને જો આ અશક્ય ધોરણને સંતાનો પહોંચી વળતાં નથી તો તેમને એવું લાગે છે કે તેમનો વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે, અને કેટલીક વખત માત્ર માબાપ જ આ બાબત ઠપકાપાત્ર હોતાં નથી. એક ધર્મસેવકના દીકરાએ જણાવ્યું કે જો તે એકાદ નજીવી કસૂર કરે, દા.ત. ઘરકામ પ્રત્યે બેદરકારી બતાવે, તો લોકો તેની સામે જોઈ રહેતા અને કહેતા "**તમે**" આવું કરશો એવું અમે ધારતા ન હતા. તેના પિતા એક ધર્મસેવક હતા તેમાં તેનો શો વાંક?

સંતાનો પાસે વધુ પડતી અપેક્ષા માબાપ રાખે તો તેથી નુકસાન થવાનો સંભવ છે. કેટલાંક છોકરાં મહેનત કરવાનું છોડી દે છે, અને કાયમ માટે નાહિંમત બની જાય છે; કેટલાંક બળવો ઉઠાવે છે, અને તેમને જે પરિસ્થિતિમાં તેમનાં માબાપ લાવવા ઇચ્છા રાખતાં હોય છે તેથી દૂર દૂર ચાલ્યા જવાની વૃત્તિ તેઓ કેળવતાં જાય છે. પરીક્ષામાં અસફળ નીવડવાથી, અથવા જે ધોરણે માબાપ તેમને પહોંચાડવાની અપેક્ષા રાખતાં હતાં ત્યાં પહોંચી નહિ શકવાને કારણે કેટલાક યુવાનોએ આત્મહત્યા કરવા પ્રયત્ન કર્યો છે એ વાત અપ્રસિદ્ધ નથી.

જો ઘરમાં સામાન્ય બુદ્ધિનો સહેજ ઉપયોગ કરવામાં આવે તો આવાં ભયંકર પરિણામો અટકાવી શકાય. ખ્રિસ્તી જવાબની સ્પષ્ટતા અહીં કરવાની અમે અપેક્ષા રાખીએ છીએ.

અન્ય લોકો કરતાં, કેટલીક બાબતોમાં ખ્રિસ્તીઓનું જીવન વધુ કઠિન બનવાનો સંભવ છે. ખ્રિસ્તમાં આપણને પૂરી સ્વતંત્રતાનું ધોરણ આપવામાં આવ્યું છે. આપણે તેના જેવા થવાનું છે. તેના જેવા આપણે કદી બની શકીશું નહિ એ વાત આપણે સારી રીતે જાણીએ છીએ. જો આમ જ હોત તો સુવાર્તા 'ખુશખબર'ને બદલે 'શોકજનક સમાચાર' બની જાત. ગમે તેવાં હોઈએ તોપણ ઈશ્વર આપણને ચાહે છે એ સુવાર્તાનો સંદેશ છે. સુવાર્તા કહે છે કે, પ્રત્યેક માણસ માટે ઈશ્વર પાસે યોજના છે, જે અન્ય કોઈ પણ બીજા માણસ માટેની યોજનાથી નિરાળી છે. જ્યારે કોઈ ખોટું (કામ) આપણે કરીએ છીએ ત્યારે પણ ક્ષમા બક્ષવા, અને તેની સંગતમાં પુનઃસ્થાપિત કરવા ઈશ્વર સદૈવ ખુશી છે એવો સંદેશ સુવાર્તા આપે છે.

પૂર્વોક્ત ત્રણ બાબતો વિષે અમે અગાઉ પૂરતું કહી ચૂક્યા છીએ. ખ્રિસ્તી ઘરમાં આપણે શાંતિમાં રહી શકીએ છીએ, કારણ કે ગમે તેવાં હોઈએ તોપણ ત્યાં આપણો અંગીકાર કરવામાં આવે છે, અને આપણા પર પ્રીતિ દર્શાવવામાં આવે છે.

બીજી વાત : ખ્રિસ્તી માબાપ એ વાતનો સ્વીકાર કરશે કે, તેમનાં સંતાનો નોખાં છે અને તેઓમાંનાં પ્રત્યેક માટે ઈશ્વર પાસે અનોખી યોજના છે. તેઓ પોતાનાં સંતાનને આ માર્ગે કે પેલા માર્ગે ધકેલવા ઇચ્છા રાખશે નહિ, અથવા તેની પાસેથી એવી કોઈ માગણી કરશે નહિ જે તેની શક્તિમર્યાદા બહારની હોય. જરૂર પડતાં તેઓ તેમને શિખામણ આપવા તૈયાર હોવાં જોઈએ, પણ માબાપ પોતાનાં સંતાનનો જેવી અને તેવી જ સ્થિતિમાં અંગીકારશે તો જ તેઓ સારી શિખામણ આપી શકશે.

ત્રીજી વાત : આપણે સહજીવન જીવવાની કળા શીખી શકીએ માટે જ ઈશ્વરે આપણને કુટુંબમાં મૂક્યાં છે. એવું કોઈ કુટુંબ નથી

કે જેમાં બાળકો કદી પણ વઢ્યાં લઢ્યાં નથી. આ તો વિકાસ પામવાની પ્રક્રિયાનો હિસ્સો છે. પણ જો માબાપે ઘરમાં સ્નેહ અને સહનશક્તિનું વાતાવરણ ઉપસ્થિત કર્યું હશે તો કજિયા કદી યે ઉગ્ર બનશે નહિ; ખોટું (કામ) કર્યા પછી પણ તેઓ તેમનાં માબાપ પાસે પાછાં આવી શકે છે, અને માફી મેળવી શકે છે એવું બાળકો શીખી ગયાં હશે. આ રીતે તેઓ એ પણ શીખશે કે, અન્યને ક્ષમા કરવા તેમણે હંમેશા તૈયાર અને રાજી હોવું જોઈએ એ માટે કે જરૂર પડે ત્યારે અન્ય પાસેથી તેઓ ક્ષમા મેળવી શકે.

ઘરમાંનું નાનું બાળક ઝડપથી વિકાસ પામીને, કુમાર કે કન્યામાં બદલાણ પામે છે. ઘણી વખત એવું પણ બને છે, જોત-જોતામાં, માબાપ સભાન બને તે અગાઉ, ઘરમાંનો કુમાર કે કન્યા પુરુષ કે સ્ત્રી બની જાય છે. શારીરિક ફેરફારોને કારણે કુમાર પુરુષ બને તેથી પણ ઝડપે કન્યા યુવતી બની જાય છે.

ઘણા આદિવાસી સમાજોમાં યૌવન અને લગ્ન વચ્ચે સમયનું અંતર ભાગ્યે જ હોય છે. આફ્રિકન જાતિઓમાં કન્યા પુખ્ત વયે પહોંચે કે તુરત જ તેને સાહેલીઓથી વીખૂટી પાડી દેવામાં આવે છે, અને તેને રાંધણકળાનું, તેમ જ એક પરિણીત સ્ત્રીને જે કાંઈ શીખવું જરૂરી છે તેનું શિક્ષણ આપવામાં આવે છે. એ જ કક્ષાએ એક કુમારને તેનો પિતા પ્રથમ વાર શિકારે લઈ જાય છે અને ત્યાર પછી તેની ગણના એક પુખ્ત વયના પુરુષ અને જાતિના એક સભ્ય તરીકે ગણવામાં આવે છે. ત્યાર પછી અલ્પ સમયમાં જ તેનું લગ્ન થાય છે.

જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા વિચારો પ્રવર્તે છે, અને ખાસ કરીને એવા સમાજમાં કે જ્યાં કુમાર અને કન્યાને એક-સરખી કેળવણી આપવાની વિચારસરણી અપનાવવામાં આવી છે. આવા સમાજોમાં યૌવનકાળે થનાર શારીરિક ફેરફારો દેખાય કે

તુરત જ યુવાનોને, પુખ્ત વયના ગણવામાં આવતા નથી. વિકાસના છેક પાછલા સ્તરે પહોંચે ત્યાં સુધી કુમારો અને કુમારીઓને વિદ્યાભ્યાસની તક આપવામાં આવે છે. આથી ઘણા લાભ પ્રાપ્ત થાય છે. આનો અર્થ એ થાય છે કે, કુમારોને અને કુમારીઓને પોતાના આગવા શોખ અને રસરૂચિનો વિકાસ સ્વતંત્ર રીતે કરવાની તક સાંપડે છે; આથી જ્યારે તેમનાં લગ્ન થાય છે ત્યારે લગ્ન સંબંધને તેઓ વિકસિત અને મૂલ્યવાન બનાવવામાં સારો હિસ્સો આપવા શક્તિમાન બને છે. આમાં પણ, કેટલીક ખામીઓ રહેલી છે. આવાં વર્ષો દરમ્યાન શરીર લગ્ન માટે તૈયાર હોય છે, અને ઉર્મિઓ સચેત કે જાગૃત હોય છે, પણ આવા સમાજોમાં આ વયને પુખ્ત વય ગણવામાં આવતી નથી. ખ્રિસ્તી માબાપ જો ધીરજવાન અને સમજદાર અને વિનોદી સ્વભાવવાળાં હોય તો શારીરિક વિકાસના સ્તરે તેઓ પોતાનાં સંતાનોને ઘણી મદદ આપી શકે છે.

તરુણાવસ્થા એ સાચે જ એક કઢંગી અવસ્થા કે સમય છે. શરીર ઝડપથી વૃદ્ધિ પામે છે અને કદાચ એકસરખી રીતે નહિ. આમ બનવાથી કુમાર કે કુમારીનાં શરીરો કઢંગાં બને છે કે દેખાય છે, અને પરિણામે તેઓ મૂંઝવણ અનુભવે છે, અને કોઈક વખત આથી મનોવેદના પણ આવી મળે છે. કુમારના અવાજમાં બદલાણ થાય છે, અને અવાજ પર કાબૂ ધરાવવા તે અસમર્થ નીવડે છે. કોઈક વખત તેનો અવાજ મજબૂત અને ઊંડો હોય છે; કોઈક વખત તે બાળકના જેવો તીક્ષ્ણ પણ હોય છે. કુમારી માટે હવે રજોદર્શનનો સમય આવી લાગે છે. તેને જોકે આ બાબત વિષે અગાઉથી બધું જ કહેવામાં આવ્યું હોય છે તોપણ આ સમય તેને માટે ગભરાટનો બને છે, અને જેના વિષે પોતે કાંઈ કારણ આપી શકતી નથી તેવી માનસિક નબળાઈ અનુભવે છે. તરુણાવસ્થા શું એવો પ્રકૃતિકાળ નથી કે જેમાં લાગણીઓની ચઢતી-પડતી થયા કરે છે?

યુવાનો આ કક્ષાએ એમ માને છે કે, તેઓ પુખ્ત વયે પૂગી ગયા છે, અને તેમ છતાં તેમની પસંદગીના ધોરણે તેઓ જીવન જીવી શકતા નથી એનો તેમને રંજ હોય છે. જો તેમને લાગે કે, મોટેરાં સાથે કેમ વર્તન ચલાવવું એ બાબતનું તેમને ભાન નથી તો તેઓ પોતપોતાના ઉપર ગુસ્સે થાય છે. જો તેમના પ્રત્યે ગંભીરાઇથી જોવામાં આવતું નથી તો તેઓ અતિશય ગુસ્સે થાય છે. કેટલીક વખત તેઓ આનંદી અને ખુશમિજાજી દેખાય છે, અને તે સમયે તેમને એમ લાગે છે કે તેમની મનવાંછિત વસ્તુ કે ચીજ તેમના હાથમાં છે. બીજી કોઈ વખત તેઓ ભયભીત અને દબાઈ ગયેલા દેખાય છે, અને જીવન ધ્યેયને પૂગી વળવા તેઓ પોતાને અસમર્થ માને છે. તરુણાવસ્થાએ પહોંચેલી એક વ્યક્તિ માટે, આવા અનિશ્ચિત સમયે, સ્થિર અને શાંત વાતાવરણવાળું ઘર—જેમાં તેઓ પ્રેમયુક્ત અને સન્માનીય સ્થાન ધરાવે છે—અત્યંત લાભદાયી નીવડે છે.

આવી મનોવૃત્તિઓ અને સંદેહો હોવા છતાં, આ જ સમયમાં યુવાનો, વિકાસ પામીને, પુરુષો બને છે, અને આ પરિસ્થિતિ, અનેક પ્રકારે દેખાઈ આવે છે.

પોતાનો હક્ક દૃઢપણે જાળવી રાખવા તરુણો, તમામ પ્રસંગોએ પ્રયત્ન કરે છે, અને જો તે હક્ક પર તરાપ પડે તો લઢી લેવા પણ તેઓ તૈયાર થાય છે. પણ જો તેમને એવું ભાન થાય કે પોતાના હકની માગણી હંમેશાં કર્યા જ કરવી એના કરતાં બીજી અગત્યની બાબતો પણ જીવનમાં છે તો જીવનમાં એક વિશાળ કદમ તેમણે ઉઠાવ્યું છે તેમ કહી શકાય. હું તરુણ હતો અને એક દિવસે જ્યારે છાત્રાલય-શાળામાંથી રજામાં ઘેર આવ્યો ત્યારે મને માલૂમ પડયું કે, જમતી વેળાએ મારી માતાની જોડેની જગા, જે મારે માટે હમેશાં અનામત રહેતી તે મારી નાની બહેને પચાવી પાડી છે. પ્રથમ તો

મને લાગ્યું કે આ જગા ઉપર મારો જ હક્ક છે, અને જ્યાં સુધી મેં આવો દાવો જારી રાખ્યો ત્યાં સુધી હું મારી નાની બહેન સાથે ઝઘડતો રહ્યો. પછી એક દિવસે ખ્રિસ્તી માણસ તરીકે મેં મારો દાવો જતો કરવાનો નિશ્ચય કર્યો અને પરિણામ કેવું આવ્યું ? અન્ય કુટુંબીજનોએ તે જ દિવસથી, પુખ્ત વયે પહોંચેલા કુટુંબના એક સભ્ય તરીકે, મારી સાથે નવું સન્માનીય વર્તન અખત્યાર કર્યું અને એથી મને નવાઈ લાગી.

આ સિદ્ધાંતનું ધાર્મિક લાગુકરણ સમજવું એ અઘરું નથી. જો એક યુવાન વ્યક્તિ પોતાના બાળપણથી જ ખ્રિસ્તને ઓળખતી અને ચાહતી થઈ છે તો તરુણાવસ્થાએ તેણે ખ્રિસ્તને ખાતર પોતાની ઇચ્છાઓ તજી દેવી જોઈએ એવું તે સહેલાઈથી સમજી શકશે. પોતાના જીવનમાં ખ્રિસ્તને સૌ પ્રથમ સ્થાન આપનાર, અને પોતા માટે બીજા નંબરનું સ્થાન અપનાવવા હંમેશાં રાજી રહેનારને—વ્યક્તિને પરિપક્વ ખ્રિસ્તી ગણી શકાય.

પોતાના નિર્ણયો પોતે જ કરવાની શરૂઆત યુવાનો તરુણાવસ્થામાં કરે છે. પોતે શું કામ કે ધંધો કરવા ઇચ્છા રાખે છે તે યુવકે પોતે જ નક્કી કરવાનું છે. પોતાના ભવિષ્યના ઘરસંસાર વિષે યુવતી આજ વિચારતી થાય છે. યુવાનો જાણે છે કે, એ દિવસ હવે બહુ દૂર નથી કે જ્યારે પોતાના જીવનસાથીઓની પસંદગી કરવાનો નિર્ણય તેમણે પોતે જ કરવો પડશે. અત્યાર સુધી દીકરા અને દીકરીઓ તેમનાં માબાપની ઇચ્છા સ્વીકારતાં અને તેમની આજ્ઞાઓનું પાલન કરતાં પણ હવે આવું ચાલવાનું નથી.

આવો સમય માબાપ માટે મુશ્કેલીભર્યો બને એ સંભવિત છે. અત્યાર સુધી સંતાનો તેમનાં માબાપોના કબજા હેઠળ હતાં, હવે આ કબજા હેઠળથી તેમને મુક્ત કરવા માબાપોએ શીખવું રહ્યું. જો માબાપો તેમની ફરજો પ્રત્યે સભાન રહ્યાં હશે તો તેમને સમજાયું

હશે કે, પોતાનાં સંતાનોને આઝાદીના માર્ગે દોરી લઈ જવાનું કાર્ય આ બધા સમય દરમ્યાન તેઓ કરતાં હતાં. સંતાનોની સહજબુદ્ધિ કેળવાય તે માટે તેમણે પ્રયત્નો કર્યા હતા, એ માટે કે, સારું અને સુંદર છે તે પર તેઓ પ્રીતિ કરે, અને જે ખરાબ અને કુરૂપ છે તેને તેઓ તજી દે. પોતાનાં સંતાનો ઇશ્વરને ઓળખે, અને તેના પર શ્રદ્ધા રાખતાં શીખે તેમ જ હરેક પ્રસંગે, સહાયને સારૂ, તેના તરફ ફરે એ શીખવવા સારૂ માબાપો પ્રયત્નશીલ રહ્યાં હતાં. હવે, જ્યારે સંતાનો એક નાના તરાપામાં બેસીને ભવસાગરની સફરે નીકળે છે ત્યારે આ બધી બાબતો કસોટીની એરણ પર ચકાસવાની છે. સંતાનોને તેમની પોતાની મરજી મુજબ ચાલવા દેવાં એ માબાપો માટે ઘણું મુશ્કેલ કાર્ય છે. માતા કે પિતાએ દરમ્યાનગીરી કરી આમ કહેવું સહેલ છે, "હવે, મને આમ કરવા દે" પણ એથીય ખરાબ તો એ છે કે, જે હુકમો પાંચ વર્ષો અગાઉ આપવા લાજીમ ગણાત—પણ હાલ અયોગ્ય છે—તેવા ચોક્કસ હુકમો આ વખતે આપવા. આવા અંતરાય કે દખલ પ્રત્યે યુવાનો ઝડપી અણગમો દર્શાવે છે. આ એવો સમય છે કે, જે વખતે પુત્રો પિતાઓ વિરૂદ્ધ અને પુત્રીઓ માતાઓ વિરૂદ્ધ બંડ ઉઠાવે એ સંભવિત છે.

પણ જ્યારે તેમનો અનુભવ અલ્પ હોય, અને આઝાદીનો ઉપયોગ કરવાથી કુમાર્ગે ચઢી પોતા ઉપર આફતો નહોતરે એવું સંભવિત હોય ત્યારે યુવાનોને આઝાદી બક્ષવી એ શું યોગ્ય છે? આવા સંજોગોમાં માબાપોએ કેવો માર્ગ અપનાવવો તે વિષે ખ્રિસ્તે પોતે આપણે માટે ઉડાઉ દીકરાના દૃષ્ટાંતમાં એક ચિત્ર આલેખ્યું નથી? એક પુત્ર એક વિનંતી લઈને પોતાના પિતા પાસે આવે છે. પિતાની સંપત્તિનો જે હિસ્સો યોગ્ય સમયે, પોતાને મળનાર હતો જ તે એકદમ લઈ લેવા ઇચ્છે છે. આવી પરિસ્થિતિમાં પિતાએ શું કરવું? જો પિતા કહે, 'ના' તો ઘરમાં હશે એક સંતોષી અને બંડખોર પુત્ર; અથવા જો

પિતા કહે, "હા" તો તેથી તે શીખવશે પુત્રને અતિ ખર્ચાળ બોધપાઠ. યુવાન સંપત્તિ લઈને દૂર દેશ ઊપડી જાય છે, અને સંપત્તિ વેડફી મારે છે, પણ જ્યારે તે હોશમાં આવે છે અને પિતાની પાસે પાછો આવે છે ત્યારે તેનો જે આવકાર કરવામાં આવે છે તેથી પિતાના પ્રેમ અને ધૈર્યની ગહનતાનો તેને સ્પષ્ટ ખ્યાલ આવે છે.

માનવ જીવનમાં બનતી આ શું સત્ય ઘટના નથી? જે સમયે યુવાનો ઘણી દૃઢતાપૂર્વક પોતાની આઝાદી માટે આગ્રહી બને છે ત્યારે પણ માબાપના સ્નેહ અને સમજૂતીની તેમને ખૂબ અગત્ય હોય છે. પણ સ્નેહ, સહાનુભૂતિ અને ઉષ્માભર્યું વર્તન તેમની પ્રત્યે દાખવવામાં આવશે, અને તેમની હાંસી ઉડાવવામાં આવશે નહિ, અથવા તેમની ટીકા કરવામાં આવશે નહિ એવી તેમને ખાતરી થશે નહિ ત્યાં સુધી તેઓ માબાપ પાસે પાછા ફરશે નહિ.

ઘણી વાર એવી સૂચના કરવામાં આવે છે કે, યુવાવસ્થાની સમસ્યાઓ અંગે યુવતીઓએ પોતાની માતાઓ સાથે વાતચીત કરવી જોઈએ. જવાબ મળે છે કે, (આ બાબતો સંબંધી) માતાઓ કશું સમજશે નહિ, પણ માત્ર દોષદર્શી બનશે અને ટીકા કરશે, પણ આવું હંમેશાં બનતું નથી. એક યુવતી ઘણી વાર ખિન્ન દશામાં રહેતી, અને કોઈપણ દેખીતા કારણ સિવાય બેસીને રડયા જ કરતી. તેની માતાએ શાંત રીતે તેને માત્ર આટલું જ કહ્યું, "હું તારા જેવડી હતી ત્યારે હું તારા જેવું જ કરતી હતી." આ શબ્દોની ભારે અસર પેલી યુવતી ઉપર પડી. યુવતીઓને ઘણી વાર એવું લાગે છે કે, તેમને જે અનુભવ થાય છે તેવો અનુભવ અન્યને કદી જ થયો નથી, અને તેથી તેમની પરિસ્થિતિ અન્ય કોઈ સમજી શકશે નહિ. આ જ રીતે શું માતાએ સહન કર્યું ન હતું તો પછી માતા કેમ નહિ સમજે?

સામાન્ય રીતે, યુવાનોને એવું લાગે છે કે, આ દુનિયા અજાયબ છે, નવીન સૌંદર્યથી ભરપૂર છે પણ તે વિષેનો ખ્યાલ તેમને, આ

સમય અગાઉ, હતો નહિ. અસ્પષ્ટ છે તેવા સ્નેહની નવીન ઉર્મિઓ, સર્વ પ્રત્યે અને સર્વ સારૂ તેમનામાં પ્રજ્વલિત થયેલી છે એવું તેમને જણાય છે. ઘણી વાર કાવ્ય લખવાનું તેમને મન થઈ આવે છે. કાવ્ય ઘણું સારૂં હોવાનો સંભવ તો હોતો નથી, અને અન્યને તેમની કૃતિ બતાવવા તેઓ રાજી પણ હોતા નથી. જેને માટે તેઓ સાચે જ ઊંડી લાગણી ધરાવે છે તેવી કોઈક ચીજને પ્રદર્શિત કરતું કાવ્યનું લખાણ સારૂં પણ હોય. આ અવસ્થામાં કુમારો અને કુમારીઓ પરસ્પર આકર્ષાય છે. ઘણી વાર આ અલ્પજીવી હોય છે, કદાચ તે લાંબો સમય ભાગ્યે જ ટકે; પણ આ આકર્ષણ કોઈક મહામૂલી ચીજની પ્રથમ પ્રસ્તાવના કે ભૂમિકા છે, અને તે સ્થાયી સ્વરૂપ લઈ શકે. ટળી જતાં આકર્ષક અને સ્થૈર્ય સ્નેહ—જે લગ્નમાં પરિણમે છે—વચ્ચેના ભેદ કે તફાવતની સમજ રાખવી એ યુવાનો માટે અત્યાવશ્યક છે. ખ્રિસ્તી ઘરના ફાળાનો પૂર્ણ પ્રભાવ અહીં જ જોવા મળે છે. પોતાનાં માબાપના લગ્નમાં સંતાનોએ શું નિહાળ્યું છે? જો તે સગાઈ-સંબંધ યોગ્ય હશે તો સંતાનોને સમજાશે કે, સાચો સ્નેહ એ માત્ર ભૌતિક લાગણી જ નથી; જ્ઞાન, સમજ અને સન્માનનાં અન્ય તત્ત્વોનો પણ તેમાં સમાવેશ થાય એ અત્યંત જરૂરી છે. પ્રત્યેક માનવજીવન માટે જેની પાસે કોઈ હેતુ કે ઇરાદો છે, અને જે કાંઈ પસંદગીઓ આપણે કરીએ છીએ તે વિષે જેને ઊંડી ચિંતા છે એવો ઈશ્વર સૌની પાછળ ઊભેલો છે.

છેલ્લા ફકરામાં ઈશ્વર વિષે કરવામાં આવેલો ઉલ્લેખ આકસ્મિક રીતે કરવામાં આવ્યો ન હતો. યુવાવસ્થા એવો કાળ કે સમય છે કે જેમાં યુવાનો ઘણી વાર ઈશ્વર સાથે નવીન અને સીધા સંપર્કમાં આવે છે. યુવાવસ્થામાં નવીન અનુભવોની ભીડ ચારે કોરથી જામે છે. મન, આત્મા અને શરીર નવા માર્ગે વૃદ્ધિ પામે છે. પ્રેમ-જાગૃતિનો આરંભ થાય છે. એક ખ્રિસ્તી ઘરની પશ્ચાદ્-ભૂમિકાના આધારે ઈશ્વરી

પ્રેમનો નવીન ભાવાર્થ સમજમાં આવે એ શું કુદરતી નથી? પોતાની યુવાવસ્થાનાં સંસ્મરણોની સ્મૃતિ તાજી કરતાં, એક વખતે, એક શિક્ષિત આફ્રિકન અને એક યુરોપિયન સ્ત્રીએ પોતપોતાના અનુભવોનું વર્ણન એક જ રીતે કર્યું: "તેઓ ઈશ્વર સાથે પ્રેમમાં પડયાં." આમ કેવી રીતે બને છે તે સમજાવવા સારૂ સુવાર્તામાં એક ચિત્ર આલેખવામાં આવ્યું છે. ઈસુ જ્યારે બાર વરસના થયા ત્યારે તેમનાં માબાપ તેમને યરૂશાલેમ લઈ ગયાં. ત્રણ દિવસો દરમ્યાન ઈસુ પોતાના કાર્યમાં એવા તલ્લીન બની ગયા કે, પોતાનાં માબાપને પણ તે ભૂલી ગયા, અને તેમને નવાઈ લાગી કે શા માટે તેઓ તેમની શોધ કરતાં હતાં. આ બનાવથી તેમને જણાઈ આવ્યું કે ઈસુની સમગ્ર રસરુચિ શેમાં હતી. ઈશ્વરના ઘરમાં જ હોવું તે ઈસુ માટે તદ્દન સ્વાભાવિક હતું કારણ કે, આ જ સ્થળે તેમને પોતા સંબંધી વિશેષ જ્ઞાનપ્રાપ્તી થઈ શકે. આ વાર્તા ઉપરથી ખ્રિસ્તી માબાપ દિલાસો પ્રાપ્ત કરી શકે છે, જો તેમને લાગે કે, તેમનાં સંતાનો અવિચારી છે, અને પોતાની રસરુચિમાં તેઓ એવાં તો ઓતપ્રોત થઈ ગયેલાં છે કે માબાપને કે મિત્રોને પણ તેઓ વીસરી જાય છે. વાર્તામાં કહેવામાં આવ્યું છે કે, ઈસુ, યુસફ અને મરિયમ સાથે નાઝારેથ ગયા અને "તેમને આધીન રહ્યા." સંતાનોએ પોતાની યુવાવસ્થામાં માબાપને આજ્ઞાંકિત રહેવું જોઈએ.

જાતિવિષયક શિક્ષણ ખૂબ જ ગૂંચવણભર્યું છે અને તેથી તેની વિગતવાર ચર્ચામાં નહિ ઊતરતાં આપણે અહીં થોડાક મુદ્દાઓ વિષે જ વિચાર કરીશું. જેમ અમે અગાઉ જણાવ્યું છે તેમ, ખ્રિસ્તી માબાપે પોતાનાં સંતાનો ઉપર એ સત્યની છાપ પાડવી જોઈએ કે, સૃષ્ટિમાંની તમામ ચીજ-વસ્તુઓ ઈશ્વરે ઉત્પન્ન કરી છે. આપણાં શરીરો પણ તેણે જ બનાવ્યાં છે અને તે સર્વ રીતે સારાં છે. પુરુષ-સ્ત્રીના શારીરિક સંબંધો વિષે ખોટા મલિન વિચારો સામે માબાપનું

નિખાલસપણું જ ઉત્તમોત્તમ સલામતી છે. જો માબાપ, ક્ષોભ વગર, આ વિષય પરત્વે, તેમનાં સંતાનો સાથે વાતચીત કરી શકે તો પાછળથી આવી પડનાર મોટી મુશ્કેલીમાંથી તેઓ પોતાનાં સંતાનોને બચાવી લેશે.

પુખ્તવયે અને યુવાવસ્થાના પ્રારંભે એક નવીન પરિસ્થિતિ અનુભવમાં ઉદ્ભવે છે. શરીર અને તેની કામગીરી બાબતનું પૂરું જ્ઞાન હવે જરૂરી બને છે. એ અગત્યનું છે કે, તેમના શરીરોમાં થવાના ફેરફારો સંબંધી સંતાનોને માબાપે અગાઉથી પરિચિત બનાવવાં જોઇએ એ માટે કે, જ્યારે તેવા ફેરફારો બનવા લાગે ત્યારે તેમને એકદમ નવાઇ લાગે નહિ. રજોદર્શન થાય તે અગાઉ માસિક અટકાવ વખતે શું કરવું તેની જોઇતી માહિતી એક યુવતીને અગાઉથી આપવી જોઈએ. માંસગ્રન્થિમાં વીર્યસ્રાવ વિષે એક યુવકને અગાઉથી સમજ આપવી જોઇએ.

આવું બધું જ્ઞાન કેવી રીતે આપી શકાય?

માનવ–જીવનની ઘટનાઓ સંબંધી સાદું જીવશાસ્ત્રીય જ્ઞાન છોકરાંઓને શીખવવા સારૂ હાલમાં ઘણી શાળાઓએ પ્રબંધ કર્યો છે, અને કેટલાક કેસોમાં આ કામ સારી રીતે પાર પાડવામાં આવે પણ છે, પણ ખ્રિસ્તી માબાપ આ વ્યવસ્થાને પૂરતી ગણી શકે નહિ. ઇંદ્રિય–કર્મ એ શરીરનું માત્ર એક કર્તવ્ય નથી, એ આત્માની અભિવ્યકિત પણ છે. આ સર્વ ઉપરાંત યુવાનોએ, સન્માન સહિત અને ડર વિના શીખવું જોઇએ કે, જીવનનો આ વિભાગ તેમને, એક સારી બક્ષિસરૂપે, ઇશ્વર તરફથી મળેલો છે. આરંભના વર્ષો દરમ્યાન જો માબાપે આ વિષય ટાળ્યો હોય તો યુવાવસ્થાના દિવસો દરમ્યાન તે વિષે બોલવું ઘણું જ મુશ્કેલ થઈ પડશે. જાતીય શિક્ષણ સંબંધીની ચર્ચા, બન્ને બાજુએ, ક્ષોભયુકત બનવા સંભવ છે–અને તેથી ધાર્યાં કરતાં તેનું પરિણામ તદ્દન ઊલટું આવે છે!

આ પ્રકારનું શિક્ષણ આપનાર યોગ્ય વ્યક્તિઓ તો માબાપ છે, જો તેઓ ક્ષોભ વગર તે આપી શકે તો. પણ ઘણાં માબાપ આવું શિક્ષણ આપવા શકિતમાન હોતાં નથી. ઘણા કેસોમાં તો ઉત્તમોત્તમ રીત એ છે કે, વિકાસ પામતાં કુમાર કે કુમારીને એક પુસ્તક વાંચવા માટે આપવું, અને હાલમાં એવાં ઘણાં સારાં પુસ્તકો પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે એમ જણાય કે, જાતીય-વિષય અંગે પૂરૂં જ્ઞાન આપવું જરૂરી છે ત્યારે કુટુંબના વિશ્વાસુ પરિણીત મિત્રોને આવા યુવાનોની સોંપણી કરવી. પુરુષો યુવકો સાથે, અને સ્ત્રીઓ યુવતીઓ સાથે વાતચીત કરે. ત્યાર પછી, જો ઇચ્છા હોય તો જે તેઓ શીખ્યાં છે તે વિષેની વાતચીત તેમનાં માબાપ સાથે કરે. આ એક ઉત્તમ ઉકેલ છે, પણ જો સંતાનો તેમ ના કરે તો માબાપોએ મૌન રાખવું ઘટે, અને સંતાનો તેમની સાથે આ સંબંધી વાતચીત કરે તેવી કોશિશ કરવી નહિ.

જાતીય બાબતો અંગે અનિચ્છનીય માર્ગોના સંપર્કમાં આવ્યા વિના બહુ જ ઓછાં છોકરાં ઉછરે છે. મોટી સંખ્યાનાં છોકરાં, અન્ય છોકરાં પાસેથી કે તેમનાથી મોટી ઉંમરના માણસો પાસેથી ખરાબ ટેવો ગ્રહણ કરે છે. ઉપરોક્ત સંખ્યામાં પોતાનાં સંતાનોનો સમાવેશ થાય છે તે જાણીને માબાપોએ શું કરવું જોઈએ?

આવી જાણ થતાં માબાપને ખૂબ દુઃખ લાગે તોપણ તેમને ધ્રાસ્કો પડયો છે, ડર લાગ્યો છે કે તેઓ હતાશ બન્યાં છે એવું માબાપોએ પોતાનાં સંતાનોને, કોઈપણ સંજોગોમાં જણાવવા દેવું નહિ. આવી પરિસ્થિતિમાં સૌથી ઉત્તમ માર્ગ એ છે કે, ખોટાને ખરા માર્ગે વાળવું. એક યુવક કે યુવતીને જ્યારે એમ લાગે છે કે, તેના ઉપર હજુ યે પ્રેમ રાખવામાં આવે છે, અને તેના ઉપર હજુ યે ભરોસો રાખવામાં આવે છે ત્યારે જે પરિસ્થિતિ કદી પણ ઉપસ્થિત થવી જોઈતી નહોતી તેમાંથી બહાર નીકળવા માટે માર્ગ શોધવાના કાર્યમાં તે પોતાનો સહકાર આપશે.

એ બાબતો, જે ઘણી વાર મુશ્કેલીઓ ઊભી કરે છે તેમનો ઉલ્લેખ કરવો જરૂરી છે. છોકરાંઓમાં, તેમ જ તરુણોમાં હસ્તદોષ, ઇંદ્રિય સ્વ–ઉત્તેજના, સર્વ સામાન્ય જણાય છે. ભૂતકાળમાં આ ટેવને ઘણી જ સખત રીતે ધિક્કારવામાં આવતી, અને ડર અને ગુનાની અતિશયોક્તિભરી રચનાનું આવરણ તેની આસપાસ ખડું કરવામાં આવતું. એક યુવકને માત્ર એટલું જ કહેવું કે, તું આ કુટેવની વિરૂદ્ધ થા એ પૂરતું નથી એ તો અનુભવની વાત છે. એમ કહેવાથી આ ટેવમાંથી મુક્તિ મેળવવાના કાર્યમાં તેને કાંઈ મદદ મળતી નથી. જો તેને એવી સમજ આપવામાં આવે કે, આ ટેવ તેના એકલાની જ સમસ્યા નથી, પુખ્ત વયે પહોંચેલા ઘણા લોકોને તેમની અવસ્થામાં આવી જ વિટંબણામાંથી પસાર થવું પડયું હતું, અને બહુમતી કેસોમાં, અન્ય બાલિશ ટેવોની માફક જ, જેવી કે, આંગળીના નખ કરડવા, તે મૂકી દઈ શકાય છે, તો તેથી તેને મદદ મળશે. આ સમસ્યાનો ઉકેલ લાવવામાં સહાનુભૂતિ અને ઉત્તેજન સૌથી અસરકારક સાધનો છે.

એક એવી પણ માન્યતા છે અને જે ખ્રિસ્તીઓમાં ચાલતી આવેલી છે અને તે એ છે કે, એક સ્ત્રી જ્યારે રજસ્વલામાં હોય ત્યારે અમુક રીતે અશુદ્ધ બને છે. ખ્રિસ્તી બાળાઓને એવું પણ કહેવામાં આવે કે, આવા સમયે તેઓએ પ્રભુભોજનના પવિત્ર સંસ્કારમાં ભાગ લેવો જોઈએ નહિ. આ વિચારસરણી તદ્દન અસત્ય અને બિનખ્રિસ્તી છે. તે પુરવાર કરવા એક રક્તસ્રાવવાળી સ્ત્રીને ખ્રિસ્તે પોતાને અડકવા દીધી અને તેને ધમકાવી નહિ, જો કે યહૂદી નીતિનિયમ મુજબ તે અશુદ્ધ હતી. આપણાં શરીરો ઈશ્વરે બનાવ્યાં છે અને તે સારાં બનાવ્યાં છે. આપણે એવું વિચારવું નહિ કે, અમુક સમયે તેની પાસે આપણે આવી શકતાં નથી.

પ્રકરણ ૫

# સંવનન અને લગ્ન

શારીરિક ઊર્મિઓની જાગૃતિનો આરંભ તરુણાવસ્થામાં થાય છે અને યુવાનો પરસ્પર આકર્ષાય છે. કુદરત કે ઈશ્વર એક એવી ભૂમિકા યુવાનો માટે તૈયાર કરે છે કે, જેમાં આકર્ષણ દીર્ઘાયુ બનવું જોઈએ અને વિજાતીય વ્યક્તિ સાથે કાયમી ભાગીદારીમાં સુખાનુભવ થવો જોઈએ.

પણ, આપણે લગ્ન કરીએ તે અગાઉ યોગ્ય ભાગીદારની શોધ કરવી જોઈએ. પસંદગી કોણે કરવાની? પસંદગીમાં ક્યા ખ્રિસ્તી સિદ્ધાંતો સમાયેલા છે? વિશ્વના ભિન્નભિન્ન વિસ્તારોના લોકોમાં હા, ખ્રિસ્તીઓમાં પણ, આ પ્રશ્નોના જુદા જુદા આશ્ચર્ય પમાડે તેવા જવાબો આપવામાં આવે છે.

પશ્ચિમના દેશોમાં, શિરસ્તા મુજબ, એવું માની લેવામાં આવે છે કે, કુમાર અને કન્યા એકમેકની પસંદગી કરશે, અને અન્ય કોઈને તેમની વાતમાં પડવાની જરૂર નથી. "તેઓ પોતપોતાનાં મન જાણે છે, નથી જાણતાં? તેઓ પ્રેમમાં છે, શું તેઓ પ્રેમમાં નથી? બીજું શું જોઈએ?" પશ્ચિમના ઘણા દેશોમાં છૂટાછેડાના કિસ્સાઓનો વધતો જતો દર ધ્યાનમાં લેતાં એ સૂચક છે કે ઉપરોક્ત પસંદગીના વિષયમાં બીજી ઘણી બાબતો આવશ્યક છે.

વિશ્વના વિશાળ વિસ્તારોમાં આ એક જ રીતે લગ્ન કરવામાં આવતાં નથી. હિંદમાં થતાં લગ્નોની મોટી સંખ્યામાં, ખ્રિસ્તી લગ્નોમાં પણ, લગ્નના દિવસે જ વર અને કન્યાનું મિલન થાય છે; અને લગ્ન વિધિ પતી જાય નહિ ત્યાં સુધી તેઓ એકબીજાને કદી જ મળતાં નથી. લગ્નની તમામ વ્યવસ્થા માબાપોએ જ કરેલી હોય છે.

જ્યારે આ વાત પશ્ચિમના યુવાનો સાંભળે છે ત્યારે તેઓ કહે છે, "આ કયા પ્રકારનું ખ્રિસ્તીપણું?" વ્યક્તિગત આઝાદીના હક, જેના વિષે અમે આટલું બધું સાંભળીએ છીએ તે, કયાં ગયા? પ્રશ્નની આ એક બાજુ છે, તેની બીજી બાજુ પણ છે. આ પ્રશ્ન શું પ્રેમમાં પડતા બે યુવાનોનો જ છે? વિશ્વના ઘણા વિભાગોમાં લગ્નને, એક આખી કોમ કે સમાજને લગતી, ઘટના કે બિના ગણવામાં આવે છે. શું આ ખરેખર ખ્રિસ્તીપણું છે?

આ વિષે બાઇબલ શું કહે છે તે આપણે પ્રથમ જોઈએ. પ્રથમ લગ્ન, જેની વિગતોની નોંધ, આપણી પાસે છે, તે તો એક ગોઠવેલું લગ્ન હતું (ઉત્પત્તિ ૨૪), અને અહીં પણ લગ્ન એ કોમ કે જાતિનો પ્રશ્ન હતો. ઈબ્રાહીમ, એક પરદેશી તરીકે, એવા લોકો મધ્યે રહેતો હતો જેઓ તેના ઈશ્વરની ઉપાસના કરતા ન હતા; તેમના રીતરિવાજો ઈબ્રાહીમના જેવા ન હતા. આવા લોકમાંથી પોતાનો પુત્ર પત્ની લે, અને તેથી તે તે લોકમાં કદાચ ભળી જાય, એવી તેની ઇચ્છા ન હતી. તેથી તેનાં પોતાનાં સગાંઓની શોધ કરી, તેઓમાંથી પોતાના પુત્ર માટે સ્ત્રી લાવવા ઈબ્રાહીમે પોતાના ચાકર પાસે, અરણ્યમાં થઈને, એક લાંબી જોખમકારક મુસાફરી કરાવી. આ વાત સાચી છે કે, રિબકાહને પૂછવામાં આવે છે કે, "શું તું આ માણસ સાથે જશે?" તે મુક્તપણે પોતાની સંમતિ આપે છે; તેમ છતાં, તે એક એવા માણસની પત્ની થવા જાય છે જેને તેણે કદી પણ જોયો ન હતો.

આવા લગ્નમાં સાચો સ્નેહ વિકસે છે, અને પતિ અને પત્ની મૃત્યુ લગી એકબીજા પ્રત્યે વિશ્વાસુ બની રહે છે.

સાંપ્રત સમયમાં આવા રિવાજને કેટલી સફળતા પ્રાપ્ત થાય છે? ચાર હિંદી દીક્ષિત ધર્મસેવકોની પત્નીઓને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો. ત્રણે જવાબ આપ્યો કે લગ્નના દિવસ અગાઉ તેઓ તેમના પતિઓને કદી મળી ન હતી. ચોથીએ કહ્યું: "મારાં માબાપની રૂબરૂ મારા પતિ સાથે મારી મુલાકાત કરાવવામાં આવી હતી, અને લગ્ન માટેની દરખાસ્ત વિષે 'હા' કે 'ના' કહેવાની આઝાદી મને આપવામાં આવી હતી. લગ્નની શારીરિક બાબતો વિષેનું કાંઈ પણ શિક્ષણ આ ચારેયમાંથી એકને પણ આપવામાં આવ્યું ન હતું. આમ બન્યું હોવા છતાં, પ્રત્યેક લગ્ન સ્થિર અને સુખી નીવડયું હતું. પુત્રો અને પુત્રવધુઓની પસંદગીમાં માબાપે ઘણી કાળજી લીધી હતી. પ્રત્યેક પક્ષે માની લીધું હતું કે લગ્નવાદીઓ પરસ્પર વિશ્વાસુ રહેશે, અને લગ્ન કાયમી બનશે. આવા સંજોગોમાં થયેલાં લગ્નોમાં ગંભીર અને ચિરસ્થાયી સ્નેહ, હા, અદ્ભુત રમ્ય પ્રેમ પણ, ખચીત ઉપસ્થિત થઈ શકે છે, જેમ અમારા હિંદી મિત્રો કહે છે તેમ, "લગ્ન થયા બાદ અમે પ્રેમમાં પડીએ છીએ."

જો નિખાલસપણે કહીએ તો પાશ્ચિમાત્ય અને "ખ્રિસ્તી" રીતરિવાજો હિંદી નજરે અનૈતિક ગણાશે. કન્યા માટે લજ્જાશીલતા એક આદર્શ સદ્ગુણ છે. એક પુરુષનું ધ્યાન આકર્ષવા પગલાં ભરવાં એ ઘણું અનૈતિક કામ ગણાય. જે યુવકે એક યુવતી સાથે નખરાં કરવા કોશિશ કરી છે તેવાને પોતાનો ભાવિ જમાઈ બનાવવાનો વિચાર કોઈ સારાં ખ્રિસ્તી માબાપ કરશે જ નહિ. જો આવા રીતરિવાજોનું પાલન કરવામાં આવે તો સંતાનો માટે ભાગીદારો શોધવાનું કામ માબાપે કરવું પડે એ સ્વાભાવિક છે, અને જે સંતાન ઉપર માબાપ પ્રેમ કરે છે તેને માટે યોગ્ય ભાગીદાર શોધવા ખ્રિસ્તી

માબાપ ઘણી તસ્દી ઉઠાવશે એ પણ તદ્દન સ્વાભાવિક છે. હિંદી ખ્રિસ્તીઓ જણાવે છે કે, યુવાનોએ જ્યારે દેશના રીતરિવાજો વિરૂધ્ધ વર્તન કર્યું છે, ત્યારે તેનું પરિણામ દુ:ખીત અને ભંગીત લગ્નોમાં જ આવ્યું છે.

પશ્ચિમના દેશોમાં જો એક પુત્ર કે પુત્રી એક અનિચ્છનીય ભાવિ ભાગીદારને કુટુંબમાં લઈ આવવાની અણી ઉપર છે તો મુશ્કેલીઓ ઊભી કરવાનું (કામ) હજુ યે મોટેરાં માટે શકય છે, પણ પ્રથા મુજબ એ યુવાનો શી ઇચ્છા રાખે છે તેના ઉપર ભાર મૂકવામાં આવે છે. "પ્રેમમાં પડવું" એ બાબતને મહત્ત્વ આપવામાં આવે છે, અને તેથી માની લેવામાં આવે છે કે, સ્વાભાવિક રીતે, આવું લગ્ન એક સુખી અને ફતેહમંદ નીવડશે. આવા વિચારો કયાંથી ઉદ્દભવ્યા ? બાઇબલમાં દર્શાવેલા વ્યકિત-મૂલ્યાંકનના વિચાર સાથે જ્યારે આપણે પોતાને સારુ જવાબદારીભર્યા નિર્ણયો કરવા મુકત છીએ ત્યારે જ ઈશ્વરનાં સંતાનો તરીકે આપણે વૃદ્ધિ પામીએ છીએ. એવા ખ્રિસ્તી વિચારોને અમુક અંશે નિસબત છે એ સ્પષ્ટ દેખાઈ આવે છે. પણ આવા વિચારો શું માત્ર બાઇબલમાંથી ઉદ્દભવે છે? આ પૈકી કેટલાક વિચારોનું મૂળ શું ફિલ્મો અને નવલકથાઓમાં છે? વિશ્વના અન્ય વિસ્તારોમાંના ખ્રિસ્તીઓમાં પ્રવર્તતા વિચારો કરતાં ઉપરોકત વિચારો વધુ પડતા ખ્રિસ્તી-વિચારો છે એવો દાવો શું સાચે જ કરી શકાય ?

આફ્રિકાના કેટલાક ભાગોમાં મિશ્ર પરિસ્થિતિ જોવા મળે છે, જ્યાં પુરાણા રિતરિવાજો ભાંગી પડયા છે, પણ તેમની જગાએ નવીન સ્પષ્ટ નિયમો વિકસિત થયા નથી.

પ્રાચીન અનુસૂચિત આફ્રિકન પરિસ્થિતિમાં માબાપ લગ્નોની ગોઠવણ કરતાં, જોકે સ્થળે સ્થળે રીતરિવાજોમાં, સારા પ્રમાણમાં, ફેરફારો હતા. પુરાણા આફ્રિકન ખ્રિસ્તી સમૂહમાંની સ્ત્રીઓએ કહ્યું,

અમારાં લગ્નો અમારાં માબાપે ગોઠવ્યાં હતાં, પણ અમારાં સંતાનો, કોઈ પણ સંજોગોમાં, તેમની પસંદગીનું કામ અમને કરવા દેશે નહિ. પોતાના જીવનસાથીઓની પસંદગી કરવા યુવાનો આગ્રહ રાખે છે; પણ તેઓ પોતાના જીવન-ભાગીદારોની પસંદગી કેવી રીતે અને ક્યાં ( કયા સ્થળે ) કરશે ?

આફ્રિકન ખ્રિસ્તી માતાઓના એક સમૂહને પૂછવામાં આવ્યું કે, તેમની દીકરીઓનું તેમના ભાવિ પતિઓ સાથેનું મિલન કયે સ્થળે થયું ? તેમણે જવાબ આપ્યો, "રસ્તે જતાં આવતાં, અને શાળામાં." આ જગાઓ આવા હેતુ કે ઇરાદા માટે સૌથી સારી જગા તો ના જ ગણાય ને ? તેમને પૂછવામાં આવ્યું કે, તેમની દીકરીઓ તેમના ખ્રિસ્તી યુવક-મિત્રોને કોઈ વખત તેમની સાથે ઘેર લઈ આવે છે ? તેમણે કહ્યું, "ના, તેમ કરવું અશક્ય છે, કારણ કે, તેઓ એવા કોઈકને લઈ આવે જે અયોગ્ય હોય." માબાપોએ આ વાત સ્વીકારી લીધી છે કે, પોતાનાં સંતાનો માટે તેઓ હવે લગ્નોની ગોઠવણ કરી શકશે નહિ, પણ યોગ્ય પસંદગીઓ કરવાના કાર્યમાં પોતાનાં સંતાનોને મદદ કરી શકાય તે માટે કોઈ માર્ગ તેમણે હજુ સુધી શોધી કાઢયો નથી. એક યુવક 'તદ્દન અયોગ્ય' છે એવું માબાપને એકદમ દેખાઈ આવે, પણ તે યોગ્ય છે કે અયોગ્ય છે એવું તેવું કહ્યા વગર તેમની દીકરીને કેવી રીતે માલૂમ પડે ? યોગ્યતા, અયોગ્યતાની શોધ કરવાનું સૌથી ઉત્તમ સ્થળ તો પોતાનું ઘર છે. પેલા યુવકની તુલના, ઘરના વાતાવરણમાં, પોતાના પિતા કે ભાઈઓ સાથે કરે તો તેની યોગ્યતા કે અયોગ્યતાની, તેમ જ જે જીવન જીવવા પોતે ટેવાયેલી છે તેવા જીવનમાં તે બંધબેસતો થઈ પડશે કે કેમ, તે વિષેની સમજ થોડા જ સમયમાં તેને પડી જશે.

જે કિસ્સાઓમાં માબાપ પોતાનાં સંતાનોનાં લગ્નોની ગોઠવણ કરતાં નથી તેમાં પણ સંતાનોને મદદરૂપ નીવડવાના અનેક માર્ગો

છે. મોટેરાંની હાજરીમાં અને યોગ્ય વાતાવરણમાં તેમનાં સંતાનો સમવયસ્ક અન્ય ખ્રિસ્તીઓ સાથે હળી–મળી શકે તેવી તક તેઓ ઉપસ્થિત કરી શકે છે. તેમના ભાવિ પતિઓને કયા સ્થળે તેઓ મળવાની અપેક્ષા રાખે છે તેવો પ્રશ્ન આફ્રિકન શિક્ષિત ખ્રિસ્તી કન્યાઓના એક સમૂહને પૂછતાં જવાબ મળ્યો, "અમારાં માબાપ સાથે જ્યારે અમે મુલાકાતે જઈએ છીએ ત્યારે મિત્રોના ઘરોમાં અમે યુવકોને મળીએ છીએ."

આજના બદલાયેલા જમાનામાં, માબાપને ગમે કે ના ગમે તોપણ, શિક્ષિત દીકરા–દીકરીઓ અન્ય કન્યાઓને અને યુવકોને મળવાનાં જ. એશિયા અને આફ્રિકન યુનિવર્સિટી–કોલેજોમાં, મોટા ભાગે, સહ–શિક્ષણ આપવામાં આવે છે, અને અન્ય પ્રકારના તાલીમી વર્ગો કે વ્યવસાયોમાં પુરુષો અને સ્ત્રીઓ હાલ છૂટથી મળે–હળે છે.

યુરોપ અને અમેરિકાના દેશોમાં હસ્તી ધરાવતી મંડળી સંબંધિત કલબોના મૂલ્યાંકનનું સ્મરણ અત્રે અમે ફરીથી કરીએ છીએ. આવાં સ્થળોએ બંને વિજાતીય સમૂહોની રચના કરી શકાય, એકજ સંપ્રદાયમાં શ્રધ્ધા ધરાવનાર અને એક સરખી રસરુચિ ધરાવનાર વિજાતીય સમવયસ્ક સમૂહો સ્વાભાવિક રીતે મળે છે. આ સમૂહોની સંગતમાં જ ઘણાં ખ્રિસ્તી લગ્નોનાં મૂળ નંખાયેલાં જણાઈ આવ્યાં છે અને પુસ્તિકાના લેખકો તેના સાક્ષીઓ છે.

જ્યાં મંડળીઓમાં ધર્મજાગૃતિનો એક મહાન જુઆળ ફરી વળ્યો છે તેવા પૂર્વ આફ્રિકામાં સહેજ નિરાળા સ્વરૂપની સંગત હસ્તી ધરાવે છે. આ આંદોલન દ્વારા ત્રાતા તરીકે ખ્રિસ્ત ઇસુની સંગતમાં જેઓ આવ્યા છે તેઓ એકબીજાને 'ભાઇઓ' (BRETHREN) કહે છે. જ્યારે "ભાઈઓ" માટે પરણવાનો સમય આવી લાગે છે ત્યારે પોતાના જેવા અનુભવ પામેલાઓમાંથી ભાગીદાર શોધવાની જ તેઓ ઇચ્છા રાખે છે કે જેઓ ઉપર વિશ્વાસ રાખી શકે, અને જેમની વિચારસરણીમાં તેઓ ભાગીદાર બની શકે.

જે દેશોમાં લગ્નની વ્યવસ્થા કુટુંબો દ્વારા થાય છે ત્યાં લગભગ દરેક જણ વહેલું યા મોડું પરણી જાય છે. જે દેશોમાં વ્યક્તિગત પસંદગીનો નિયમ કે રીત છે ત્યાં એવું બનતું નથી. આવા દેશોમાં કેટલાક માણસો પરણતા નથી કારણ કે તેઓ તેમ કરવા ઇચ્છતા નથી, જ્યારે બીજા માણસો, જેઓ પરણવા અતિ આતુર હોય છે છતાં તેમને યોગ્ય ભાગીદાર કદી મળતો નથી. આવા લોકો જો નિરાશામાં ગરકાવ થઈ જાય છે તો તેઓ નિરુપયોગી બને છે. પોતાની સેવામાં ઈશ્વર પરિણીત તેમ જ અપરિણીત લોકોનો ઉપયોગ કરે છે એવું જો તેઓ પિછાને છે તો તેમનું જીવન ઉપયોગી અને સુખી બને છે. કાકા અને કાકી આખરે તો ખ્રિસ્તી કુટુંબમાંની અગત્યની વ્યક્તિઓ છે, અને અન્ય બાળકોને દત્તક લેવા કરતાં ભાણેજ–ભાણજીને દત્તક લેવાનું કામ વધુ સહેલું છે. મોટી ઉંમરના અપરિણીત લોકો, જેઓ યુવાનોના સેવાકાર્યમાં પોતાની સેવા અર્પણ કરવા રાજી હોય છે તેમને અલ્પ સમયમાં જ માલૂમ પડે છે કે, પોતાની પાસેનું સેવાકાર્ય પૂરું કરવા માટે પણ તેમની પાસે પૂરતો સમય નથી.

માબાપ જ્યારે લગ્ન ગોઠવે છે ત્યારે, સામાન્ય રીતે, સગપણ–સમય ઘણો ટૂંકો હોય છે. જેનું સગપણ થયેલું છે તેવા એક યુગલને હિંદમાં સગપણ–સમય દરમ્યાન, કોઈપણ સંજોગોમાં એકલાં જવા દેવામાં આવતાં નથી. અન્યત્ર વધુ આઝાદી આપવામાં આવે છે. આ રિવાજ ઘણી રીતે સારો છે, પણ આવી આઝાદી, કેટલીક વખત, સમસ્યાઓની એવી એક હારમાળ ખડી કરી દે છે જે અગાઉ હસ્તી ધરાવતી ન હતી. શારીરિક સંબંધ, અમુક મર્યાદિત પ્રમાણમાં, કુદરતી છે; હસ્તી ધરાવતા સ્નેહનું એ એક પ્રતીક છે જે વડે પ્રેમમાં અભિવૃદ્ધિ થઈ શકે; પણ આવી આઝાદીની મર્યાદા કેટલી?

ખ્રિસ્તી મંડળી બહારના લોકો આજે એવું મંતવ્ય ધરાવે છે કે, યુવાનોને સારા પ્રમાણમાં શારીરિક છૂટછાટ આપવી જોઈએ. લગ્ન

બાબત માર્ગદર્શન આપવાના કાર્યમાં રોકાયેલા માણસોનો અભિપ્રાય ઉપરોક્ત મંતવ્યથી તદ્દન ઊલટો છે. અન્ય કોઈપણ બાબત કરતાં સિવાય શારીરિક ઉશ્કેરાટ ઉપર જ જ્યારે ભાર મૂકવામાં આવે છે ત્યારે જેઓ આવા મોજશોખ ભોગવતા હોય છે તેમને પાછળથી સ્થિર પરિણિત જીવનના નિયમસરખા શિસ્તનું પાલન કરવું અત્યંત કઠિન થઈ પડે છે.

વધતા પ્રમાણમાં આઝાદી આપવામાં આવે છે તેવા કિસ્સાઓમાં, દીર્ઘ–કાળી સગપણ–સંબંધ, બન્ને પક્ષો માટે ભારે બોજારૂપ બને છે, પણ એક પક્ષ બીજાને મદદ કરી શકે. પ્રત્યેક પક્ષ એવો નિશ્ચય કરે કે, અફસોસ અને દોષની લાગણીઓ જેથી ઉપસ્થિત થાય એવું કાંઇ પણ બનવું જોઈએ નહિ તો ઘણી ઘણી મુશ્કેલીઓ દૂર રાખી શકાશે. એક અતિ વ્યવહારિક શિખામણ આપી શકાય—"જ્યારે હાસ્ય બંધ પડે છે ત્યારે ત્યાં છે જોખમી મુદ્દો."

શારીરિક ઉશ્કેરાટથી તદ્દન વિભિન્ન એવા કાર્યપ્રદેશમાં સગપણ સમયનું સાચું મૂલ્ય રહેલું છે. આ સમય દરમ્યાન ભાવિ પતિ અને પત્નીને તેમના સહજીવનને સ્પર્શતી ઘણી ઘણી બાબતો વિષે વાતચીત કરવાની તક પૂરી પાડે છે–નાણાં અને મિલકત વિષે, મિલકતમાંની ભાગીદારી વિષે, પ્રત્યેકના વિચારો કેવા છે, આગામિક બાળકો વિષે પ્રત્યેક કેવી આશા સેવે છે, અને બાળકોને કેવા માર્ગે ઉછેરવા તે સંબંધી પ્રત્યેકના વિચારો કેવા છે. ઇશ્વરની સમક્ષતામાં જો આ બધી બાબતો નિખાલસપણે ચર્ચવામાં આવે તો સગપણનો સમય ખૂબ જ મૂલ્યવાન બની રહેશે.

લગ્નનો અર્થ માત્ર બે વ્યક્તિઓનું જોડાણ નથી, પણ બે કુટુંબોનું એકીકરણ છે એ વિષે આપણે અગાઉ ચર્ચા કરી છે. ઘણા દેશોમાં લગ્નની ગોઠવણ કરતી વખતે દૌલતની અદલાબદલીની વાત પણ ચર્ચવામાં આવે છે, અને તેથી ઘણી મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે.

દેશ દેશના રીતરિવાજોમાં ઘણા ફેરફારો હોય છે. દક્ષિણ હિંદમાં કન્યાદાન વખતે પહેરામણી કે પલ્લું આપવાનો રિવાજ હતો. આફ્રિકામાં તેથી ઊલટો જ રિવાજ છે. કન્યા મેળવવા વરને સારી એવી રકમ આપવી પડે છે. પોતાનાં લગ્નોની વ્યવસ્થામાં નાણાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તે ભૂલી જઈને પાશ્ચિમાત્ય લોકો ઉપરોક્ત પ્રથાઓને પૂરેપૂરી અખ્રિસ્તી ગણવાનું વલણ અખત્યાર કરે છે. અન્ય લોકોના રીતરિવાજોને દોષપૂર્ણ ઠરાવવાના કાર્યમાં મંદગતિ એ હંમેશાં ડહાપણ–ભર્યો માર્ગ છે, અને આવા રીતરિવાજો બદલવાની કોશિશ કર્યા અગાઉ આપણે એ શોધી કાઢવું જોઈએ કે, આ રીતરિવાજોમાં કાંઈ મૂલ્ય સમાયેલું છે કે કેમ?

લગ્નોને સ્થિર રાખવાના કાર્યમાં કન્યા–મૂલ્યે આફ્રિકામાં સારી મદદ આપી છે. જો એક પત્ની તેના પતિને તજી દે, અને પોતાના કુટુંબમાં પાછી ફરે તો કુટુંબે લીધેલું કન્યા-મૂલ્ય પાછું ભરી આપવું પડે. તેથી કન્યા તેના પતિ સાથે રહે તે સારૂ, સ્વાભાવિક રીતે, કન્યાનું કુટુંબ પોતાથી બનતું તમામ કરી છૂટવા હંમેશાં તત્પર રહેતું. નાણાકીય કડીઓ કરતાં અન્ય વધુ સારી ચીજો પણ સંબંધ–સાંકળમાં હોય છે. એક આફ્રિકન દાદીએ આ પુસ્તિકાના લેખકોમાંથી એકને એક વખત કહ્યું, "જ્યારે મારા પિતાએ મારા માટે કન્યા-મૂલ્ય સ્વીકારવા ના પાડી ત્યારે હું ઘણી બેચેન બની, એમ ધારીને કે મારા પિતાની નજરે મારી કિંમત એટલી બધી અલ્પ હતી કે કાંઈ પણ સ્વીકાર્યા સિવાય તે મારૂં કન્યાદાન કરવા રાજી હતા. પણ જ્યારે મારા પિતાએ મને સમજાવ્યું કે મારૂં મૂલ્ય નાણાંથી થઈ શકતું નથી અને મારા બદલામાં નાણાં સ્વીકારવા તે ખુશી ન હતા, કારણ કે મારા પિતાની નજરે હું અતિ મૂલ્યવાન હતી. આ સમજથી મને દિલાસો પ્રાપ્ત થયો.

લગ્ન થાય છે ત્યારે વર અને કન્યાનાં કુંટુબીજનો તેમ જ તેમનાં મિત્રો તેમની સાથે આનંદ મનાવવા ઇચ્છા રાખે છે, અને પરંપરા મુજબ એક મિજબાની ગોઠવવામાં આવે છે. આવો રિવાજ તમામ દેશોમાં છે. ગાલીલના કાના ગામે લગ્નની મિજબાનીમાં ગયેલા ઈસુની યાદ ખ્રિસ્તીઓને આવશે. આ સ્મૃતિથી તેમના આનંદમાં ઉમેરો થશે કે, ઈસુ લગ્નના આનંદમાં જોડાવા અને તેમાં અભિવૃદ્ધિ કરવા રાજી હતા. પણ મિજબાનીને બે બાજુ છે, એક ખરાબ અને બીજી સારી. લગ્નના ઉત્સવમાં એક અથવા બંને કુટુંબો એટલું બધું ખર્ચ કરે છે કે, તેમને દેવું કરવું પડે છે. ખ્રિસ્તીઓએ હિંમતપૂર્વક કહેવું જોઈએ કે આવું બેફામ ખર્ચ કરવું તે અયોગ્ય છે, ખોટું છે. આનંદ પ્રગટ કરવાના અન્ય માર્ગો પણ છે. બીજાઓએ કર્યું તેવું ન કરવા માટે જોકે તેમની ટીકા કરવામાં આવશે તોપણ પ્રથમ ચીજોને પ્રથમ સ્થાન આપવા તેમણે શીખવું જ જોઈએ.

## પ્રકરણ ૬

# ખ્રિસ્તી ઘર

ખ્રિસ્તી કુટુંબ ખ્રિસ્તી ઘરમાં વસે છે, પણ આપણા પૈકી કોઈ પણ સારૂ "ઘર" એ એક સામાન્ય શબ્દ નથી; એનો અર્થ થાય છે "એક અમુક ઘર" જેમાં આપણે ઉછરીને મોટાં થયાં. સ્થળો અને ઘરો વિષે આપણું સંસ્મરણ મંદ અને ધૂંધળું હોય એ બનવાજોગ છે. આપણાં માબાપ, ભાઈબહેનો, મિત્રો અને પડોશીઓ સાથેના સગાઇ-સંબંધોની સ્મૃતિ આપણાં દિલોમાં સદૈવ તાજી જ રહે છે. ઘરના "જીવન-ધોરણ" સાથે આપણને ઝાઝી નિસબત નથી, અગત્યની બાબતો તો છે: માનવી સગાઈની સ્વાભાવિકતા અને ઉષ્મા. તવંગર ઘરના કૌટુંબિક જીવન કરતાં ગરીબ ઘરનું કૌટુંબિક જીવન વધુ સારૂં અને સુદૃઢ હોય છે. અન્ય લોકો સાથે કેવી રીતે જીવન જીવવું એ આપણે આપણા ઘરોમાં જ શીખીએ છીએ. ઘરમાંના ખ્રિસ્તી શ્રધ્ધાના પ્રત્યક્ષ પ્રતીક સંબંધી અમે આ પ્રકરણમાં ઘણું બધું કહીશું, પણ તેનો એવો અર્થ ઘટાવવાનો નથી કે, માનવ-જીવનમાં આ એક જ વિભાગ વધુ મહત્ત્વનો છે. કૌટુંબિક જીવન સમગ્ર રીતે જીવવાનું હોય છે. 'શુદ્ધ' અને 'સાંસારિક' એવા બે વિભાગોમાં માનવ જીવનને વિભાજિત કરવું જોઈએ નહિ. વસ્તુતઃ જે કાંઈ ઘરમાં બને છે તેમાં જો 'શુદ્ધ'નું સ્થાન મહત્ત્વનું ના હોય તો જીવન બિલકુલ મહત્ત્વનું બનશે નહિ.

જો માબાપ દૃઢ માન્યતા ધરાવનાર બુદ્ધિશાળી ખ્રિસ્તીઓ હશે તો તેઓ જે કાંઈ કરે છે તે ઉપર તેમના ખ્રિસ્તી દૃષ્ટિબિંદુની અસર પડ્યા વગર રહેવાની જ નથી. કોઇ મહત્ત્વનો નિર્ણય ત્યારે જ લેવામાં આવે છે જ્યારે તે બાબત, પ્રાર્થનાસહિત, ઇશ્વર સમક્ષ લઇ જવામાં આવે છે. જ્યારે આવો કોઈ નિર્ણય લેવામાં આવે છે ત્યારે ઇશ્વરની ઇચ્છા મુજબ દેખાયેલા માર્ગો દ્વારા જ તેનો અમલ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવાં ઘરોમાં અમુક બિનાઓ બનશે નહિ, તેમ જ અમુક શબ્દો સંભળાશે નહિ. બીજાઓ માટે અમંગળ વાતચીત કરવામાં આવશે નહિ. જાતીય વિષય સંબંધી બેદરકારીભરી વાતચીત કરવામાં આવશે નહિ. ‘જીવનમાં આગેકૂચ’ એ જ માનવ-જીવનમાંની સૌથી મહત્ત્વની બાબત છે એવા સૂચિત શબ્દો કોઈ ઘરમાં બોલશે નહિ. જાણે અજાણે છોકરાં એવું માનતાં શીખશે કે આ જ રીતે જીવન જીવવું જોઈએ. યુવાનીમાં જો તેમની વિચારણસરણી આ પ્રકારની હશે તો જ્યારે મોટેરાં થશે અને પોતીકાં ઘરો વસાવશે ત્યારે તેમાં ઝાઝો તફાવત પડવાનો સંભવ હશે નહિ.

કુટુંબમાંના ખ્રિસ્તી મૂળતત્વના બાહ્ય પ્રતીક વિષે વિચાર કરતાં, આપણો પ્રથમ મુદ્દો એ છે કે, ખ્રિસ્તી કુટુંબના બધા સભ્યોએ, નિયમિત રીતે એકત્ર થઈ, એક એકમ તરીકે પ્રાર્થના કરવી જોઈએ. અર્વાચીન મંડળીઓના દેશોમાં કૌટુંબિક પ્રાર્થના, ઘણું કરીને, સર્વત્ર કરવામાં આવે છે. આ પ્રથા પશ્ચિમના દેશોનાં લગભગ અદૃશ્ય બની હોય તેમ દેખાય છે–કૌટુંબિક જીવનમાં ભારે ખોટ.

આધુનિક શહેરી જીવનની વર્તમાન હાલત જોતાં, કૌટુંબિક પ્રાર્થના માટે કોઈ ખાસ મુકરર સમય ફાજલ પાડવો એ સરળ કામ નથી, પણ જો આપણને એવી પ્રતીતિ થઈ છે કે, કૌટુંબિક ભજન સિવાય ખ્રિસ્તી કુટુંબને ચાલે જ નહિ તો ગમે તેમ કરીને પણ સમય મળી રહેશે. કૌટુંબિક પ્રાર્થના ટૂંકી હોવી જોઈએ, એ જરૂરી છે કે

આવી પ્રાર્થના કોઈ ચોક્કસ પ્રકારના વ્યવસ્થિત નમૂના મુજબની હોવી જોઈએ. આવા નમૂનામાં પ્રસંગોપાત વૈવિધ્યતા લાવવી જોઈએ. વ્યક્તિગત ખાનગી પ્રાર્થના, તેમ જ વિશાળતર કૌટુંબિક (એટલે મંડળીની) ભજનસેવા, કૌટુંબિક પ્રાર્થનાનું સ્થાન લઈ શકે નહિ.

આપણામાંના કેટલાક જેઓની ઉંમર વધતી જાય છે તેઓ જ્યારે, પોતાના બચપણ તરફ નજર નાખે છે ત્યારે માબાપ સાથે પ્રભુમંદિરમાં જવાના અનેક પ્રસંગોનાં સુસ્મરણો તેમને અતિ મૂલ્યવાન લાગે છે.

પુખ્તવયે પૂગેલાં ઘણાં, જેઓ કદી પ્રભુમંદિરે જતાં નથી, એમ કહે છે કે, હાલ અમે એ આદત મૂકી દીધી છે કારણે કે, પ્રભુમંદિરનાં આગણાં બચપણમાં ખૂંદી નાખ્યાં છે. આવું કહેનાર લોકો સંબંધી તપાસ કરતાં જણાઈ આવશે કે, તેમનું આખું કુટુંબ પ્રભુમંદિરે જતું ન હતું, પણ છોકરાંઓથી છૂટવા માબાપ તેમને પ્રભુમંદિરે જવા ધકેલી દેતાં હતાં, અને છોકરાં સ્વાભાવિક રીતે, અનુમાન કરતાં હતાં કે, પ્રભુમંદિરે નહિ જવાનો ખાસ હક મોટેરાંઓને પ્રાપ્ત થયેલો છે. સમગ્ર કુટુંબે, નિયમિત રીતે, પ્રભુમંદિરમાં જવું એ અગત્યની બાબત છે, પણ તે વિષે કોઈ કડક નિયમો હોઈ શકે નહિ.

એક મૂળભૂત ખ્રિસ્તી સિદ્ધાંત એવો છે કે, આપણી પાસે જે કાંઈ છે તેને આપણે પોતાનું ગણવાનું નથી, પણ આપણે માનવું જોઈએ કે, આપણે ઈશ્વરના કારભારીઓ છીએ. માબાપનું વર્તન બાળકો જુએ છે, અને તે ઉપરથી તેઓ ઘણું શીખે છે. સારા હેતુઓ આગળ ધપાવવા, અને તેને બર લાવવા માટે સ્વનકાર કરીને પણ નાણાં આપવાં, જો માબાપ રાજી હોય છે, તો તેમનાં સંતાનો આ આદર્શને ઝડપથી ગ્રાહ્ય કરતાં શીખશે કે, જો તમે પ્રાર્થના કરતા નથી, અને રાજીખુશીથી દાન આપતા નથી તો તમે ખ્રિસ્તી બની

શકતા નથી. પોતાની આમદાની વિષે તેમ જ જે જે ઋણ તેમને ફેડવાનાં છે તે વિષે વિચાર કરીને ખ્રિસ્તીઓએ પોતાનાં નાણાંનો કેટલો હિસ્સો ઈશ્વરને આપવો જોઈએ તે વિષે નિર્ણય કરવો જોઈએ. 'દશાંશ' (કે આવકનો દસમો ભાગ) આપવાનો પ્રાચીન રિવાજ સારો છે. કેટલાક મિત્રોએ અમને કહ્યું કે, તેમનાં માબાપના નમૂનેદાર આદર્શથી જ 'દશાંશ' આપવાની બાબત વિષે તેઓ કાંઈક શિક્ષણ પામ્યા છે.

તેમની પાસે જે છે તેનો સદુપયોગ કરતાં જો આપણે બાળકોને શીખવવું હોય તો તેમની પાસે કાંઈક હોવું તો જોઈએ ને! બ્રિટનમાં, ઘણું કરીને, બાળકો પ્રથમ વખત શાળામાં દાખલ થાય છે ત્યારથી માંડીને માબાપ તેમને જૂજ નાણું, ગજવા–ખર્ચ માટે, આપે છે. અમેરિકન બાળકો, નાની ઉંમરથી જ, પોતાનાં કુટુંબીજનો કે અન્ય માણસો માટે આંટાફેરા કરીને ગજવા–ખર્ચ પૂરતાં નાણાં મેળવી લે છે. ઉભય કેસોમાં મહત્ત્વની વાત એ છે કે, આ પ્રકારનાં નાણાં તે છોકરાંઓનાં પોતાનાં જ હોય છે–કોઈ પણ પ્રકારના દબાણ વગર ઇચ્છિત રીતે વાપરવા માટે. ઈશ્વરના કામ માટે કાંઈક બાજુ પર રાખી મૂકવાની તેમની મરજી હોય તો તે સારી બાત છે, અને જો માબાપના નમૂના પરથી તેઓ આવું શિક્ષણ પામ્યાં હશે તો સંભવિત છે કે, તેઓ તેમ કરવાની ઇચ્છા રાખશે.

દુનિયાના ઘણા વિસ્તારોમાં માબાપ ગરીબ હોય છે, અને તેથી તેઓ પોતાનાં બાળકોને વાપરવા માટે કંઈ નાણું આપી શકતાં નથી. બાળક જે નાણું કમાય તે કુટુંબના નિર્વાહ અર્થે વાપરવામાં આવે છે. પરિસ્થિતિ આવી મુશ્કેલ હોવા છતાં, અન્ય લોકો માટે છોકરાં ઉદારતાથી આપવાનું શીખે એ અશક્ય બાબત નથી. એક વખત, દક્ષિણ હિંદના એક વિસ્તારમાં દુકાળ પડ્યો, અને તેથી તે વિસ્તારનાં બાળકો સાચે જ ભૂખે મરવા લાગ્યાં. આ બાળકોને દિવસમાં

એક વખત ખોરાક મળે માટે એક ફાળો શરૂ કરવામાં આવ્યો. બીજી એક મંડળીનાં બાળકો, જેમને દર બીજા દિવસે રાંધેલો ખોરાક મળતો હતો તેમણે જ્યારે આ વાત સાંભળી ત્યારે પેલાં ભૂખે મરતાં બાળકોને મદદ કરવાનો તેમણે નિર્ણય કર્યો. એક દિવસે રાંધેલા ખોરાકને બદલે તેમણે કાચો ખોરાક સ્વીકાર્યો અને તે વેચી દીધો અને ઉપજેલાં નાણાં (ચાર શિલિંગ) તેમણે પેલા ફાળામાં ભર્યાં. આ બાળકો આવી ઉદારતા કયાંથી શીખ્યાં? જોકે આ બાળકોનાં માબાપ ઘણાં ગરીબ હતાં તેમ છતાં માબાપને ઉદારતાથી આપતાં બાળકોએ જોયાં હતાં અને માબાપના ઉદાહરણની અનુકૃતિ તેમણે કરી.

બની શકે તેટલી ઉતાવળે અમુક જવાબદારી બાળકોને સોંપવી જોઈએ, અને ખાસ કરીને તેની પોતાની ચીજ-વસ્તુઓની. આ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને, જો બની શકે તો, એક ઓરડી કે ઘરનો એક ખૂણો, તેના વપરાશ માટે, બાળકને સોંપી દેવો એ ઇષ્ટ છે. જે બાળક પોતાની નાની ઓરડી કે પથારી કે પેટીની સંભાળ રાખવાનું શીખ્યું છે તે સમગ્ર ઘરની દેખભાળ લેવાની જવાબદારી ઉપાડી લેવા જલદી શક્તિમાન બનશે. સમય જતાં તેણે પાળેલાં પક્ષી કે પશુની, તેમ જ તેની સાઇકલની જવાબદારી બાળકને સોંપી શકાય.

મનોભાવનાનાં ધોરણો પણ ઘરમાં શીખાય છે, અને ત્યાં જ તન્મય થાય છે. જો ઘરમાં હંમેશાં સુવ્યવસ્થા અને સૌંદર્ય પ્રત્યક્ષ હોય છે તો આ ચીજોને પિછાણ્યા વગર બાળક તેમની કદર કરતાં શીખશે, અને આવી ચીજોની અવગણના થતી હોય તેવી પરિસ્થિતી થતાં તેને તીવ્ર વેદના થશે. જો એક વખત આવી પરંપરા કે રૂઢિ શરૂ થઈ તો મોટપણમાં, જ્યારે બાળકોને તેમનાં પોતાનાં ઘરો હશે ત્યારે પણ, તે ચાલુ જ રહેશે.

એક બીજાના શિક્ષણમાં જે ભાગ છોકરાં ભજવે છે તેનું મહત્ત્વ માબાપે સમજવું જોઈએ. છેક બચપણથી બાળક શીખે છે કે,

બધી જ બાબતોમાં તે પોતાનો કક્કો ખરો કરી શકતું નથી, અન્યને પણ તેના હક હોય છે જે પ્રત્યે તેણે સન્માન જાળવવું જોઈએ. એકમના એક સભ્ય તરીકે તેને પોતાને પણ ભાગ ભજવવાનો છે એવું તે શીખે છે. અન્યની આગેવાનીનો સ્વીકાર કરતાં, અને સમજતાં, કાંઈક આગેવાનીભર્યો ભાગ ભજવવાનું તે પોતે શીખે છે. પોતાની ઊર્મિઓ અને ઇચ્છાઓ દર્શાવવા તેણે કેટલી હદે જવું જોઈએ તે પણ તે શીખે છે. અન્ય બાળકોની હરોળમાં સારી રીતે ઊભા રહેવાની ઇચ્છા બાળકના ચારિત્ર ઉપર મોટી અસર કરે છે. શિસ્તભંગના ડર કરતાં પોતે સ્વીકારેલા આચાર-સંહિતા પ્રત્યેની નાખુશીની બીક વધુ શક્તિશાળી નીવડવાનો સંભવ છે.

ખ્રિસ્તી ઘરમાં નાનપણથી, બાળકોએ ઘરના કામકાજમાં ભાગ લેતાં શીખવું જોઈએ. ઘરનું કામ છોકરાઓ પાસેથી કરાવવામાં આવતું નથી એવું અમે બ્રિટન, હિંદ અને આફ્રિકામાં જોયું છે, અને તેથી છોકરાઓ બગડી જાય છે. છોડીઓ, તેમને હિસ્સે આવે તે કરતાં ઘરનું કામ વિશેષ કરે છે. છોકરા અને છોડી વચ્ચે આવો તફાવત રાખવો વાજબી નથી. પ્રત્યેક બાળકને, તેની શક્તિ મુજબનું કામ સોંપવું જોઇએ, અને જો આ રીતે ઘરના કામની સોંપણી કરવામાં આવશે તો બાળક પોતાની ફરજ સમજશે, અને પોતાની શારીરિક વૃદ્ધિના ચિહ્ન તરીકે તે તેનો સ્વીકાર કરશે. બાળકો, વખતોવખત, અલબત્ત બબડશે, તેમ છતાં જો તે કામ ભારે શ્રમવાળું નહિ હોય તો, તેને સોંપાયેલું ઘરનું કામ, સમગ્ર કૌટુંબિક જીવનમાં, તેનો ખરો અને જરૂરી ફાળો છે, એવું બાળક સમજતું થશે. જે કામ તેને સોંપવામાં આવ્યું છે તે કામ તેણે પોતે જ કરવાનું છે, અને અન્ય કોઈ તે કામ કરશે નહિ એવું જ્યારે તેને જણાશે ત્યારે બડબડાટ ગંભીર પ્રકારનો નહિ હોય.

છોકરાંઓને ઘરનું કામ સોંપતી વખતે માબાપે ઘણા ડહાપણ-પૂર્વક વર્તવું જોઈએ કારણ કે છોકરાં હજુયે છોકરાં જ છે, અને પુખ્ત વયે પહોંચેલાં નથી; દા. ત. પોતાના નાના ભાઈ અને બહેનની સંભાળ રાખવાના કામમાં છોકરાં માબાપને મદદ કરે એ સારું છે, પણ જ્યારે માબાપ કામ ઉપર જાય કે આનંદ-પ્રમોદ કરે ત્યારે નાનાં ભાઈ-બહેનનો હવાલો તેમને જ સોંપી દેવો એ સારું નથી. જ્યાં તીવ્ર ગરીબાઈ પ્રવર્તે છે ત્યાં, ખાસ કરીને, કાપણીની મોસમમાં, કેટલીક વાર બાપ અને મા બેઉ આખો દિવસ કામે જાય એ જરૂરી બને છે. દાદીમા જેવું કોઈ વૃધ્ધ સગું નાનાં બાળકોનો હવાલો લેવા મોજૂદ ના હોય તો આ બોજ અનિવાર્ય રીતે મોટાં બાળકો ઉપર આવી પડે છે. આ સારું નથી, પરંતુ તીવ્ર ગરીબાઈ એ સઘળી ભૂંડાઈનું મૂળ છે. અમે એવા યુવાનોને ઓળખીએ છીએ જેઓ ઉતાવળે પુખ્ત વયે પૂગી ગયેલાં અમને જણાયાં, કારણ કે, કુમળી વયે તેઓ ઉપર જવાબદારીનો ઘણો મોટો બોજ લાદવામાં આવ્યો હતો.

કુટુંબની તમામ મિલકત ઈશ્વર તરફથી મળેલી અનામત છે એવું ખ્રિસ્તી કુટુંબમાં સ્વીકારવામાં આવે છે તે વિષે આપણે અગાઉ જોઈ ગયા છીએ. આ મિલકતનો ઉપયોગ સમગ્ર કુટુંબના ભલા માટે ડહાપણપૂર્વક કરવો જોઈએ. આનો અર્થ એવો થાય છે કે, માબાપના મૃત્યુ પછી મિલકતની વહેંચણી, યોગ્ય રીતે અને ડહાપણ-પૂર્વક કરવાનો પ્રબંધ કરવાની જરૂર છે.

કેટલાક આફ્રિકન લોકો સાથે જ્યારે આ પ્રશ્ન ચર્ચાતો હતો ત્યારે મૃત્યુ વિષે વિચાર કરવા તેઓ બિલકુલ નારાજ હતા, અને મૃત્યુ માટે કેવી પૂર્વ તૈયારીઓ કે પ્રબંધો કરવા અગર તે સંબંધી ચર્ચા-વિચારણા કરવા પણ તેઓ તૈયાર ન હતા. આ રીત ખ્રિસ્તી નથી, કારણ કે ખ્રિસ્ત મૃત્યુ પર વિજયી થયા છે અને તેથી ખ્રિસ્તીઓ માટે મૃત્યુ એ ભય કે ડરનો વિષય નથી. જ્યારે કોઈ

ખ્રિસ્તી લગ્ન કરવા ઇચ્છે છે ત્યારે, અથવા તેનું લગ્ન થાય તે અગાઉ પણ, જે કામ તેણે સૌથી પ્રથમ કરવું જોઈએ તે કામ વસિયતનામું ('વિલ') કરવાનું છે. આ સાદી સીધી સમજ કેટલા બધા ખ્રિસ્તીઓ ભૂલી જાય છે, અથવા તેનો સામનો કરવાની ના પાડે છે તે આશ્ચર્યજનક બિના છે. પરિણામ કરૂણતામાં પરિણમે છે. કેટલાક દેશમાં, જ્યારે કોઇ માણસ 'વિલ' કર્યા સિવાય મૃત્યુ પામે છે ત્યારે તેની મિલકત કુટુંબના કોઈ એક સભ્યના હાથમાં આવી પડે છે અને પરિણામે તેની પત્ની અને સંતાનો નિરાધાર બને છે.

જો તેનું મૃત્યુ થાય તો તેની પત્ની અને સંતાનોને નિર્વાહ પૂરતું મળી રહેશે તેની ખાતરી, એક ખ્રિસ્તી માણસે, બની શકે ત્યાં સુધી કરવી ઘટે. પોતાની મિલકતની વહેંચણી સંતાનો વચ્ચે તે કેવી રીતે કરવા ઇચ્છા રાખે છે તેનો પણ તેણે અગાઉથી વિચાર કરવો જોઈએ. કેટલાક સમાજમાં, ખાસ કરીને ખેતી કરનાર કોમોમાં, એક દીકરાને વારસ ગણવામાં આવે છે, અને સમગ્ર કુટુંબના નિભાવાર્થે તેને જવાબદાર લેખવવામાં આવે છે. આવા કેસોમાં, ખાસ કરીને, તેને પૂરતો વારસો આપવો જોઈએ કે તે તેની જવાબદારીઓ અદા કરી શકે. આવા પ્રકારનાં ઋણબંધન જ્યાં ના હોય ત્યાં મિલકતની વહેંચણી સંતાનોમાં સરખે હિસ્સે થવી જોઈએ એ વિષે ઘણું કહેવાનું છે. દુન્યવી ચીજો વિષે આટલી બધી વાતો કરતાં આપણે છેક નીચલી કક્ષાએ ઊતરી ગયાં છીએ એમ દેખાય છે. તેના કુટુંબના કારભારમાં ઈશ્વર ભાગ લે તેવી ઇચ્છા ખ્રિસ્તી માણસ રાખશે, અને સ્વાભાવિક રીતે, તેના કુટુંબને સ્પર્શતી ભલાઈની અન્ય બાબતોની જેમ, નાણાંના ઉપયોગ માટે પણ તે ઈશ્વરનું માર્ગદર્શન શોધશે.

એકાદ બીજો શબ્દ અહીં અમે ઉમેરવા ઇચ્છા રાખીએ છીએ. આપણે એ જોઈ ગયા કે દુન્યવી ચીજોની લેવડદેવડમાં ખ્રિસ્તી કુટુંબે,

ઈશ્વર પ્રત્યેની જવાબદારીના જ્ઞાન વડે, અનોખું જણાઈ આવવું જોઈએ. તેવી જ રીતે, કુટુંબમાં થતા મૃત્યુ પ્રત્યેના પ્રત્યાઘાતો, બીજા બધા બનાવો કરતાં, તેમને સાચા ખ્રિસ્તીઓ તરીકે જાહેર કરશે, કારણ કે તમને એક આશા અને એક વિશ્વાસ છે જે અન્ય લોકો પાસે નથી. માંદગીના અને વિરહદુઃખના પ્રસંગોએ ઘણાં ખ્રિસ્તી કુટુંબોમાં દર્શાવવામાં આવતી શાંતિ, અન્ય કોઈપણ ચીજ કરતાં, ખ્રિસ્ત માટેની, કદાચ, મહામોટી સાક્ષી છે.

## પ્રકરણ ૭

# વિસ્તીર્ણ કુટુંબની દિશામાં

આ પુસ્તિકાના મોટા ભાગમાં, આપણે નાના ખ્રિસ્તી કુટુંબ—એક જ ઘરમાં સાથે વસતાં માબાપ અને બાળકોના કુટુંબ વિષે વિચાર કર્યો છે, પણ આરંભમાં અમે જણાવ્યું તેમ આ આખી વાર્તા નથી. આ સિવાય કુટુંબનાં વિશાળતર દશ્યો પણ છે, જે વિષે આપણે વિચારવું જોઈએ.

કાકા અને કાકીઓ, પિતરાઈ ભાઈઓ અને બહેનોની હસ્તી વિષે બાળકો સભાન હોય છે; અને ઘરના સામાન્ય હિતમાં તેઓ ભાગ લે તો કુટુંબમાં આવા સભ્યો હોવાનો બાળકો ગર્વ ધરાવે છે, અને રાજી થાય છે. અહીં છે રક્ત અને સગાઈનું બંધન. પણ આથી વધુ નીકટવર્તી બંધન હોય છે એવું ઘણી વાર જોવામાં આવે છે—તારનાર તરીકે ખ્રિસ્ત ઈસુમાં શ્રધ્ધા ધરાવનારાઓને એકતામાં લાવનાર મૈત્રીનું બંધન.

વિશાળ કુટુંબ વિષે જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે કુટુંબના વૃદ્ધ સભ્યોની સમસ્યા આપણી સમક્ષ ખડી થાય છે. સમગ્ર વિશ્વમાં, આગલી પેઢીઓ કરતાં, લોકો હાલમાં લાંબું જીવન જીવે છે. પોતે પોતાની સંભાળ રાખી શકે નહિ તેવા સમયે વૃદ્ધો માટે કેવી વ્યવસ્થા કરી શકાય? પશ્ચિમના દેશોમાં, જૂના જમાનામાં, માબાપ

જ્યારે વૃદ્ધ થાય, અને કામ ધંધો કરી ન શકે ત્યારે પોતાનાં બાળકો પૈકી કોઈ એકની સાથે રહે એવો શિરસ્તો હતો. આ પરિસ્થિતિ હાલ સંપૂર્ણ રીતે બદલાઇ ગઈ છે. ઘણા લોકો હાલમાં નાનાં ઘરોમાં વસવાટ કરે છે, અને આવાં મકાનોમાં વધારાના સભ્યો માટે જગા જ હોતી નથી. માત્ર પશ્ચિમમાં જ આવા ફેરફારો થવા પામ્યા છે એવું નથી. પુરાણા ચિંતારહિત દિવસોમાં, જ્યારે એક સમગ્ર જાતિ કે ટોળી, વધતા-ઓછા પ્રમાણમાં સહ-જીવન જીવતી હતી, ત્યારે વૃદ્ધોના વસવાટ માટે હંમેશાં જગા મળી રહેતી, અને કોઈક તેમની સંભાળ રાખતું હતું. હાલ એવું બને છે કે કુટુંબની એક દીકરી શહેરમાં વસતા એક યુવાન સરકારી કર્મચારી સાથે લગ્ન કરે છે જે એક નાના મકાનમાં વસે છે, જ્યાં પિતા કે માતાના વસવાટ માટે જગા હોતી નથી. આધુનિક વિશ્વમાં ઘણા લોકો એકલા જ રહે છે. આવું જીવન જીવવું જેઓને ગમે છે તેઓની સંખ્યા ઓછી છે. ઘણા લોકો એવા છે જેમને માટે અન્ય સ્થાન નથી અને તેમની સાર-સંભાળ રાખે તેવું કોઈ નથી.

આવી સમસ્યાનો ખ્રિસ્તી પ્રત્યુત્તર કેવો છે? આ સમસ્યાનો ઉકેલ પૂરી રીતે શોધી કાઢવામાં આવ્યો છે તેવો ઢોંગ કરી શકાય નહિ. ખ્રિસ્તી માબાપનાં સંતાનો પોતાનાં વૃદ્ધ માતા-પિતાની કાળજી, બની શકે તે રીતે, લેવા ઇચ્છા રાખતાં હશે એવો અમારો અભિપ્રાય છે. અલબત્ત, જ્યારે શારીરિક મુશ્કેલીઓ ઉપર જીત મળે છે તોપણ, શ્રમ કે ભારની અનેક શક્યતાઓ આવી વ્યવસ્થામાં રહેલી હોય છે. કેટલીક વખત કુટુંબમાં દાદા-દાદીઓ પરિસ્થિતિ ઉપર પ્રભુત્વ ધરાવે છે; તેઓ બધું જ જાણે છે; બાળકોના ઉછેર બાબત તેમનાં દૃષ્ટિબિંદુઓ જ છે, અને કોઈ પણ સંજોગોમાં તે જ અપનાવવાં જોઈએ એવો આગ્રહ તેઓ રાખે છે. અન્ય કેસોમાં વૃદ્ધ માતા-પિતા જાણે કે ઘરના એક ખૂણામાં સંકોચાઈને બેસી રહે છે,

કૌટુંબિક જીવનમાં ઓછામાં ઓછો ભાગ લે છે કારણ કે, તેમને એમ લાગે છે કે, કુટુંબને તેમની જરૂરિયાત નથી. તેમ છતાં, અમે એવાં કુટુંબો પણ જોયાં છે કે જ્યાં આવી મુશ્કેલીઓ પર જીત મેળવાઈ છે. તમામ સમસ્યાઓ પ્રમાણિકપણે અને પ્રેમના આત્મા વડે ચર્ચવાનું કાર્ય સામાન્ય વિશ્વાસ શક્ય બનાવે છે. તકરાર વગર અને આનંદથી સહજીવન જીવવાનો માર્ગ શોધી કાઢવાનું શકય બને છે.

પરોણાચાકરી કે આતિથ્ય વિષે ઘણું લખવામાં આવ્યું છે, અને પ્રારંભિક ખ્રિસ્તી લેખકોએ લખ્યું છે કે, આ સદ્ગુણ ખ્રિસ્તીઓએ સર્વત્ર અપનાવવો જોઇએ. ખ્રિસ્તી ઘર એવું હોવું જોઇએ કે જ્યાં તમામ પ્રકારના મુલાકાતીઓનો સત્કાર કરવામાં આવે. મુલાકાતીઓને એવું લાગવું જોઈએ કે તે ઘર તેમનું પોતાનું જ છે. મુલાકાતી ખ્રિસ્તી હોય કે ના હોય તોપણ તેને એવું લાગવું જોઈએ કે એક મુલાકાતી તરીકે તેનો આવકાર આનંદસહિત કરવામાં આવે છે, તેના મનમાં એવી લાગણી થવી જોઈએ નહિ કે તે કોઇ "અન્ય પ્રકારનો" મુલાકાતી છે.

જો ઘરનું મુખ્ય ઝરણ શ્રદ્ધા છે તો તે હકીકતને કોઈ જાહેરાતની જરૂર નથી. થોડા સમય અગાઉ, એક ખ્રિસ્તી ઘરની દીકરી સાથે એક બહેનપણીને રજા ભોગવવા પોતાને ઘેર તેડી લાવી. મુલાકાતે આવેલી બહેનને જણાયું કે તેના મિત્રના ઘરમાં તે છૂટથી વાતચીત કરી શકે છે અને દબાણ કે ડરથી તે વિમુક્ત છે. આ મુલાકાતનું પરિણામ એ આવ્યું કે, ખ્રિસ્તમાં શ્રદ્ધા રાખવાનું માર્ગદર્શન તેને પ્રાપ્ત થયું, અને પરમેશ્વરને વીસરી ગયેલાં પોતાનાં માબાપની સાન ઠેકાણે લાવવા તે સાધનરૂપ બની. જ્યારે મુલાકાતીઓ કહે છે કે, અમુક ઘરમાં રહેવાનું તેમને ગમે છે કારણ કે ત્યાં માનસિક અને આત્મિક શાંતિ અને આરામ તેમને પ્રાપ્ત થાય છે, ત્યારે ખ્રિસ્તી આતિથ્યનો મોટો બદલો મળે છે.

જો આપણે ગરીબ છીએ, અને આતિથ્ય માટેનાં અતિ અલ્પ સાધનો ધરાવીએ છીએ તો આપણે શું કરવું ? જવાબ આ છે કે તેથી કાંઈ ફેર પડવાનો નથી. આતિથ્ય છે સ્વાગત કરતા ખ્રિસ્તી આત્માનો અભિનય; અને વાપરવામાં આવેલી કે આપવામાં આવેલી રકમની વધ કે ઘટ ઉપર તેના મૂલ્યાંકનનો આધાર હોતો નથી. ભારતમાંના ગરીબ લોકોએ અને આફ્રિકન ખ્રિસ્તી સમૂહોએ જે રીતે અમારૂં આતિથ્ય કર્યું છે તે જોઈને અમને આશ્ચર્ય લાગ્યું છે. અમે વારંવાર આનંદસહિત નોંધ લીધી છે કે પાળકગૃહે આવનાર તમામને ખ્રિસ્તી ધર્મસેવકોની પત્નીઓ તરફથી ઉષ્માભર્યો આવકાર મળે છે, અને મુલાકાતીઓ સમક્ષ કાંઈ ને કાંઈ ખાવાનું, લગભગ હંમેશાં મૂકવામાં આવે છે. આ ક્યાંથી આવે છે તે શોધવુ પણ ઘણું મુશ્કેલ થઈ પડે છે.

એક ખરા ખ્રિસ્તી ઘરમાં જાતિ કે વર્ગ કે સંસ્કારનાં અંતરાયો હોતા નથી. જો આવા અંતરાયો હોય તો તે ઉપર જીત મેળવાશે જ. આવી બાબતોમાં માબાપ પાસેથી જે કાંઈ બાળકો શીખ્યાં છે તેની ભારે અસર તેમના ભવિષ્યના સમગ્ર ચારિત્ર પર પડવાની જ.

ઉપરોક્ત અંતરાયો હોવા જ ન જોઇએ એમ કહેવું સહેલું છે, પણ તેવી પરિસ્થિતિ પેદા કરવાનું કાર્ય મુશ્કેલ છે. વિભિન્ન સંસ્કૃતિમાં ઉછરેલાં અન્ય જાતિનાં બાળકોને આપણાં બાળકો સાથે છૂટથી રમવા સારૂ, આપણાં ઘરોમાં દાખલ થવા દેવાં જોઈએ ? આપણે માનીએ છીએ કે, આવી બીક અને ચિંતા ઉપર ખ્રિસ્તમાંની આપણી શ્રદ્ધા દ્વારા જીત મેળવી શકાય છે. ઘણાં સ્થળોએ,જ્યાં યુરોપિયન અને અમેરિકન બાળકો સાથે રમવા શ્વેતરંગી બાળકો હોતાં નથી ત્યાં તેઓ અન્ય જાતિનાં વિભિન્નરંગી બાળકો સાથે રમે છે, અને ઘણો આનંદપ્રમોદ મેળવે છે. આ વિષે જાગૃત રહેવાની જરૂર છે. શ્વેતરંગી બાળકોને ઘણી વધુ પડતી આઝાદીની તાલીમ

મજેલી હોય છે, અને તેથી બાળકોના આવા સંમિશ્ર સમૂહમાં તેઓ નાના શેઠો કે ઉપરીઓ બનવાનું વલણ ધરાવે છે. તેઓ માટે આવું વલણ સારૂં નથી, પણ આવા બહુમતી કેસોમાં પરિણામ નિઃશંક હોય છે; પરસ્પરનો સ્નેહ અને સાચી ફળસિદ્ધિ.

એક ઘર પોતા પૂરતું જ ખ્રિસ્તી ઘર હોય એ શું યોગ્ય છે? અન્યને સ્પર્શવા તેણે કાંઈ કરવું ન જોઈએ? એક વખત માતૃ-સંઘના (મધર્સ યુનિયનના) આફ્રિકન સભ્યોએ ટીકા કરી "બાળકોને સારા ઘરમાં ઉછેરવા વિષેની વાતચીત કરવામાં અમે ઘણો લાંબો સમય ગાળ્યો છે, પણ નરસા ઘરનાં બાળકોની બાબતમાં શું કરવું જોઈએ?" કેટલાક સભ્યોએ વિચાર કર્યો કે નરસા ઘરનાં બાળકોને સારાં ખ્રિસ્તી ઘરોમાં દાખલ કરવાં જોઈએ એ માટે કે તેમનાં બાળકો સાથે રમવાના અનુભવ ઉપરથી એક સારા અને પ્રેમાળ ઘરમાં રહેવામાં શો તફાવત છે એ તેઓ શીખે. કેટલાક સભ્યો ચિંતાતુર હતા. સારૂં વાતાવરણ નરસા વાતાવરણવાળાઓ પર સારી અસર કરે એ શું ખાતરીપૂર્વકની વાત હતી? શું એ વિશેષ સંભવિત ન હતું કે, ખરાબ સોબતીઓ ખ્રિસ્તી બાળકોને બગાડવામાં ફતેહમંદ નીવડે? સામાન્ય અભિપ્રાય એવો હતો કે, તેમ બનશે નહિ.

આવો પ્રયોગ જ્યાં અજમાવવામાં આવ્યો હતો, અને તે સફળ પુરવાર થયો હતો, તેવા એક આફ્રિકન ઘરની વાત અમને યાદ આવે છે. આ કુટુંબનો પિતા એક બાળ સંરક્ષણ ગૃહનો ગૃહપતિ હતો જ્યાં મુશ્કેલીમાં આવી પડેલા છોકરાઓને દેખરેખ અને કાબૂ હેઠળ રાખવામાં આવતા હતા. ગૃહમાંના છોકરાઓને આ અમલદારના ઘરમાં જવા આવવાની અને તેનાં બાળકો સાથે રમવાની છૂટ હતી. આવા છોકરાઓના સંસર્ગથી પોતાનાં બાળકો બગડે તેવા જોખમથી તે સજાગ હતો, પણ તે માનતો હતો કે ધાર્યા કરતાં અવળી અસર પડવાનો વિશેષ સંભવ હતો. ગંભીર મુશ્કેલીઓમાં આવી પડેલા છોકરા

અને છોડીઓ ભંગિત અને દુઃખી ઘરનાં સંતાનો હોય એ સંભવિત છે. આવા છોકરા–છોડીઓને સાથે રાખવા સારૂ એક ખરા ખ્રિસ્તી ઘર સિવાય અન્ય બહેતર સ્થાન કયું છે? ખ્રિસ્તી કૌટુંબિક એકમ, જેમાંથી વિશાળતર કૌટુંબિક જીવન, મંડળી, બંધાય છે, તેની અગત્ય વિષે, મંડળી માટે મુશ્કેલીભર્યા આ દિવસોમાં, આપણે નવા પાઠ શીખીએ છીએ.

ખ્રિસ્તી ગૃહ તહેવાર ('ક્રિશ્ચિયન હોમ ફેસ્ટીવલ') હિંદી મંડળીઓમાં ઉજવાય છે. ખ્રિસ્તી કુટુંબો રાત્રે પ્રભુમંદિરે જાય છે, અને જ્યાં સુધી તૈયારીઓ પૂર્ણ થઈ રહે નહિ ત્યાં સુધી તેઓ, કૌટુંબિક સમૂહોમાં, અંધારામાં બેસી રહે છે. પછી એક બત્તી વેદી ઉપર સળગાવવામાં આવે છે–જગત જ્યોતિ ખ્રિસ્તના ચિત્રનું પ્રતીક. જે પ્રકાશ તેણે આપ્યો છે તે માટે બધા ખ્રિસ્તીઓ, સાથે મળીને પરમેશ્વરની સ્તુતિ કરે છે, અને પોતાનાં ઘરો માટે તેમજ મંડળીઓ સારૂ તેઓ પ્રાર્થના કરે છે. ભજનસેવા પૂરી થાય છે ત્યારે કુટુંબનો વડો વેદી ઉપરના ખ્રિસ્તના પ્રકાશ વડે પોતાની નાની બત્તી સળગાવે છે, અને ત્યાર પછી તમામ ખ્રિસ્તીઓ ગાતાં ગાતાં, સરઘસરૂપે, પ્રથમ ખ્રિસ્તી ઘેર જાય છે. તે ઘરનો વડો ઘરમાં પ્રથમ દાખલ થાય છે, અને મંદિરમાંના પ્રકાશથી સળગાવેલા દિવા વડે, ઉતાવળથી, પોતાના આખા ઘરમાંની બત્તીઓ સળગાવે છે. પછી બધાં, સાથે મળીને, તે ઘર માટે પ્રાર્થના કરે છે. ત્યાર પછી પ્રકાશિત બનેલા ઘરને છોડીને બાકીના લોકો બીજા ખ્રિસ્તી ઘરે જાય છે; અને અંધકારથી છવાયેલા આખા ગામનાં ખ્રિસ્તી ઘરો પ્રકાશથી ઝળહળે ત્યાં સુધી તેઓ ઘેર ઘેર ફરે છે.

નવા કરારમાં, મંડળી માટે વપરાયેલાં પ્રારંભિક ઉપવાક્યોમાંનું એક ઉપવાક્ય છેઃ "તારા ઘરમાંની મંડળી." પશ્ચિમનાં તમામ મોટાં શહેરોમાંના કામદારોનો બહુ મોટો ભાગ દેવળની નજીક પણ કદી

આવતા નથી અને જે આવે છે તેઓને એમ લાગતું નથી કે તેઓ પોતાને ઘેર આવ્યા છે. ખ્રિસ્તી ઘરોને ભજન કેન્દ્રો બનાવવાના પ્રયોગો અજમાવવામાં આવે છે. સાદી, સરળ ભક્તિસભાઓ ખ્રિસ્તી ઘરોમાં ભરી શકાય. ખ્રિસ્ત વિષે અને પિતાના પ્રેમ વિષેનાં વ્યાખ્યાનો સાંભળવા સારૂ મિત્રોને અને પડોશીઓને આમંત્રણ આપી શકાય. રસોડાની મેજનો ઉપયોગ માત્ર કૌટુંબિક ભોજન માટે જ થાય છે એમ નથી, પણ ખ્રિસ્તી આરાધનાના એક સૌથી ગંભીર કૃત્ય, ખ્રિસ્તી કૌટુંબિક ભોજન એટલે પવિત્ર પ્રભુભોજન, માટે આ મેજનો ઉપયોગ ઘણી વાર કરવામાં આવે છે.

જે મહાન વિષય વિષે આપણે છેલ્લે વિચાર કરવો જોઈએ તે વિષે કડીરૂપ જોડાણ અહીં આપણને મળે છે—પ્રત્યેક કુટુંબ અને વિશ્વવ્યાપી ખ્રિસ્તી કુટુંબ, મંડળી વચ્ચેનો સંબંધ.

કુટુંબ એ એક એકમ છે. વિશાળતર કુટુંબ મધ્યે ભજન કરતા આવા એક એકમને કેવી રીતે મદદરૂપ થઈ શકાય? પશ્ચિમના દેશોમાં અગાઉ એવો સર્વસામાન્ય રિવાજ હતો કે સમગ્ર કુટુંબ દેવળમાં આવે અને સાથે સાથે બેસે. હાલ આ રિવાજ લગભગ અદૃશ્ય બન્યો છે. આ રિવાજને પુનઃસ્થાપિત કરવાનો કોઈ માર્ગ છે?

અમુક ફેરફારો થતા હોય તેમ દેખાય છે. આજે ઇંગ્લાંડમાં બહુ જ થોડાં કુટુંબો, સંતાનોની સાથે, રવિવારે સવારે મુખ્ય ભજન-સેવામાં ભાગ લેવા આવે છે. પણ જો દિવસના પ્રથમ પહોરમાં બાળકો માટે અલગ ભજનસેવાની વ્યવસ્થા કરવામાં આવી હોય છે તો આવી સભાઓમાં ઘણી સારી હાજરી જોવામાં આવી છે; માત્ર બાળકો જ નહિ પણ તેમનાં માબાપો પણ હાજર થાય છે. આવી સભાઓમાં અપાતું શિક્ષણ મોટેરાં માટે જોકે અપૂરતું હોય છે

તોપણ બાળકોની અને તેમનાં માબાપોની હાજરી અતિ મૂલ્યવાન છે. આ ક્ષેત્રે વિભિન્ન અને હિંમતભર્યા પ્રયોગો મંડળીઓએ અજમાવવા જોઈએ. ખ્રિસ્તી આરાધના ખાસ કરીને કૌટુંબિક આરાધના છે—જેમાંની સૌથી પવિત્ર ક્રિયા છે ખ્રિસ્તીઓનું કૌટુંબિક ભોજન.

એક સરકારી માન્ય શાળાની વાત અમે જાણીએ છીએ. પાંચથી પંદર વર્ષની વયના છોકરાઓને આ શાળામાં ચારિત્ર સુધારણા માટે અદાલતો તરફથી મોકલવામાં આવે છે. રિવાજ મુજબ આ શાળાના છોકરાઓ દર રવિવારે, અન્ય ભજનિકો કરતાં અલગ, મંદિરની ગેલેરીમાં બેસીને ભજન કરતા. આ સમસ્યા વિષે શાળાના હેડ માસ્તરે મંડળીની સમિતિ સાથે ચર્ચા—વિચારણા ચલાવી, અને સમિતિના સભ્યોને સમજાવ્યું કે, મંડળીની હદમાં વસતા આ છોકરાઓ માટે પણ તેઓ અમુક રીતે, જવાબદાર છે. પછી એવું ઠરાવવામાં આવ્યું કે, મંડળીનાં જુદાં જુદાં કુટુંબોએ અમુક અમુક છોકરાઓને મંદિરમાં તેમની સાથે બેસવા માટે આમંત્રણ આપવાં. આ પ્રયોગ ખૂબ સફળ થયો છે. નિમંત્રિત છોકરાઓ લગભગ કુટુંબોના સભ્યો બની ગયા છે. ભજનસેવાના સમય સિવાય અન્ય પ્રસંગોએ પોતાને ઘેર આવવા કુટુંબો આવા છોકરાઓને આમંત્રણ આપે છે. આથી છોકરાઓનું સમગ્ર વલણ બદલાઈ ગયું છે. હવે પ્રભુમંદિર તેમને પોતાના ઘર જેવું લાગે છે. મંદિરમાંની તેમની હાજરી અન્ય ભજનિકોની દૃષ્ટિએ આવકારપાત્ર છે એવું તેમને લાગે છે.

દરેક ભજનિક સમૂહે અજાણ્યાઓને પોતાની સંગતમાં લાવવા ઉત્સુક—હોવું જોઈએ. એક આફ્રિકન વિદ્યાર્થીને પૂછવામાં આવે કે, ઈંગ્લાંડ તમને ગમ્યું કે? ત્યાંની મંડળીઓ તમને કેવી લાગી? વર્તમાન પરિસ્થિતિમાં આવો જવાબ મળે એ સંભવિત છે: " હું એક વખત

પ્રભુમંદિરે ગયો હતો, પણ મારી સાથે કોઈએ વાત સરખી પણ કરી નહિ, તેથી હું ફરીથી ગયો નથી."

મંડળી, એક વિશ્વવ્યાપી કુટુંબ છે. અગાઉ કરતાં, હાલ, લોકો પોતાના વતનથી દૂર દૂર વસે છે. એશિયા અને આફ્રિકાના હજારો વિદ્યાર્થીઓ હાલ પશ્ચિમના દેશોની વિદ્યાપીઠોમાં અભ્યાસ કરે છે, અને તેમાંના ઘણા ખ્રિસ્તીઓ છે. અગાઉ કરતાં વધુ મોટી સંખ્યામાં યુરોપિયન અને અમેરિકન લોકો હાલ એશિયા અને આફ્રિકામાં વસે છે. વિશ્વવ્યાપી મંડળીના જીવનમાં ભાગ લેવા માટે ખ્રિસ્તી કુટુંબને માટે આ રહી એક તક. પૂર્વોક્ત અજાણ્યા લોકમાંના ઘણા એકલા—અટૂલા હોય છે; સંગત માટે તેઓ ઝંખતા હોય છે. જ્યારે અજાણ્યાઓનો આવકાર કરવામાં આવે છે, તેમના પ્રત્યે સ્નેહ દર્શાવવામાં આવે છે, અને એક મોટી આધુનિક મંડળીના આગેવાને કહ્યું તેમ, તેમનો આવકાર 'નમૂનાઓ' તરીકે નહિ, પણ 'પ્રતિનિધિઓ' તરીકે કરવામાં આવશે ત્યારે જ તેઓને એવું લાગશે કે, તેઓ કોઈ અપરિચિત સ્થળે નહિ પણ જાણે કે પોતાના વતનમાં—પોતાના ઘરમાં જ વસે છે.

મંડળી એ ખ્રિસ્તનું શરીર છે એ બાબત ઉપર વર્તમાન સમયમાં ઘણી ચર્ચા વિચારણા કરવામાં આવે છે, પણ મંડળી શું છે એ સમજવા સારૂ કદાચ, આ સર્વ શ્રેષ્ઠ માર્ગ નથી. મંડળી, પરમેશ્વરનાં બાળકોનું કુટુંબ છે એ સૈદ્ધાંતિક દૃષ્ટિએ જો આપણે વિચારીએ તો, પરમેશ્વર પોતે મંડળી વિષે શું ધારે છે એ વિષે આપણે, કદાચ વધુ શીખવું જોઈએ.

કારણ કે સમગ્ર બાબતનું હાર્દ આ જ છે. ખ્રિસ્તી કુટુંબ તો ઈશ્વર તરફથી માણસોને આપવામાં આવેલી એક બક્ષિસ છે, જે દ્વારા તેઓ, તેનાં પ્રિય સંતાનો, જીવનની સંપૂર્ણતામાં વૃદ્ધિ પામી

શકે છે. જ્યાં સુધી સ્વર્ગીય પિતા પરમેશ્વર વિષે, અને તેના તરફથી બક્ષિસરૂપે મળેલા પૃથ્વી પરના તેમના ભાઈઓ વિષે, તેમને જ્ઞાન પ્રાપ્ત ના થાય ત્યાં સુધી, પૂર્વોક્ત વૃદ્ધિમાં પ્રગતિ થઈ શકતી નથી. આપણા વડિલ બંધુ અને ઉદ્ધારક ખ્રિસ્ત દ્વારા અને તેના આત્મા વડે જ જીવનની સંપૂર્ણતા પ્રાપ્ત થઈ છે, જો એક કુટુંબનું જીવન સ્વયંપ્રકટ પરમેશ્વરમાં, કેન્દ્રિત થયેલું છે, અને જો આ કુટુંબ પરમેશ્વર વિષે દરરોજ થોડું વધતું શીખે છે, તો તેવા કુટુંબને સાચે જ ખ્રિસ્તી કુટુંબ કહી શકાય.

૧૫–૮–૧૯૭૦

9BGK2

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧